RNI No. GUJGU/2022/82047

TUESDAY
04 ● 03 ● 2025

# સુરત ધ્વનિ

સાપ્તાહિક

SURAT DHVANI (WEEKLY) NEWS PAPER
Email : suratdhvani@gmail.com

તંત્રી : મેહુલ સોલંકી

સહતંત્રી : ઉત્તમ બિરહાડે


વર્ષ:૩ । અંક:૫૧ ● માલિક મુદ્રક પ્રકાશક : મેહુલ અશોકભાઈ સોલંકી ● વિક્રમ સંવત :૨૦૭૯ શુકલ પક્ષ પંચમી , મંગળવાર, ૦૪ માર્ચ -૨૦૨૫,પાના-૮, કિંમત-રૂ.૨, મો:૯૮૭૯૨-૯૨૯૭૭

Year:3. Issue-51 ● Owner, Publisher, Printer & Editor- MEHUL ASHOKBHAI SOLANKI ● Date : TUESDAY 04 MARCH-2025, Page-8, Rs. 2.00, RNI No. GUJGU/2022/82047

### સાસણ ખાતે ૫૦થી વધુ વન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજતા વડાપ્રધાન

# વડાપ્રધાનને નિહાળવા સાસણ-તાલાલા ગીર પંથકની જનમેદની ઉમટી પડી

### દેશભરમાંથી પધારેલા વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રોજેક્ટ લાયન અંગે ગહન ચર્ચા



જુનાગઢ તા.૩

એશિયાટીક લાઈનના મુખ્ય ગણાતા સાસણ ગીર ખાતે ગત સાંજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સાસણ ગીર ભાલછેલ હેલીપેડ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આજે વહેલી સવારે ૬-૩૦ કલાકે ગુજરાતના પનોતા પુત્ર દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સફારી પાર્કમાં એશીયાન્ટીક સિંહોના દર્શન કરી ઉગતા સૂર્યનારાયણ સાથે સિંહોને નિહાળ્યા હતા.આજે તા.૩-૩ એટલે કે વિશ્વ જીવ નેશનલ બોર્ડ ફોર વાઈડલાઈફ નિમિતે વડાપ્રધાનના અધ્યક્ષતામાં સિંહ સદન સાસણ ખાતે વન વિભાગના દેશના જુદા જુદા રાજયોમાંથી આવેલા ૫૦થી વધુ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

કેસરીસિંહએ સોરઠની શાન છે દેશમાં ડાલામથ્થા એશીયાટીક સિંહો ડાલામથ્થાઓ જંગલમાં વિહારતા હોય તેને જોવા દેશ વિદેશમાંથી સહેલાણીઓ અહીં આવે છે વડાપ્રધાનની અધ્યક્ષતામાં નેશનલ વાઈલ્ડ લાઈફની મીટીંગમાં પ્રોજેકટ લાયન અંગે ગહન ચર્ચાઓ કરવામાં આવી છે. જેમાં સિંહ સંરક્ષણ-સિંહ સંવર્ધન તેમની જાળવણી આરોગ્ય સહિતના મુદે ચર્ચાઓ કરવામાં આવી છે.ગીરના સિંહ દેશનું ગૌરવ છે.

જુનાગઢના નવાબ મહોબતખાનજીએ સિંહના શિકાર પર પ્રતિબંધ મુકયો હતો. આઝાદી બાદ હાલ સિંહની સંખ્યા ૧૫માંથી વધુને ૬૭૪ ઉપરના આંક ઉપર પહોંચી છે.ગીર અભ્યારણ્યની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી. ગીર જંગલ ઉપરાંત અભ્યારણ્યનો વિસ્તાર ૧૪૧૨ ચો.કીલોમીટરમાં પથરાયેલો છે. ગુજરાતના ૯ જીલ્લાઓ ૫૩ તાલુકાઓ એટલે કે બરડાથી બોટાદ સુધીનો ૩૦ હજાર ચો.કી.મી.નો વિસ્તાર છે.વાઈલ્ડલાઈપ પ્રોટેકશન ટાસ્કફોર્સ ડિવિઝનની જુનાગઢમાં સ્થાપના કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મેદીના ડ્રીમ પ્રોજેકટની જાહેરાત કરી હતી તે માટે ૨૯૨૭ કરોડ મંજુર કરાયા છે. બેઠક પૂર્ણ કરી મોદી હેલીકોપ્ટર દ્વારા ૧૧-૧૫ કલાકે રાજકોટ એરપોર્ટ કાતે જવા રવાના થઈ ગયા હતા.મોદીના આગમન સમયે ગીર સાસણ તાલાલા ગીર પંથકના લોકોએ મોદી મોદીના નારા લગાવ્યા હતા જે ગીર કંદરાઓ જંગલ મોદીના નામથી ગુંજી ઉઠયું હતું. ચકલું પણ ન ફરતે તેવી કિલ્લાબંધી કરવામાં આવી હતી. કોઈ પણ પત્રકારો કે અન્ય વ્યકિતઓને ગીર સાસણ સદનમાં પ્રવેશ અપાયો ન હતો.

## અદાણી ગ્રુપે અમેરિકાની રોકાણ યોજનાને પુન : સજીવન કરી

મુંબઈ, તા. ૩

ભારતના અદાણી જૂથે અમેરિકામાં જંગી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પોતાની યોજનાઓમાં સુધારો કર્યો છે. એમ એક વિદેશી અખબારનો અહેવાલ દર્શાવે છે. અમેરિકામાં પ્રેસિડન્ટની ચૂંટણી યોજાવાની હતી ત્યારથી આ માંધાતા ગ્રુપે ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ્સ અને યુટિલીટીઝ તેમજ ઈસ્ટો કોસ્ટ પોર્ટ પરની સંભવિત યોજનાઓને પુનઃસજીવન કરી હતી એમ ગૌતમ અદાણીની નજીકના ગાઢ સૂત્રોને ટાંકતા અહેવાલમાં જણાવ્યુ હતુ.

નોંધનીય છે કે ન્યૂયોર્કમાં ફેડરલ પ્રોસિક્યુટર્સે નવેમ્બરમાં ગૌતમ અદાણી પર અદાણી ગ્રીન એનર્જી દ્વારા ઉત્પાદિત વીજળી ખરીદવા માટે તેમને લાંચ આપવાનો આરોપ મૂક્યો હતો. પરંતુ અદાણીના સૂત્રોએ જણાવ્યું હતુ કે અમે જાણીએ છીએ કે અમે શું કરવા માંગીએ છીએ, પરંતુ અમે આ (કેસ) ઉકેલાય ત્યાં સુધી રાહ જોઈશું. ઉપરાંત અદાણી ગ્રુપે કહ્યું છે કે લાંચના આરોપો "પાયાવિહોણા" છે અને તે "સંભવિત તમામ કાનૂની આશરો" લેશે. જૂથ અગાઉ સંભવિત ભાગીદારી પર યુએસ કંપનીઓ સાથે વાટાઘાટ કરી રહ્યું હતું અને ટેક્સાસમાં પેટ્રોકેમિકલ રોકાણો પર ધ્યાન આપ્યું હતું.

ટ્રમ્પની નવેમ્બરની ચૂંટણી જીત્યા પછી, ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે ગ્રુપે યુએસ ઊર્જા સુરક્ષા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ૧૦ અબજ ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી છે, જેમાં સંભવિત ૧૫,૦૦૦ નોકરીઓનું સર્જન થશે.

"એકવાર ટ્રમ્પ આવ્યા પછી, અમે કેટલીક યોજનાઓને ફરીથી સક્રિય કરી દીધી છે.

### ભાગવત-પીએમ મોદી સામે વિપક્ષના સવાલ

# રાહુલ ગાંધીને કુંભના મામલે ઘેરવા જતાં ભાજપ ખુદ ફસાયો

**ભાજપ દ્વારા પાછલા કેટલાક દિવસોમાં કુંભ મેળા તથા રામ મંદિર સહિત મુદ્દે સોશિયલ મીડિયા પોસ્ટ થઈ રહી છે**

નવી દિલ્હી, તા.૩

પ્રયાગરાજ ખાતેનો કુંભ મેળો હવે સમાપ્ત થઈ ચૂક્યો છે પરંતુ આ બાબતે રાજકીય વાગ્યુદ્ધ ચાલુ છે. ભાજપે રાહુલ, પ્રિયંકા કે સોનિયા ગાંધી પણ કુંભ મેળામાં સ્નાન માટે ગયાં નથી અને આ રીતે તેમનો હિંદુ ચહેરો સામે આવ્યો છે તેવી સોશિયલ મીડિયા પોસ્ટ મૂકી હતી. હવે વિપક્ષો એવો સવાલ કરી રહ્યા છે કે એમ તો આરએસએસના વડા મોહન ભાગવત પણ કુંભ સ્નાન માટે ક્યાં ગયા છે ? ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ પહેલાંના વર્ષોમાં કુંભ સ્નાન માટે પહોંચ્યા હોય તેવી તસવીરો કેમ નથી.

ભાજપ દ્વારા પાછલા કેટલાક દિવસોમાં કોંગ્રેસને હિંદુ વિરોધી દર્શાવવા માટે કુંભ મેળા તથા રામ મંદિર સહિતના મુદ્દે સોશિયલ મીડિયા પોસ્ટ થઈ રહી છે. ભાજપના નેતાઓ પણ જાહેરમાં આ વિશે ઉચ્ચારણો કરી રહ્યા છે. જોકે, આ નિવેદનો કરવા જતાં ભાજપવાળા માટે આવ પાણા પગ પર જેવી સ્થિતિ થઈ છે. વિપક્ષી નેતાઓ ઉપરાંત સોશિયલ મીડિયા પર અન્ય લોકો પણ ભાજપના કયા કયા નેતાઓ કુંભ સ્નાન માટે પહોંચ્યા નથી તેની યાદી ફેરવી રહ્યા છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ પોતે કુંભ સ્નાન માટે પહોંચ્યા પછી એવું નિવેદન કર્યું હતું કે ઉદ્ધવ ઠાકરે પોતાને હિંદુત્વવાદી નેતા કહેડાવે છે પરંતુ તેઓ કુંભ સ્નાન માટે આવ્યા નથી. તેઓ પોતાને હિંદુ કહેડાવતાં ડરે છે. આ નિવેદનનો જવાબ આપતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે શિંદે ભલે કુંભ સ્નાન કરી આવ્યા પરંતુ તેનાથી ૫૦ ખોખા લઈને મહારાષ્ટ્રને દગો આપવાનું પાપ ધોવાશે નહિ.

હવે સંજય રાઉતે પણ આ વિવાદમાં ઝંપલાવતાં કહ્યું છે કે શિંદેએ વાસ્તવમાં કુંભમાં સ્નાન માટે કેમ ન આવ્યા તે સવાલ ઉદ્ધવને બદલે મોહન ભાગવતને પૂછવો જોઈએ. શું તેમનામાં એવી હિંમત છે ?

## આરોપીના ઘરે દરોડા પાડવા ગયેલી પોલીસે નવજાત બાળકને કચડી નાખ્યું

અલવર, તા. ૩

રાજસ્થાનના અલવર જિલ્લામાં પોલીસ રેડ દરમ્યાન એક નવજાત શિશૂનું દર્દનાક મૃત્યુ થયું છે. પોલીસે અહીં દરોડા સાઈબર ફ્રોડના કેસમાં આરોપીને પકડવા માટે ગઈ હતી. જો કે, પરિવારનો આરોપ છે કે, આ દરમ્યાન પોલીસકર્મીની લાપરવાહીના કારણે શિશૂનું મૃત્યુ થઈ ગયું. આ ઘટના શનિવારના રોજ અલવર જિલ્લાના નૌગાંવા વિસ્તારમાં આવેલા એક ઘરમાં થઈ હતી. જે બાદ પરિવારે બે પોલીસકર્મી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

અધિક પોલીસ અધિક્ષક તેજપાલ સિંહના જણાવ્યા અનુસાર, પોલીસ ટીમ આરોપીની ધરપકડ કરવા માટે પરિવારના ઘરે પહોંચી હતી. આ સમય દરમિયાન, બાળકી અલીસ્બા તેની માતાની બાજુમાં ખાટલા પર સૂતી હતી. પરિવારનો આરોપ છે કે પોલીસે બાળકને કચડી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે બાળકીની માતાએ વાંધો ઉઠાવ્યો, ત્યારે પોલીસે કથિત રીતે તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. પરિવારનું એમ પણ કહેવું છે કે દરોડા દરમિયાન કોઈ મહિલા પોલીસ અધિકારી હાજર નહોતી. આ ઘટના બાદ, સ્થાનિક ગ્રામજનોએ રવિવારે અલવર પોલીસ અધિક્ષકના નિવાસસ્થાનની બહાર પોલીસની કથિત બેદરકારી સામે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ કરનારાઓએ આરોપી પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે પોલીસ દ્વારા આ પ્રકારનું વર્તન અસ્વીકાર્ય છે અને આ કેસમાં વહેલી તકે ન્યાય મળવો જોઈએ.

### ઘરે બોલાવી સંબંધ બનાવ્યા અને પછી વીડિયો : આરોપી

# હિમાની નરવાલના હત્યા કેસમાં એક આરોપીની ધરપકડ કરાઈ

ચંદીગઢ, તા.૩

હરિયાણામાં કોંગ્રેસ નેતા હિમાની નરવાલના હત્યા કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એવા અહેવાલો છે કે આરોપીએ ગુનો કબૂલી લીધો છે. તેમજ આરોપીએ દાવો કર્યો છે કે શારીરિક સંબંધો બાંધ્યા બાદ તેને વીડિયો દ્વારા બ્લેકમેલ કરવામાં આવતો હતો. જોકે પોલીસે આ અંગે સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. શનિવારે રોહતકમાં હિમાનીનો મૃતદેહ એક સૂટકેસમાંથી મળી આવ્યો હતો. અત્યાર સુધીની પૂછપરછમાં સચિને આ હત્યા અંગે ઘણા સનસનીખેજ દાવા કર્યા છે. તેણે પોલીસને જણાવ્યું કે, હું અને હિમાની એક વર્ષ પહેલા સોશિયલ મીડિયાના માધ્યમથી મિત્ર બન્યા હતા. આ પછી હિમાનીએ મને ઘરે બોલાવ્યો. બંનેએ સેસંબંધ બાંધ્યો, તેનો હિમાનીએ વીડિયો બનાવી લીધો અને તેના આધારે જ મને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. હિમાનીએ મારી પાસેથી લાખો રૂપિયા વસૂલ્યા તેમ છતાં વધુ પૈસાની ડિમાન્ડ કરતા કંટાળીને મેં હત્યા કરી નાખી.

બહાદુરગઢનો સચિન કનોડા ગામમાં મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવે છે. સચિન પરિણીત છે અને તેને બે બાળકો છે. એક વર્ષ પહેલા તેની હિમાની સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા થઈ હતી. આ પછી હિમાનીએ સચિનને ઘરે બોલાવ્યો. તેની સાથે સંબંધ બાંધ્યો અને તેનો વીડિયો બનાવીને સચિનને બ્લેકમેલ કરવાનું શરુ કર્યું હતું.

આરોપી સચિને કહ્યું કે, આ બ્લેકમેલિંગમાં મેં હિમાનીને ત્રણ લાખથી વધુ રૂપિયા આપ્યા હતા, પરંતુ તે વધુ પૈસાની માંગ કરી રહી હતી. આથી ૨ માર્ચે હિમાનીએ જ્યારે મને તેના ઘરે બોલાવ્યો ત્યારે તે વધુ પૈસાની માંગ કરી રહી હતી. આથી મેં તેને ઘણું સમજાવ્યું, પરંતુ હિમાની માની નહિ. આથી મેં કંટાળીને મોબાઈલના ચાર્જરના વાયર વડે તેણીનું ગળું દબાવી હત્યા તેની કરી નાખી.

આ હત્યા બાદ લાશને ઠેકાણે લગાવવા બાબતે ખુલાસો કરતા સચિને કહ્યું કે, હત્યા કર્યા બાદ હું લાશને ત્યાં જ મૂકીને બહાદુરગઢના કનોડા ગામમાં આવેલી મારી દુકાને ગયો હતો.

## શાળામાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય નહીં :કોર્ટ

નવી દિલ્હી, તા.૩

દિલ્હી હાઈકોર્ટે શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્માર્ટફોનના ઉપયોગને લઈને મોટો નિર્ણય સંભળાવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, શાળાઓમાં સ્માર્ટફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય નહીં. શાળાઓમાં સ્માર્ટફોનનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ અંગે કોર્ટે કહ્યુ કે આ ઉપકરણ વિદ્યાર્થીઓ અને પરિવારના સભ્યો વચ્ચે સંકલન જાળવવા સહિત ઘણા હેતુઓ પૂરા કરે છે, જેનાથી બાળકોની સુરક્ષા સુનિશ્ચિત થાય છે. વિશ્વના અન્ય ઘણા દેશોની શાળાઓમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં ભારત નવા રસ્તા પર આગળ વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. કોર્ટે કહ્યું કે નીતિ તરીકે વિદ્યાર્થીઓને શાળાઓમાં સ્માર્ટફોન લઈ જવાથી રોકી શકાય નહીં, પરંતુ તેના ઉપયોગ પર નજર રાખી શકાય છે. વિદ્યાર્થીઓ તેમના ફોનને શાળામાં સુરક્ષિત જગ્યાએ રાખી શકે છે અને જ્યારે તેઓ ઘરે જાય છે ત્યારે તેને પરત લઈ શકે છે. વર્ગખંડમાં શિસ્ત જાળવવા માટે, વર્ગમાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઈએ અને સામાન્ય વિસ્તારોમાં અને શાળાના વાહનોમાં સ્માર્ટફોન કેમેરા અને રેકોર્ડિંગના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઈએ.કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યું કે, શાળાઓએ તેમના વિદ્યાર્થીઓને જવાબદારી પૂર્વકના ઓનલાઈન વર્તન, ડિજિટલ રીતભાત અને ફોનના નૈતિક ઉપયોગ વિશે જાગૃત કરવા જોઈએ. આ સિવાય વિદ્યાર્થીઓને વધુ પડતો સ્ક્રીન ટાઈમ, સાયબર બુલીંગ અને બેચેની વગેરેથી બચવા માટે કાઉન્સેલિંગ આપવું જોઈએ.

### ગુજરાત ATS અને હરિયાણા STFની મોટી કાર્યવાહી

# બે શંકાસ્પદ આતંકીઓને હેન્ડ ગ્રેનેડની સાથે ઝડપી લેવાયા

### આરોપી બદલાયેલા નામથી ગામમાં રહેતો હતો : ધરપકડ કરાયેલ આરોપી ઉત્તર પ્રદેશના અયોધ્યાનો રહેવાસી છે

**ફરીદાબાદ,તા. ૩**

એક સંયુક્ત ઓપરેશનમાં ગુજરાત ATS ટીમે ગઈકાલે રવિવારે સાંજે ફરીદાબાદના પાલી ગામમાં એક શંકાસ્પદ યુવકની ધરપકડ કરી. તેની પાસેથી વિસ્ફોટક સામગ્રી મળી આવી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિ લગભગ દસ દિવસથી બદલાયેલા નામથી ગામમાં રહેતો હતો. જો સૂત્રોનું માનીએ તો, ધરપકડ કરાયેલ આરોપી ઉત્તર પ્રદેશના અયોધ્યાનો રહેવાસી છે. તે ગુજરાતથી ફરીદાબાદ આવ્યો હતો અને બદલાયેલા નામથી ત્યાં રહેતો હતો. ગુજરાત પોલીસ તેને શોધી રહી હતી. પોલીસને માહિતી મળતા જ કે આરોપી બદલાયેલા નામથી ફરીદાબાદમાં રહે છે, ટીમ પલવલ પહોંચી અને સ્થાનિક STF ટીમને જાણ કરી હતી.

આ પછી, ગુજરાત અને પલવલ એસટીએફની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી અને પાલી ગામમાં સ્થિત એક ખેતરમાં ટ્યુબવેલ પાસે બનેલા એક રૂમની બહારથી આરોપીને પકડી પાડ્યો. સૂત્રો જણાવે છે કે શોધખોળ દરમિયાન તેની પાસેથી વિસ્ફોટક સામગ્રી મળી આવી હતી. એવી શંકા છે કે તે વિસ્ફોટક સામગ્રી ગુજરાતથી ફરીદાબાદ લાવ્યો હતો. તે કયા હેતુ માટે ફરીદાબાદ વિસ્ફોટકો લાવ્યો હતો તે અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આરોપીની ધરપકડના સમાચાર સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે. જો સૂત્રોનું માનીએ તો, તેના વિદેશમાં પણ સંબંધો હતા.

## માધબી પુરી બુચને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત મળી

**SEBIના અધિકારીઓ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને BSEના અધિકારીઓ વતી વરિષ્ટ વકીલ અમિત દેસાઈ કોર્ટમાં પહોંચ્યા હતા**

મુંબઈ, તા.૩

બોમ્બે હાઈકોર્ટે કેલ્સ રિફાઈનરી મામલે મંગળવાર ૪ માર્ચ સુધી FIR ન નોંધવાનો આદેશ આપ્યો છે. સાથે જ હાઈકોર્ટ આ મામલે સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI), બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)ની અરજીઓ પર ૪ માર્ચે સુનાવણી કરવા સંમત થઈ છે. કોર્ટે એક મૌખિક નિર્દેશમાં કહ્યું કે, ૪ માર્ચે સુનાવણી થાય ત્યાં સુધી FIR નોંધવામાં ન આવે. SEBIના અધિકારીઓ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને BSEના અધિકારીઓ વતી વરિષ્ટ વકીલ અમિત દેસાઈ કોર્ટમાં પહોંચ્યા હતા.

આપને જણાવી દઈએ કે, મુંબઈની એક સ્પેશિયલ કોર્ટે ૧ માર્ચે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ને SEBIના પૂર્વ ચેરપર્સન માધબી પુરી બુચ અને ૫ અન્ય અધિકારીઓ સામે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના આરોપમાં FIR નોંધવાનો નિર્દેશ આપ્યો હતોસિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના પૂર્વ ચેરપર્સન માધબી પુરી બુચ અને અન્ય ૫ અધિકારીઓ સામે કેસ નોંધવાનો મુંબઈની કોર્ટે આદેશ આપ્યો હતો. મુંબઈની સ્પેશિયલ એસીબી કોર્ટના ન્યાયાધીશ કે.શશિકાંત એકનાથરાવ બાંગરે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે નિયમનકારી ક્ષતિઓ અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની તપાસની જરૂર છે. કોર્ટે કહ્યું હતું કે, તે તપાસ પર નજર રાખશે અને ૩૦ દિવસની અંદર સ્ટેટસ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. કોર્ટે આદેશમાં એમ પણ કહ્યું હતું કે, આરોપો કોગ્નિઝેબલ ગુનો (cognizable offence) દર્શાવે છે, જેના માટે તપાસ જરૂરી છે.

## કોંગ્રેસના નેતાએ રોહિત શર્મા વિશે કરી વિવાદિત કમેન્ટ, હંગામો મચ્યો

નવી દિલ્હી, તા.૩

રોહિત શર્માએ રનો અને સદીઓનો વરસાદ કરીને ભારતને અનેક ઐતિહાસિક જીત અપાવી છે. કેપ્ટન તરીકે રોહિત શર્માએ અનેક સફળતાઓ મેળવી છે. રોહિત શર્માએ ભારતને ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ પણ અપાવ્યો છે. રોહિત શર્માની કેપ્ટન્સી હેઠળ ભારત ૨૦૨૩ વનડે વર્લ્ડ કપમાં રનર અપ રહ્યું હતું. હાલના સમયમાં રોહિત શર્માની કેપ્ટન્સીવાળી ટીમ ઈન્ડિયાએ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમીફાઈનલમાં જગ્યા મેળવી લીધી છે. હવે તે ખિતાબની પ્રબળ દાવેદાર છે.

આ બધા વચ્ચે કોંગ્રેસ નેતા શમા મોહમ્મદે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પર એક વિવાદિત ટિપ્પણી કરી નાખતા હંગામો મચી ગયો છે. કોંગ્રેસ નેતાએ રોહિત શર્માની બોડી શેમિંગ કરતા તેને મોટો (જાડો) કહી નાખ્યો છે. ફક્ત એટલું જ નહીં કોંગ્રેસ નેતા શમા મોહમ્મદે રોહિત શર્માની કેપ્ટન્સીને દેશના ઈતિહાસમાં સૌથી ખરાબ પણ ગણાવી દીધી. આ સાથે જ તેમણે રોહિતને વજન ઘટાડવાની સલાહ પણ આપી દીધી. શમા મોહ્મદે એક્સ પર પોસ્ટ કરીને લખ્યુ હતું કે 'રોહિત એક ખેલાડી તરીકે મોટો (જાડો) છે. વજન ઘટાડવાની જરૂર છે. અને હા, ભારતનો અત્યાર સુધીનો સૌથી નિરાશાજનક કેપ્ટન.'

કોંગ્રેસ નેતા શમા મોહમ્મદની આ કમેન્ટની ભારે ટીકા થઈ રહી છે. વિવાદ વધતા શમા મોહમ્મદે આ પોસ્ટ ડિલીટ કરવી પડી. જો કે ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતુ અને હવે તેની પોસ્ટનો સ્ક્રીન શોટ વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના બાદ ભાજપના નેતા રાધિકા ખેડાએ કોંગ્રેસ નેતા શમા મોહમ્મદ પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસથી નાતો તોડીને ભાજપમાં જોડાનારા રાધિકા ખેડાએ પોતાની પૂર્વ પાર્ટી પર 'દાયકાઓ સુધી એથલિટોનું અપમાન' કરવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસ અને શમા મોહમ્મદ પર આકરા પ્રહારો કરતા રાધિકા ખેડાએ એક્સ પર લખ્યું કે આ એ જ કોંગ્રેસ છે જેણે દાયકાઓ સુધી એથલિટોનું અપમાન કર્યું. તેમને માન્યતા આપવાની ના પાડી અને હવે એક ક્રિકેટના દિગ્ગજની મજાક ઉડાવવાની હિંમત કરી રહ્યા છે.?

ભાઈ-ભત્રીજાવાદ પર જીવતી પાર્ટી એક ચેમ્પિયનને ઉપદેશ આપી રહી છે? રાધિકા ખેડાએ રાહુલ ગાંધીની આકરી ટીકા કરતા કહ્યું કે રોહિત શર્માએ ભારતને વર્લ્ડ કપ (T20)માં જીત અપાવી, પરંતુ કોંગ્રેસ નેતા પોતાની પાર્ટીને કોઈ પણ ઉથલપાથલ વગર સંભાળવા માટે સંઘર્ષ કરતા રહ્યા.

## વિવ રિચર્ડ્સ વિરાટ કહલી પર ઓળઘોળ

# મહાન ક્રિકેટરે કહ્યું, તેનો જુસ્સો અન્ય તમામ કરતા અલગ છે

**મુંબઈ: તા.૩**

વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર સર વિવિયન રિચર્ડ્સે કહ્યું કે, વિરાટ કોહલીની લડવાની ભાવના, ઉર્જા અને જુસ્સો તેને ક્રિકેટના 'મહાન અને 'સર્વ શ્રેષ્ઠ' ખેલાડીઓની શ્રેણીમાં મૂકે છે. "મને લાગે છે કે તે ખરેખર આપણા બધાના પ્રશ્નોના જવાબ આપે છે,"

રિચાર્ડ્સે કહ્યું. 'ૈં વર્લ્ડ કપ પહેલા તે સારું પ્રદર્શન કરી રહ્યો ન હતો, પરંતુ તે પછી તે શાનદાર ફોર્મમાં પાછો ફર્યો. તેથી જ મેં તેને શ્રેષ્ઠ અને મહાનની શ્રેણીમાં મૂક્યો છે. તમને હંમેશા એવા ખેલાડીઓ મળતા નથી જે ફોર્મમાં ન હોવા છતાં બાઉન્સ બેક કરી શકે. તેની લડવાની ભાવના, ઉર્જા અને સારું પ્રદર્શન કરવાનો જુસ્સો તેને બીજા બધા કરતા અલગ બનાવે છે.

રિચર્ડ્સે કહ્યું, 'વિરાટની એનર્જી તેના જુસ્સાને દર્શાવે છે. તે હંમેશા રમતમાં તેની ભાગીદારી દ્વારા તમને બતાવે છે કે તે તેની અંદર કેટલો જુસ્સો છે. તે હંમેશા મેદાન પર પોતાની હાજરી આપે છે આથી જ તે શાનદાર ખેલાડી છે.

જ્યારે રિચર્ડ્સને તેના ફેવરિટ બોલરો વિશે પૂછવામાં આવ્યું તો વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું કે વિરાટ તેને પોતાની યાદ અપાવે છે. તેણે કહ્યું, 'ઘણા બધા દિગ્ગજ છે, પહેલા તમારી પાસે સચિન






તેંડુલકર જેવા ક્રિકેટર હતા જેઓ હવે નિવૃત્ત થઈ ગયા છે.

પરંતુ હાલમાં વિરાટ કોહલી. તેણે મને પોતાની યાદ અપાવે છે. જે હિંમત કરે છે અને જીતે છે. તે પોતાની જાત પર વિશ્વાસ રાખે છે, ૧૨૦ ટકા આત્મવિશ્વાસ રાખે છે અને જ્યારે પણ વિરોધીઓ પર હુમલો કરવાની જરૂર હોય છે, ત્યારે તમારે આવા ખેલાડીઓની જરૂર હોય છે.

ન્યુઝીલેન્ડ સામેની ગ્રુપ મેચ પહેલા, વિરાટ કોહલીએ તેના દિલ્હીના મૂળ વિશે વાત કરી અને કહ્યું કે તેનો પ્રોટોટાઇપ 'દિલ્લી દા મુંડા' વસ્તુઓ પ્રત્યેના તેના તણાવ મુક્ત અભિગમને દર્શાવે છે. વિરાટે કહ્યું, 'મને નથી ખબર કે હું હંમેશા એક આદર્શ દિલ્હી મુંડા છું કે નહી. દિલ્હી મુંડા હોવાનો અર્થ છે વસ્તુઓ પ્રત્યે બિન્દાસ વલણ રાખું. જીવનમાં ઘણા નવા અનુભવો થયા, ઘણી જગ્યાએ ગયા, તેથી હું એવું કહી શકતો નથી કે હું આખો સમય દિલ્હીના છોકરાની જેમ વર્તે છું. કેટલીક ખાસ ક્ષણોમાં, હા, હું ચોક્કસપણે છું.

સચિન તેંડુલકર સાથે વિરાટની સરખામણી પર તેણે કહ્યું, 'હું સરખામણીમાં વિશ્વાસ નથી રાખતો. આપણે આભારી હોવા જોઈએ કે દરેક વ્યક્તિ જે સમયમાંથી પસાર થયો છે, આ ખેલાડીઓને જોનારા લોકોને લાગ્યું હશે કે તેઓએ કેટલાક ખૂબ સારા ખેલાડીઓને રમતા જોયા છે. હું ક્યારેય સરખામણી કરીશ નહીં. તેણે તે સમયે પોતાના દેશ માટે રમીને પોતાનું કામ કર્યું હતું.

વિરાટ કોહલીએ એવોર્ડ જીત્યો છે, જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક રેકોર્ડ છે. સચિન તેંડુલકર (૨૦ એવોર્ડ) બીજા સ્થાને છે.

વિરાટ કોહલીએ ૩૦૦મીૈં ઈન્ટરનેશનલ મેચ રમી

જે રીતે વિરાટ ફિટ રહે છે અને જે રીતે તે હજુ પણ રમત પ્રત્યે ખૂબ જ પેશનેટ છે, તમે કહી નહિ શકો કે તે ૫૦ વર્ષની ઉંમરે પણ રમી શકે છે.

-વિવ રિચર્ડ્સ, ભૂતપૂર્વ કેપ્ટન, વેસ્ટ ઈન્ડિઝ

### વેસ્ટ ઈન્ડિઝે અફઘાન ટીમ પાસેથી શિખવું જોઈએ: રિચર્ડ્સ

મુંબઈ, તા.૩
ચેમ્પિયન્સ ટ્રોફીમાં વેસ્ટ ઈન્ડિઝની ગેરહાજરીથી 'નિરાશ' અને 'દુઃખી, ભૂતપૂર્વ મહાન ખેલાડી સર વિવિયન રિચર્ડ્સ ઈચ્છે છે કે કેરેબિયન ટીમ અફઘાનિસ્તાન પાસેથી બોધપાઠ લે અને વિશ્વ ક્રિકેટમાં પોતાની જાતને ફરીથી ઉભી કરે.વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા એવી બે ટીમો છે જેણે વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે પરંતુ આઠ ટીમોની સ્પર્ધાની વર્તમાન સિઝન માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી છે. 'ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ'ની સ્ટીયરિંગ કમિટીના સભ્ય રિચર્ડ્સે રવિવારે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, મારી વેસ્ટ ઈન્ડિઝની ટીમ આ લોકો (અફઘાનિસ્તાન)ના કામ થી બોધપાઠ લઈ શકે છે કારણ કે અફઘાનિસ્તાનના ખેલાડીઓએ રમતમાં જુસ્સો અને ઊર્જાનો સંચાર કર્યો છે. તેઓ (અફઘાનિસ્તાન) કદાચ અન્ય ટીમો જેટલા લાંબા સમયથી ક્રિકેટ જગતમાં નથી પરંતુ તેમની પાસે લડવાની ક્ષમતા છે.રિચર્ડ્સ શુક્રવારે ૭૩ વર્ષના થશે, તેમણે કહ્યું કે, વિન્ડીઝને ફક્ત ખેલાડીઓ જ નહીં, પરંતુ તેમાં સામેલ દરેકના પ્રયાસોની જરૂર પડશે.ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર રહેવા સિવાય વિન્ડીઝની ટીમ ભારતમાં ૨૦૨૩માં યોજાનાર ODI વર્લ્ડ કપમાં પણ ભાગ લઈ શકી નથી.રિચર્ડ્સે કહ્યું, મને ખૂબ ગુસ્સો છે કે આટલી મોટી વિરાસત ધરાવતી વેસ્ટ ઈન્ડિઝની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં નથી. તે મને ઘણું દુઃખ પહોંચાડે છે કારણ કે અમે ઘણી સારી ટીમ રહ્યા છીએ.

# ઈંગ્લેન્ડને સાત વિકેટે હરાવીને દ. આફ્રિકા ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં

કરાચી, આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઈંગ્લેન્ડ સામે એકતરફી મુકાબલાાં સાત વિકેટે વિજય મેળવીને દક્ષિણ આફ્રિકાએ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ જીત સાથે ગ્રુપ-બીમાં દક્ષિણ આફ્રિકા પાંચ પોઈન્ટ્સ અને ૨.૩૯૫ના નેટરનરેટ સાથે ટોચના સ્થાને ક્વોલિફાઈ કરવામાં સફળ થયું છે. જયારે સેમિફાઈનલમાં પહોંચનાર બીજી ટીમ ઓસ્ટ્રેલિયા છે જેના ચાર અંક છે અને ૦.૪૭૫ છે. આ સાથે જ અફઘાનિસ્તાન માટે સેમિફાઈનલનો દરવાજો બંધ થઈ ગયો છે. સિમિત ઓવરમાં અંતિમ વખત કપ્તાની કરનાર જોઝ બટલરના નેતૃત્વમાં ઈંગ્લેન્ડનો દેખાવ નિરાશાજનક રહ્યો હતો. ઈંગ્લેન્ડ ૩૮.૨ ઓવરમાં ૧૭૯ રનમાં ખખડ્યું હતું. જવાબમાં દક્ષિણ આફ્રિકાએ ૨૯.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૮૧ રન કરીને







લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. ડુસૈને અણનમ ૭૨ રનની ઈનિંગ્સ રમી હતી તથા ક્લાસેને ૬૪ રન કર્યા હતા. બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૨૭ રનની પાર્ટનરશિપ કરી હતી. આફ્રિકાની શરૂઆત સારી રહી નહતી અને ઓપનર સ્ટબ્સને આર્ચરે શૂન્ય રન પર બોલ્ડ કર્યો હતો. પાવરપ્લે પૂર્ણ થાય તે અગાઉ આર્ચર વધુ એક વખત ત્રાટક્યો હતો અને રિકલટન (૨૭)ને બોલ્ડ કરી ઈંગ્લેન્ડને બીજી સફળતા અપાવી હતી. ત્યારબાદ ડુસૈને ૮૭ બોલમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી અણનમ ૭૨ રન ફટકાર્યા હતા. ક્લાસેને ૫૬ બોલમાં ૧૧ ચોગ્ગા સાથે ૬૪ રન કર્યા હતા. રશિદે ક્લાસેનને આઉટ કર્યો ત્યારે આફ્રિકાને વિજયની માત્ર ઔપચારિકતા પૂર્ણ કરવાની બાકી હતી.

## ભારતના કારણે જ તમને પગાર મળે છે

# ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડીઓ પર બરાબરના ભડક્યા ગાવસ્કર

**નવી દિલ્હી, તા. ૦૩**

ભારતના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કર ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટરો પર બરાબરના ભડક્યા છે. ઈંગ્લેન્ડના વર્તમાન અને પૂર્વ ક્રિકેટરોને એ વાતથી વાંધો છે કે, ભારત ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની પોતાની તમામ મેચ એક જ વેન્યૂ દુબઈમાં રમી રહી છે.

ભારતીય ટીમ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેનu ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ દરમિયાન બિનજરૂરી રીતે ફાયદો પહોંચાડવામાં આવી રહ્યો છે. સુનીલ ગાવસ્કરના મતે જે લોકો ભારત વિશે 'ફરિયાદ' કરતા રહે છે તેમણે ટુર્નામેન્ટમાં પોતાના દેશની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ભારતીય ક્રિકેટ તેમને પગાર પણ આપી રહ્યું છે.

સુનીલ ગાવસ્કર ઈંગ્લેન્ડના વર્તમાન અને પૂર્વ ક્રિકેટરો જેમ કે






નાસીર હુસૈન, માઈકલ એથર્ટન વગેરે પર બરાબરના ભડક્યા છે. સુનીલ ગાવસ્કરે કહ્યું કે, 'જે ક્રિકેટ પંડિતો ભારત વિશે 'ફરિયાદ' કરતા રહે છે.તેમણે ટુર્નામેન્ટમાં પોતાના દેશની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ભારતીય ક્રિકેટ તેમને પગાર પણ આપી રહ્યું છે.' એક પોડકાસ્ટ પર વાત કરતા નાસીર હુસૈન અને માઈકલ આથર્ટને કહ્યું હતું કે, 'ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટમાં ભારતનો વધુ ફાયદો છે.'

ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી રહેલા દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન રાસી વૈન ડેર ડુસેને પણ કહ્યું હતું કે, ભારતને અન્ય સાત ટીમોથી વિપરીત મુસાફરી કરવાની કે હોટલ બદલવાની જરૂર ન પડી, જે પોતાની કેટલીક મેચ પાકિસ્તાનમાં રમી રહી હતી અને રોહિત શર્મા એન્ડ કંપની પર આનો ફાયદો ઉઠાવવાનું દબાણ હશે.હવે સુનીલ ગાવસ્કરે કહ્યું કે, 'આ અંગે ટિપ્પણી કરવી પણ યોગ્ય નથી. આનાથી કોઈ ફાયદો નહીં થાય, કારણ કે પિચ ભારતના નિયંત્રણમાં નથી અને રમતમાં મુસાફરી સામાન્ય છે.સુનીલ ગાવસ્કરે કહ્યું કે, હકીકતમાં આવું નથી. 'ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર્સ હંમેશા રડતા રહે છે. તેઓ સમજી નથી શકતા કે, ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત ક્યાં ઊભુ છે. ક્વોલિટી, પગાર, ટેલેન્ટ અને સૌથ

ી જરૂરી વાત રેવેન્યૂ ઉત્પન્ન કરવામાં .ટીવી રાઈટ્સ અને મીડિયા રેવેન્યૂ દ્વારા વર્લ્ડ ક્રિકેટમાં ભારતનું યોગદાન મોટો રોલ નિભાવે છે. તેમણે એ સમજવાની જરૂરી છે કે, તેમનો પગાર પણ તેમાંથી જ આવે છે જે ભારત ક્રિકેટની દુનિયામાં લાવે છે.'



# બ્રેડમેનના આ રેકોર્ડ તોડવા અસંભવ છે

સિડની , વિશ્વ ક્રિકેટમાં નવા નવા રેકોર્ડ બની રહ્યા છે પરંતુ કેટલાક રેકોર્ડ એવા છે જે શરૂઆતથી જ ઉભા છે અને જે તૂટવાની શક્યતા નથી. વિશ્વના મહાન બેટ્સમેન, ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન સર ડોનાલ્ડ બ્રેડમેને તેમની બે દાયકાની કારકિર્દીમાં પ્રભુત્વ જમાવ્યું હતું. તેનો ૯૯ ની એવરેજનો રેકોર્ડ હજુ પણ અકબંધ છે અને અન્ય કોઈ બેટ્સમેન તેની નજીક નથી આવ્યો. બ્રેડમેને ૫૨ ટેસ્ટ મેચમાં ૬ હજારથી વધુ રન બનાવ્યા છે. આજ સુધી કોઈ બેટ્સમેન આની નજીક નથી આવ્યો. બ્રેડમેન કારકિર્દીની છેલ્લી ટેસ્ટમાં શૂન્ય રને આઉટ થયો હતો. આ કારણોસર તે ૧૦૦ રનની બેટિંગ એવરેજ હાંસલ કરી શક્યો ન હતો.

ટેસ્ટ ક્રિકેટમાં એક ટીમ સામે સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ બ્રેડમેનના નામે છે. તેણે ઈંગ્લેન્ડ સામે સૌથી વધુ સદી ફટકારી છે. બ્રેડમેને ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૩૭ ટેસ્ટમાં ૧૯ સદી ફટકારી છે. આ સિદ્ધિ બીજા કોઈના નામે નથી. બ્રેડમેન પછી આ યાદીમાં બીજું નામ પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરનું છે. ગાવસ્કરે વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૩ સદી ફટકારી હતી. વર્ષ ૧૯૩૬-૩૭માં સર ડોન બ્રેડમેને ઓસ્ટ્રેલિયા સામે એશિઝ શ્રેણીમાં સૌથી વધુ ૮૧૦ રન બનાવ્યા હતા. આ ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન દ્વારા બનાવવામાં આવેલા સૌથી વધુ રન છે. આ રેકોર્ડ આજે

પણ અકબંધ છે. ટેસ્ટ ક્રિકેટમાં એક દિવસમાં ત્રેવડી સદી ફટકારવાનો રેકોર્ડ ૭૫૨ રન સાથે ઈંગ્લેન્ડના ગ્રેહામ ગૂચ અને ૭૩૨ રન સાથે બ્રેડમેનના નામે છે. બ્રેડમેન પછી દુનિયાનો કોઈ બેટ્સમેન એક દિવસમાં ત્રેવડી સદી ફટકારી શક્યો નથી. બ્રેડમેને સતત ૬ ટેસ્ટમાં છ સદી ફટકારી છે. જેમાં બે બેવડી સદીનો સમાવેશ થાય છે.

# કરુણ નાયરની સદી, વિદર્ભનું રણજી ટાઇટલ નિશ્ચિત

નાગપુર, વર્તમાન સિઝનમાં અદભૂત ફોર્મ દાખવનારા કરુણ નાયરે અણનમ સદી ફટકારતાં વિદર્ભે અહીં રમાઈ રહેલી ૨૦૨૪-૨૫ સિઝનની રણજી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં તેના બીજા દાવમાં ચાર વિકેટે ૨૪૯ રનનો સ્કોર રજૂ કરીને મેચમાં ૨૮૬ રનની સરસાઈ હાંસલ કરી લીધી હતી. આમ પ્રથમ દાવની સરસાઈને આધારે આ મેચમાં વિજય સાથે તેણે આ સિઝનનું રણજી ટ્રોફી ટાઇટલ પોતાના નામે નિશ્ચિત કરી દીધું હતું. હવે રવિવારે પાંચમા દિવસની રમતમાં કોઈ ચમત્કાર સર્જાય નહીં તો વિદર્ભ આ સિઝનનું રણજી ચેમ્પિયન બની જશે.અહીંના વીસીએ સ્ટેડિયમ ખાતે રમાતી ફાઇનલમાં ચોથા દિવસે સવારે વિદર્ભે તેના બીજા દાવનો પ્રારંભ કર્યો હતો અને સાંજ સુધીમાં ચાર વિકેટે ૨૪૯ રન નોંધાવ્યા હતા. એ સમયે કરુણ નાયર ૧૩૨ અને અક્ષય વાડકર ચાર રન સાથે રમતમાં હતા. આ સિઝનમાં વિજય હઝારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરનારા નાયરે રણજી ટ્રોફીમાં પણ આ ફોર્મ જાળવી રાખ્યું હતું. તેણે દિવસ દરમિયાન ૨૮૦ બોલનો સામનો કરીને દસ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૧૩૨ રન ફટકાર્યા હતા. શનિવારના દિવસની શરૂઆતમાં વિદર્ભે તેના બીજા દાવમાં ઓપનર પાર્થ રેખાડે અને ધ્રુવ શોરેની વિકેટો સસ્તામાં ગુમાવી દેતાં મેચમાં થોડા સમય માટે રોમાંચ આવ્યો હતો પરંતુ પ્રથમ દાવના સદીવીર દર્શન માલેવાર અને કરુણ નાયરે વધુ નુકસાન થતું અટકાવીને ત્રીજી વિકેટ માટે ૧૮૨ રનની ભાગીદારી નોંધાવી હતી.

# શશાંક આઈપીએલ ૨૦૨૫માં ફરી એકવાર પંજાબ કિંગ્સ માટે વધુ સારું પ્રદર્શન કરવા માટે તૈયાર છે

નવી દિલ્હી ,. પંજાબ કિંગ્સના આક્રમક બેટ્સમેન શશાંક સિંહ, જેણે ગત વખતે આઈસીસીમાં પોતાના સારા પ્રદર્શનથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું, તે આ વખતે પણ ટીમ માટે વધુ સારું પ્રદર્શન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. શશાંકે છેલ્લી સિઝનમાં તેની મેચ વિનિંગ ઈનિંગ્સથી ધ્યાન ખેંચ્યું હતું. શશાંક ગયા વર્ષે વિશ્વભરમાં ગૂગલ પર સૌથી વધુ સર્ચ કરાયેલા એથ્લેટમાં ૯મો હતો. ત્યારબાદ તેણે માત્ર ૨૯ બોલમાં ૬૧ રન બનાવીને ગુજરાત ટાઇટન્સ સામે ટીમને જીત અપાવી હતી. શશાંકે આના પર કહ્યું, મને ખબર ન હતી કે ગૂગલ દુનિયાભરમાં સર્ચ કરાયેલા લોકોની યાદી બહાર પાડે છે. મારા માટે આ બહુ મોટી વાત હતી. તેનાથી મને આનંદ થયો કે દેશ અને દુનિયાભરના લોકો મારું નામ શોધી રહ્યા છે અને હું શું કરું છું તે જાણી રહ્યા છે, પરંતુ હું તેનો શ્રેય પંજાબમાં વિતાવેલા મારા સમયને આપું છું. તેણે કહ્યું કે આ માત્ર પંજાબ કિંગ્સના કારણે જ શક્ય બન્યું છે. ઘણા એવા ક્રિકેટરો છે જે પ્રતિભાશાળી છે અને ટોચના સ્તરે રમે છે પરંતુ પંજાબ કિંગ્સે હંમેશા મારામાં વિશ્વાસ દર્શાવ્યો છે અને મને સપોર્ટ કર્યો છે તેમ છતાં મેં સખત મહેનત પણ કરી છે.

શશાંકને પંજાબ કિંગ્સે ૨૦૨૫ની સીઝન માટે ટીમમાં જાળવી રાખ્યો છે. શશાંકે કહ્યું કે તે શ્રેયસ અય્યરની કેપ્ટનશીપમાં રમવા માટે ઉત્સાહિત છે. તેનું કારણ એ છે કે હું તેની સાથે જુનિયર સ્તરે રમ્યો છું. અમે હ્રરૂ પાટિલ્ ૨૦ કપમાં સાથે રમ્યા હતા અને અમારી વચ્ચે સારો સંકલન છે. આ ક્રિકેટરે કહ્યું કે હું ખૂબ જ ભાગ્યશાળી છું કે હું ગયા વર્ષે આ ફ્રેન્ચાઈઝીનો ભાગ હતો અને મને જાળવી રાખવામાં આવ્યો હતો.




# કિંગ કોહલીએ મેદાનમાં અક્ષર પટેલના ચરણસ્પર્શ કર્યા! તમામ દર્શકો જોતા જ રહી ગયા

ભારતીય બેટર વિરાટ કોહલી માટે રવિવાર (બીજી માર્ચ) ખાસ હતો, કારણ કે તેમણે ટીમ ઈન્ડિયા માટે પોતાની ૩૦૦મી વન ડે આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તે આવું કરનાર સાતમો ભારતીય ક્રિકેટર હતો. જો કે, ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં તે ૧૧ રન બનાવી આઉટ થયો હતો. પરંતુ વિરાટ કોહલી મેદાન પર સતર્ક દેખાતો હતો અને જ્યારે તેમણે બાપુ એટલે કે અક્ષર પટેલના ચરણ સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.ભારતીય ખેલાડીઓ અક્ષર પટેલને પ્રેમથી બાપુ કહે છે કારણ કે તેઓ પણ ગુજરાતના છે, જો આપણે મેચના દ્રષ્ટિકોણથી જોઈએ તો, અક્ષર પટેલે ટીમ ઈન્ડિયાને એક મહત્ત્વપૂર્ણ સફળતા અપાવી, જેના કારણે ભારતે મેચ પર પોતાની પકડ બનાવી લીધી હતી. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ૪૧મી ઓવરના છેલ્લા બોલ પર અક્ષર પટેલે દિગ્ગજ બેટર કેન વિલિયમસનને સ્ટમ્પ આઉટ કર્યો હતો. જ્યારે અક્ષર પટેલ આ વિકેટની ઉજવણી કરી રહ્યો હતો, ત્યારે નજીકમાં ફિલ્ડિંગ કરી રહેલા વિરાટ કોહલી તેની પાસે આવ્યા અને તેમના પગ સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો.

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શનને ચાલુ રાખીને, તેમણે ત્રણ મેચમાં સતત ત્રીજી જીત નોંધાવી. પહેલા બાંગ્લાદેશને ૬ વિકેટથી હરાવ્યુ.

# ૨૦૨૩ના વર્લ્ડકપમાં હાર બાદ ફરી એકવાર થશે ઓસ્ટ્રેલિયા અને ટીમ ઈન્ડિયાનો મુકાબલો

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ટીમ ઈન્ડિયાએ ગઈકાલે ન્યૂઝીલેન્ડને ૪૪ રને ઓલઆઉટ કર્યા બાદ હવે તે ઓસ્ટ્રેલિયા સામે સેમિફાઈનલ મેચ રમવા મેદાનમાં ઉતરશે. ODI વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે કારમી હાર બાદ ટીમ ઈન્ડિયા ૪ માર્ચ, મંગળવારે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમિફાઈનલમાં જીત માટે એડીચોટીનું જોર લગાવશે.ભારત ગ્રૂપ સ્ટેજની ત્રણ મેચમાં વિજયનો ઝંડો ફરકાવી ગ્રૂપ-છમાં ટોપ પર છે. જ્યારે ઓસ્ટ્રેલિયા ગ્રૂપ-મ્માં બીજા ક્રમે છે. તેણે ત્રણ મેચમાંથી એકમાં વિજય હાંસલ કર્યો હતો. જ્યારે બે મેચ વરસાદના કારણે રદ થઈ હતી. ગ્રૂપ-મ્માં સાઉથ આફ્રિકા પાંચ પોઈન્ટ સાથે પ્રથમ ક્રમે છે. સાઉથ આફ્રિકાનો સેમિફાઈનલમાં સામનો ન્યૂઝીલેન્ડ સાથે પાંચ માર્ચે બુધવારે થશે. ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તમામ મેચ જીતી છે. ગઈકાલે ન્યૂઝીલેન્ડને ૪૪ રને હરાવી હતી.

# હાયર એ ભારતમાં કિનોચી એસીની એકમાત્ર કલરફૂલ રેન્જ લોન્ચ કરી - આર્ટફુલ ઇન્ટેલિજન્સની શક્તિથી કૂલિંગમાં ક્રાંતિકારી પરિવર્તન




**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

સતત ૧૬ વર્ષથી નંબર ૧ વૈશ્વિક મુખ્ય ઉપકરણ બ્રાન્ડ, હાયર એપ્લાયન્સિસ ઈન્ડિયા, કિનોચી એર કંડિશનર્સની તેની વિશિષ્ટ કલરફૂલ રેન્જના લોન્ચ સાથે હોમ કૂલિંગમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરી રહી છે. મોર્ડન ઘરોમાં પરિવર્તન લાવવાના હેતુથી આ પ્રીમિયમ રેન્જ શ્રેષ્ઠ પ્રદર્શન સાથે અત્યાધુનિક સૌંદર્ય શાસ્ત્રનું સહજ મિશ્રણ છે.

કિનોચી લિમિટેડ એડિશન એર કંડિશનર્સમાં અત્યાધુનિક ટેકનોલોજીની સાથે પ્રીમિયમ રંગબેરંગી ફિનિશનું મિશ્રણ છે, જે ઘરને માત્ર ઠંડક આપવાથી ક્યાંય આગળ લઈ જાય છે. જેમ જેમ ભારતીય ગ્રાહકો ડિઝાઈનના પ્રત્યે વધુ જાગૃત થઈ રહ્યા છે, તેમ તેમ તેઓ એવા ઉપકરણોને શોધી રહ્યા છે જે તેમની જીવનશૈલી અને વ્યક્તિગત પસંદ સાથે સુસંગત હોય. તેને ધ્યાનમાં રાખીને હાયર ઈન્ડિયા આ વિશિષ્ટ રેન્જ રજૂ કરે છે, જે કાર્યક્ષમતા અને સ્ટાઈલનું સંપૂર્ણ એક આદર્શ સંયોજન રજૂ કરે છે, એ સુનિશ્ચિત કરતાં કે એર કંડિશનર્સ ઘરની સમગ્ર સજાવટને સહજતાથી વધારતા શ્રેષ્ઠ ક્ષમતા પ્રદાન કરે છે.

ત્રણ શ્રેષ્ઠ રંગો - બ્લેક, મોર્નિંગ મિસ્ટ અને મૂનસ્ટોન ગ્રે - માં ઉપલબ્ધ કિનોચી સીરીઝ વિવિધ ઈન્ટિરિયરની સાથે સહજતાથી સંકલિત થાય છે, જે તે લોકો માટે એક આદર્શ વિકલ્પ બનાવે છે જે પ્રદર્શન અને સૌંદર્ય બંનેને પ્રાથમિકતા આપે છે. હાઈ-પર્ફોર્મન્સ કૂલિંગ સોલ્યુશન્સ કરતાં ક્યાંય વધુ આ નવા લોન્ચ થયેલા હાયર એસી મોર્ડન લાઈફસ્ટાઈલની પસંદગીઓને દર્શાવતા સ્ટેટમેન્ટ પીસ તરીકે કામ કરે છે. આ લોન્ચ સાથે હાયર ઈન્ડિયા ગ્રાહક-પ્રેરિત ઈનોવેશન પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે. એ સુનિશ્ચિત કરે છે કે ગ્રાહકોને હવે કાર્યક્ષમતા અને ભવ્યતા વચ્ચે પસંદગી કરવાની જરૂર નથી - તેઓ બંને મેળવી શકે છે, જે તેમના સ્ટાઈલિશ ઘરોને સંપૂર્ણ રીતે પૂરક બનાવે છે.

કિનોચી એર કંડિશનર સીરીઝના લોન્ચ પર ટિપ્પણી કરતા, હાયર એપ્લાયન્સિસ ઈન્ડિયાના પ્રમુખ શ્રી એનએસ સતીશે જણાવ્યું હતું કે, હાયર ઈન્ડિયામાં, ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી એ હંમેશા અમારા સિદ્ધાંતોનું મૂળ રહ્યું છે. લિમિટેડ-એડિશન એસી સીરીઝની કલરફૂલ રેન્જ ઓફર કરનાર ભારતમાં એકમાત્ર બ્રાન્ડ તરીકે, અમે પ્રીમિયમ એસ્થેટિક્સ અને એડવાન્સ કૂલિંગ સોલ્યુશન્સમાં ઉદ્યોગના બેન્ચમાર્ક સ્થાપિત કરવાનું ચાલુ રાખીએ છીએ. નવી કિનોચી લિમિટેડ એડિશન એ પ્રતિબદ્ધતાને દર્શાવે છે, જે કુશળ અને અજોડ કૂલિંગ સુનિશ્ચિત કરતી વખતે પ્રીમિયમ ડિઝાઈન પૂરી પાડે છે. ગ્રાહક-પ્રેરિત ઈનોવેશનને બનાવવા માટે પ્રતિબદ્ધ, અમારા બધા એર કંડિશનર, જેમાં નવીનતમ કિનોચી ડાર્ક એડિશનનો સમાવેશ થાય છે, ભારતમાં ઉત્પાદિત થાય છે અને ભારતીય બજાર માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવે છે.

**શ્રેષ્ઠ કૂલિંગ અને કાર્યક્ષમતા માટે અદ્યતન સુવિધાઓ**

કિનોચી લિમિટેડ એડિશન એસીની તેની ઈન્ટેલિજન્ટ ટેકનોલોજી સાથે ઘરની ઠંડકને બદલવા માટે ડિઝાઈન કરાઈ છે. એઆઈ-સંચાલિત સુપરસોનિક કૂલિંગ દ્વારા સંચાલિત તે 60°C સુધીના અતિશય તાપમાનમાં પણ માત્ર ૧૦ સેકન્ડમાં ૨૦ ગણી ઝડપી ઠંડક પહોંચાડે છે. ફ્રોસ્ટ સેલ્ફ-ક્લીન ટેકનોલોજી ૯૯.૯% સ્ટરલાઈઝેશન સુનિશ્ચિત કરે છે, જેનાથી સ્વસ્થ ઈન્ડોર વાતાવરણ માટે મિનિટોમાં સ્વચ્છ હવા પ્રસારિત થાય છે.

હેક્સા ઈન્વર્ટર ટેકનોલોજી સાથે આ એસી ગતિશીલ રીતે વાસ્તવિક સમયની પરિસ્થિતિઓના આધારે ભારે કામગીરી પ્રદાન કરે છે, કાર્યક્ષમતાને શ્રેષ્ઠ બનાવે છે અને લાંબા ગાળાનું ટકાઉપણું સુનિશ્ચિત કરે છે. ટર્બો મોડની સાથે ૨૦-મીટર લાંબો એર ફ્લો સમગ્ર રૂમમાં એકસમાન અને શક્તિશાળી ઠંડક પૂરી પાડે છે, જે સતત આરામદાયક વાતાવરણ બનાવે છે.

હાઈસ્માર્ટ એપ રીઅલ-ટાઈમ વીજળીની દેખરેખ અને AI-સંચાલિત ઊર્જા ઑપ્ટિમાઈઝેશનને સક્ષમ કરીને વપરાશકર્તા નિયંત્રણમાં વધારો કરે છે, જેનાથી ગ્રાહકો સરળતાથી સ્માર્ટ ઊર્જા નિર્ણયો લઈ શકે છે.

૧.૬ ટન, ૫-સ્ટાર રેટિંગ

# વિચારો કે કલર્સ ના લાફ્ટર શેફ્સ ના સૌથી મોટા ચાહક કોણ છે?

## કપિલ શર્માની માતા પહોંચી અને આશ્ચર્યચકિત થઈ!

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**



કલર્સના લાફ્ટર શેફ્સ અનલિમિટેડ એન્ટરટેઈન્મેન્ટના નવીનતમ એપિસોડમાં, રસોડું ઉત્સાહથી બન્યું કારણ કે લોકપ્રિય હાસ્ય કલાકાર કપિલ શર્માની માતાએ તેના પ્રિય શોમાં એક પહોંચી અને દરેકને આશ્ચર્યચકિત કરી, જેણે તરત જ દરેકના ઉત્સાહમાં વધારો કર્યો. તેની હાજરીએ હૂંફ અને ખુશીમાં વધારો કર્યો, જે સ્પર્ધાને વધુ વિશેષ બનાવે છે.

સ્પર્ધકોને ડિઝાઈનર કોફી બનાવવાનું કામ આપવામાં આવ્યું હતું. તેના પ્રખ્યાત હ્યુમર સાથે, કૃષ્ણા કપિલની માતા પાસે ગયા, અને મજાકથી પૂછ્યું કે શું તેણે આ વાનગી પહેલા ક્યારેય બનાવી છે.

આ પછી, જે ક્ષણ બન્યું તે હૃદયને સ્પર્શ્યું, કારણ કે તે કોફી બનાવવામાં મદદ કરવા આગળ આવી, જેથી કૃષ્ણાએ કહ્યું, જૂનો સંબંધ અમારો છે! તમે અહીં આવો, આ અમારા માટે આશીર્વાદરૂપ છે." આ ક્ષણ વધુ મીઠી બની ગઈ જ્યારે કપિલની માતાએ હસતાં કહ્યું કે કૃષ્ણા તેના માટે વિજેતા છે, ખાસ કરીને તે દરેકને હસાવવાની રીત.

આનાથી દરેકને ખુશ થયા, અને કૃષ્ણા આનંદથી કૂદી ગયા.વાતાવરણ હાસ્ય, હંગામો અને સ્વાદિષ્ટ સુગંધથી ભરેલું હતું,

પરંતુ અંતે, તે સુદેશ અને સમર્થ હતા જેણે પડકારના સત્તાવાર વિજેતા તરીકે શો જીત્યો! ''લાફ્ટર શેફ્સ અનલિમિટેડ એન્ટરટેઈન્મેન્ટ' ની નવીનતમ સીઝન જુઓ, જે રાજધાની બેસન, એન્વી પરફ્યુમ્સ, ... our h હોમ ફ્રીઅર્સ, ઈન્ડિયા ગેટ બાસમતી રાઈસ, બર્ઝર પેઈન્ટ્સ ફિનોલેક્સ કેબલ્સ અને સ્પિરિટ, સ્પેશિયલ પાર્ટનર - સ્પેશિયલ પાર્ટનર - કેચ સ્પાઈસ અને વિક્રામ એલચી ટી, ના સહ -નિર્માતા છે. દર શનિવાર-રવિવારના રાતના ૯:૩૦ વાગ્યે કલર્સ પર!




# સેમસંગ દ્વારા નવી ડિઝાઈન અને મોન્સ્ટર પરફોર્મન્સ સાથે ભારતમાં ગેલેક્સી M16 5G અને ગેલેક્સી M06 5G લોન્ચ કરાયા

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

ભારતની સૌથી વિશાળ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ દ્વારા આજે અનેક સેગમેન્ટમાં અવ્વલ વિશિષ્ટતાઓ સાથે બે મોન્સ્ટર ડિવાઈસીસ ગેલેક્સી સ૧૬ ૫૧ અને ગેલેક્સી M06 5G લોન્ચ કરવામાં આવ્યા. અત્યંત લોકપ્રિય ગેલેક્સી સ સિરીઝમાં નવીનતમ ઉમેરો, સ્ટાઈલ અને અત્યાધુનિક ઈનોવેશન્સનું આકર્ષક સંયોજન પ્રદાન કરીને દરેક ગ્રાહકો માટે નવી શક્યતાઓની ખાતરી રાખે છે.

"ગેલેક્સી M16 5G અને ગેલેક્સી M06 5G મોન્સ્ટર ઈનોવેશન્સ અને પરફોર્મન્સ સાથે આવે છે, જે સ સિરીઝની ટ્વિન લીગસી છે. નવી ડિઝાઈન સાથે આ ડિવાઈસીસ સ્ટાઈલ અને પરફોર્મન્સ વધુ બહેતર બનાવવા માટે ઘડવામાં આવ્યા છે, જેમાં મિડિયાટેક ડાયમેન્સિટી ૬૩૦૦ પ્રોસેસર, ઓપરેટર્સમાં ફુલ ૫૧ સપોર્ટનો સમાવેશ થાય છે. ગેલેક્સી M16 5Gએ સેગમેન્ટમાં અવ્વલ FHD+ સુપર AMOLED ડિસ્પ્લે, OS અપગ્રેડ્સની છ જનરેશન્સ અને ટેપ એન્ડ પે ફંકશનાલિટી સાથે સેમસંગ વોલેટ રજૂ કરવા સાથે નવું બેન્ચમાર્ક પણ સ્થાપિત કર્યું છે,'' એમ સેમસંગ ઈન્ડિયાના એમએક્સ બિઝનેસને જનરલ મેનેજર અક્ષય એસ રાવે જણાવ્યું હતું.મોન્સ્ટર ડિસ્પ્લે : ગેલેક્સી M16 5Gમાં સેગમેન્ટમાં અવ્વલ ૬.૭'' ફુલ HD+ સુપર AMOLED ડિસ્પ્લે છે, જે ઉચ્ચ ગુણવત્તાનો કલર કોન્ટ્રાસ્ટ પૂરો પાડીને રોમાંચક વ્યુઈંગ અનુભવ આપે છે. ગેલેક્સી સ૧૬ ૫૧ એડપ્ટિવ હાઈ બ્રાઈટનેસ મોડ સાથે આવે છે, જે ઉપભોક્તાઓ ઊજળા સૂર્યપ્રકાશ હેઠળ પણ ઉપભોક્તાઓ તેમની ફેવરીટ કન્ટેન્ટ માણી શકે તેની ખાતરી રાખે છે. ગેલેક્સી M06 5Gમાં ૬.૭'' HD+ ડિસ્પ્લે છે, જે આઉટડોર સેટિંગ્સમાં પણ સોશિયલ મિડિયા ફીડ્સ થકી સ્ક્રોલિંગ કરવાની અનુકૂળતા આપે છે, જે ટેક-સાવી જન અને Z અને યુવા પેઢીના ગ્રાહકો માટે ઉત્તમ છે.

# વલસાડ જિલ્લામાં માર્ચ માસના સ્વાગત કાર્યક્રમ માટે ૧૦ માર્ચ સુધીમાં પ્રશ્નો મોકલી આપવા અનુરોધ

## સ્વાગત કાર્યક્રમમાં અરજદારશ્રી બે થી વધુ પ્રશ્ન રજુ કરી શકશે નહી

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

રાજ્યમાં નાગરિકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરીયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ "જિલ્લા સ્વાગત", તાલુકા સ્વાગત" કાર્યક્રમ ચાલુ કર્યો છે. માહે- માર્ચ - ૨૦૨૫ માસના સ્વાગત કાર્યક્રમ હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

માર્ચ - ૨૦૨૫ માસનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬/૦૩/૨૦૨૫ને બુધવારના રોજ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૦૩/૨૦૨૫ને ગુરૂવારનાં રોજ યોજાશે. આ કાર્યક્રમમાં રજૂઆત કરવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો/રજૂઆતોનાં નિકાલ માટેની વિગતવાર અરજી, જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજીઓ "મારી અરજી તાલુકા સ્વાગત/જિલ્લા સ્વાગતમાં લેવી" તેવા મથાળા હેઠળ તા.૧૦/૦૩/૨૦૨૫ સુધીમાં બિનચુક રજુ કરવા વિનંતી છે. ઉપરોક્ત અરજીઓ પૈકી તાલુકા કક્ષાએ નિકાલ કરવા પાત્ર ગ્રામ/તાલુકાની અરજીનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬/૦૩/૨૦૨૫ને બુધવારે જે-તે તાલુકાની મામલતદાર કચેરીમાં સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે,

જેથી અરજી કરનાર અરજદારોને જે-તે મામલતદાર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે. ઉપરોક્ત અરજીઓ પૈકી જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર અરજીઓનો જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૦૩/૨૦૨૫ને ગુરૂવારે કલેકટર કચેરી, વલસાડનાં સભાખંડમાં સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. આ કામે જે તે અરજદારોને કલેકટર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોર્ટ કેસ/ સબ જયુડીશીયલ બાબતો/ માહિતી અધિકારી હેઠળની અરજીઓ/ સેવાકીય બાબતો/ કોઈ ખાતાની નિમણુંકની બાબતો, સર્વિસ મેટર અને અરજદારની સહી વગરની અરજીઓ લેવામાં આવશે નહી, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી. સ્વાગત કાર્યક્રમમાં અરજદાર બે થી વધુ પ્રશ્ન રજુ કરી શકશે નહી.

# મરઘમાળના કિર્તીબેન ગરાસીયા પી.એચ.ડી. થયા

**(સુરત ધ્વનિ) વલસાડ,તા.૩**



વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના મરઘમાળ ગામની રહેવાસી કિર્તીબેન ગુલાબભાઈ ગરાસીયાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ વિનયન વિદ્યાશાખાના એજ્યુકેશન વિષયમાં A STUDY OF SELF-ESTEEM AND PROFESSIONAL SRESS OF PRIMARY SCHOOL TEACHERS OF DANG DISTRICT શિર્ષક હેઠળ ડાંગ જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકો અંગે પ્રસ્તુત કરેલા મહાશોધ નિબંધને સ્વીકારી પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. એમનો મહાશોધ નિબંધ મહેસાણા જિલ્લાની સ્વામી વિવેકાનંદ સર્વોદયા બેંક એજ્યુકેશન કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. પથિક ડી. બારોટ તથા આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રશાંત બી.પરિહારના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. કિર્તીબેન ગરાસીયાના બે રીસર્ચ પેપરો પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેમની આ સિધ્ધિમાં તેમના માતા-પિતા, ભાઈ-બહેન અને મિત્રવર્તુળનો પણ અમૂલ્ય સહયોગ સાંપડ્યો છે. તેણીએ આ સિધ્ધિ હાંસલ કરી મરઘમાળ ગામનું નામ રોશન કરવા બદલ શાળા પરિવાર તેમજ ગામ અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે.



### વલસાડના પારડી ઘટક-૧ આંગણવાડીના કાર્યકર

# ઝોનકક્ષાની ટેક હોમ રાશન વાનગી સ્પર્ધામા તૃતીય ક્રમે વિજેતા રહ્યા

**(સુરત ધ્વનિ) વલસાડ,તા.૩**

ભારતની પરંપરાગત ખેત પેદાશો(શ્રી અન્ન)ની ખેતી અને ટેક હોમ રાશનના ઉપયોગને પ્રોત્સાહન આપવા અનુસંધાને મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત રાજ્યના માર્ગદર્શન મુજબ વિભાગીય નિયામકશ્રીની કચેરી, સુરત ઝોન અને જિલ્લા પંચાયત, આહવા-ડાંગના સંયુક્ત ઉપક્રમે તા. ૦૧/૦૩/૨૦૨૫ ના રોજ સુરત ઝોનની વાનગી સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સ્પર્ધામાં સુરત ઝોનના વલસાડ, ડાંગ, નવસારી, તાપી, નર્મદા, ભરુચ, સુરત ગ્રામ્ય, સુરત અર્બન, ૮ જિલ્લાના ટેક હોમ રાશન અને "શ્રી અન્ન"(મિલેટ્સ) વાનગી સ્પર્ધામાં વિજેતાક્રમાંક-૧,૨,૩ ના ૨૪ (ચોવીસ) આંગણવાડી કાર્યકરો વિજેતા બન્યા હતા. જેમાં વલસાડ જિલ્લાના પારડી ઘટક-૧ ના સોનવાડા ગામતળ આંગણવાડી કેન્દ્રના કાર્યકર કલાવતી પટેલ દ્વારા રજુ કરવામાં બાલ શક્તિના થેપલા ઝોન કક્ષાએ તૃતિય ક્રમ મેળવ્યો હતો.

## આદિવાસી લોકોની લોક સંસ્કૃતિ ઉજાગર કરતો ઐતિહાસિક ડાંગ દરબારનો મેળો

# તારીખ ૯ થી ૧૨ માર્ચ દરમિયાન આહવા ખાતે યોજાશે ડાંગ દરબાર







**(સુરત ધ્વનિ) આહવા,તા.૩**

જંગલોમાં, પર્વતો ની વચ્ચે કુદરત ના ખોળે વસેલાં આદિવાસીઓની જીવન શૈલી અને રીત રિવાજો અનોખા હોય છે. આદિવાસીઓના મેળાઓ પણ અદભુત અને અનોખા હોય છે. ગુજરાતમાં ગણી-ગાંઠી જગ્યાએ એવા મેળાઓ ભરાય છે. જેમાં ડાંગ-દરબારનું સ્થાન અગ્રેસર કહી શકાય. ડાંગ જિલ્લામાં હોળી પર્વનું મોટું માહાત્મ્ય છે. ડાંગ દરબારનો સાંસ્કૃતિક મેળો દર વર્ષે હોળી પહેલા જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાય છે. સને ૧૯૪૨ સુધી ડાંગ જિલ્લાનો વહીવટ ભીલ રજાઓ અને નાયકો કરતાં. એજ વર્ષમાં ડાંગ ના જંગલ ના પટ્ટાઓ બ્રિટિશરોને આપવામાં આવ્યા હતા. ભીલ રજાઓ અને નાયકોને પટ્ટાના હક્ક બદલ અને પછી વાર્ષિક વર્ષાસન સ્વરૂપે આપવાની થતી રકમ દર વર્ષે ભીલ રાજાઓ, નાયકો તેમના ભાઈબંધો, પોલીસ, પટેલો અને કારભારીઓને ડાંગ-દરબાર ભરીને અર્પણ કરવામાં આવતી. દરબાર યોજવા પાછળનો બ્રિટિશરોનો મુખ્ય આશય ડાંગી રાજાઓ, નાયકો તથા લોકો એક જ જગ્યાએ એકત્ર થાય તે માટેનો હતો. આહવાની આજુબાજુના લાખો આદિવાસીઓ પાંચ દિવસ ચાલતા ડાંગ દરબાર પાસે એકઠા થતાં હતા અને દરબાર તેમની ફરિયાદો સાંભળીને તેનો નિકાલ કરતાં હતા. વર્તમાનમાં પણ આ ક્રમ ચાલુ છે. પરંતુ આજે ડાંગના આદિવાસી રાજાઓ બેસે છે જરૂર પણ ફરિયાદોનું નિવારણ તો જિલ્લા કલેક્ટર જ કરે છે. ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ, નાયકો તેમજ તેમના ભાઈબંધો રંગબેરંગી પોષાકમાં સુસજ્જ થઈને આવે છે અને સમગ્ર ડાંગી પ્રજા આદિવાસી સંસ્કૃતિને સુરાવલીઓના મધુર અને કર્ણ પ્રિય સંગીતમાં ઢાળીને દરબારને ઉલ્લાસમય વાતાવરણમાં પરિવર્તીત કરે છે. અહીના આદિવાસીઓ તેમની વિશિષ્ટતા અનુસાર બનાવેલી વસ્તુઓને નાશિક, સુરત કે પશ્ચિમના દેશોમાંથી આવેલા પ્રવાસીઓ ખરીદે છે. વિવિધ જૂથો પોતાની નૃત્ય કળા, વાદ્ય અને સંગીત કળાનું નિદર્શન કરે છે. આ મેળાની શરૂઆત રાજવીશ્રીઓ ની હાજરીમાં ઢોલ નગારાથી શરૂ કરવામાં આવે છે પછી કહાળીયા અને પાવરી જેવા વાધ્યોના શૂરોથી વાતાવરણ મધુર બની જાય છે. ડાંગ દરબારમાં દેશવિદેશના સહેલાણીઓ આદિવાસી સંસ્કૃતિ માણવા આવે છે. ઉત્સવ પ્રિય ડાંગી આદિવાસી પ્રજા માટે મહત્વનો ઉત્સવ એટલે ડાંગ દરબાર છે. ઐતિહાસિક ડાંગ દરબાર ના આયોજન સંદર્ભે ડાંગ જિલ્લા વહીવટી તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. આગામી તારીખ ૯ થી ૧૨ માર્ચ દરમિયાન ડાંગ દરબાર મેળો જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે પરંપરાગત રીતે યોજવામાં આવનાર છે. તેમજ મેળાનુ ઉદ્ઘાટન માન.રાજ્યપાલશ્રીના વરદ હસ્તે કરવામાં આવેશે. અને માન.રાજ્યપાલશ્રી દ્વારા ડાંગ જિલ્લાના પાંચ રાજવીશ્રીઓનુ સન્માન કરવામાં પણ કરવામાં આવશે.

## તંત્રી લેખ...

### ગુજરાતી ભાષાની સૌથી વધુ અવહેલના ગુજરાતીઓએ જ કરી !!

કોઈપણ ભાષા તેના કુદરતી ક્રમે વિકસે કે લુપ્ત થાય તે સમજી શકાય, પણ ગુજરાતમાં ગુજરાતીને પરાણે લુપ્ત કરવાના પ્રયત્નો થતા હોવાની વાતો ખુલી રહી છે. ગુજરાત સરકાર ગુજરાતી માધ્યમની સ્કૂલો બંધ કરતી જાય છે ને અંગ્રેજી માધ્યમની સ્કૂલોને લાઈસન્સ આપતી જાય છે. આપણને એનું આશ્ચર્ય થતું નથી કે અંગ્રેજ સરકારે તેની કોઈ ગરજ ન હતી, એ સમયે ગુજરાતી સ્કૂલો શરૂ કરાવી અને ગુજરાત સરકારે ગુજરાતી સ્કૂલો બંધ કરાવીને અંગ્રેજી સ્કૂલો શરૂ કરવાની દિશામાં આગળ વધતી હોવાની ચિંતા દરેક ગુજરાતી અનુભવી રહ્યો છે. પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ, એવું દુનિયા પોકારીને કહે છે, પણ ગુજરાતને એ જાણે કે સંભળાતું નથી. ગુજરાતી વિષયમાં બોર્ડની પરીક્ષામાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થાય છે. એની સામે અંગ્રેજીમાં નાપાસ થનારની સંખ્યા ઓછી હોવાની ચર્ચા થાય એ શરમજનક છે. એનો અર્થ એ કે ગુજરાતી તરફ અંગ્રેજી કરતાં ધ્યાન ઓછું જ અપાય છે. આવું એટલે કહેવાનું કારણ, ઈઝરાયેલની રચના ૧૯૪૮માં થઈ ત્યારે જ હિબ્રૂને અધિકૃત ભાષા તરીકે જાહેર કરવામાં આવી. એ વખતે હિબ્રૂમાં કોઈ સાહિત્ય ઉપલબ્ધ ન હતું. ઈઝરાયલે સાત વર્ષમાં હિબ્રૂમાં તમામ સામગ્રી તૈયાર કરાવી ને પછી શિક્ષણનો પ્રારંભ કર્યો. કોઈ પ્રજા માતૃભાષા પરત્વે કેવંછ મમત્વ દાખવી શકે તેનું ઈઝરાયેલ વૈશ્વિક ઉદાહરણ છે.

પશ્ચિમનાં આટલાં અનુકરણ પછી પણ, મહારાષ્ટ્રમાં મરાઠી, બંગાળમાં બંગાળી, પંજાબમાં પંજાબી ભાષાને સંસ્કૃતિની અસર જોવા મળે છે. એવી સ્થિતિ ગુજરાતમાં જુદી હોવાની વાત છે. અહીં અંગ્રેજી, અંગ્રેજી એટલે થાય છે, કારણ કે ગુજરાતનો વિદ્યાર્થી અમેરિકા, ઈંગ્લેન્ડ જાય તો ત્યાં અંગ્રેજીમાં ચાલતા વ્યવહારમાં કાચો ન પડે. સરકાર એ ચિંતા કરે તે વાજબી પણ છે, પણ એવા વિ-દેશીઓ માટે સરકાર અંગ્રેજી ભણાવવાની જુદી વ્યવસ્થા કરી શકેને ! વિદેશમાં અવદશા ન થાય એટલે સરકાર અંગ્રેજી પર વધારે ધ્યાન આપે ને વધુ અંગ્રેજીની સ્કૂલો ખોલે તો ભલે, પણ આખું ગુજરાત કે તેના ૭ કરોડ ગુજરાતીઓ ઈંગ્લેન્ડ કે અમેરિકામાં વસવાના નથી એ સત્ય માટે બન્ને તરફે ઈરાદાપૂર્વક આંખ આડા કાન થાય છે. સંતાનની અંગ્રેજીની જોડણી ખોટી ન પડે એની કાળજી અભણ માબાપ પણ રાખે છે, પણ ગુજરાતીનો શિક્ષક વર્ગમાં ખોટું ગુજરાતી બોલે કે લખે તેની ચિંતા કોઈને નથી. આજના વેપારી યુગમાં શિક્ષણને સંવેદન જોડે ઝાઝી લેવાદેવા રહી નથી. કમાવી આપે તે શિક્ષણ એ નવી નીતિ છે. માત્ર ધંધાકીય કૌશલ્ય જ કેન્દ્રમાં રહે ને કલા, સાહિત્ય, સંગીત પાછળ નાખવામાં આવે તો માણસ અને યંત્ર વચ્ચે ઝાઝો ફરક નહીં રહે. આજની ભાષા સલાહ, ઉપદેશ કે પ્રચાર પૂરતી જ સીમિત થઈ ગઈ છે.

**પશ્ચિમનાં આટલાં અનુકરણ પછી પણ, મહારાષ્ટ્રમાં મરાઠી, બંગાળમાં બંગાળી, પંજાબમાં પંજાબી ભાષાને સંસ્કૃતિની અસર જોવા મળે છે. એવી સ્થિતિ ગુજરાતમાં જુદી હોવાની વાત છે. અહીં અંગ્રેજી, અંગ્રેજી એટલે થાય છે, કારણ કે ગુજરાતનો વિદ્યાર્થી અમેરિકા, ઈંગ્લેન્ડ જાય તો ત્યાં અંગ્રેજીમાં ચાલતા વ્યવહારમાં કાચો ન પડે.**

**નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (દ્રઈ) આ ખામીને સુધારવાનો પ્રયાસ કરી રહી છે.**

# ભારતીયતાનું જતન કરવા સંસ્કૃત ભણાવો

**પ્રધાને કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિમાં ત્રણ ભાષાએ શીખવવા પર ભાર મુકાયો છે તેનો ઉલ્લેખ કરીને દાવો કર્યો કે, તમિલનાડુ રાજકીય કારણોસર ત્રિ-ભાષા ફોર્મ્યુલાને સ્વીકારી નથી રહ્યું તેથી કેન્દ્ર સરકાર દ્વારા અપાતી ૫૦૦૦ કરોડ રૂપિયાની સહાય ગુમાવી રહ્યું છે.**

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને તમિલનાડુની ડીએમકે સરકાર વચ્ચે હિન્દી ભાષાને મામલે પાછો ખટરાગ શરૂ થયો છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર તમિલનાડુ પર હિન્દી ભાષા થોપી રહી છે એવો મુદ્દો ઊભો કરીને રાજકીય ફાયદો લેવા માંડ્યો છે ને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કરેલા બફાટના કારણે ભેરવાયેલી મોદી સરકાર બચાવની સ્થિતિમાં આવી ગઈ છે. સ્ટાલિને તો ધમકી પણ આપી છે કે, કેન્દ્ર સરકાર અમારા પર હિંદી લાદશે તો અમે ભાષા યુદ્ધ માટે પણ તૈયાર છીએ. સ્ટાલિન જે ભાષામાં વાત કરે છે એ કઠે એવી છે પણ તેમનો વાંક કાઢી શકાય તેમ નથી. હિંદીના મામલે વરસોથી ડીએમકેનું આ જ વલણ છે ને ડીએમકે હિંદીના વિરોધને કારણે તો લોકપ્રિય છે. આ સંજોગોમાં પ્રધાને સ્ટાલિનને તક આપવા જેવી નહોતી પણ ભાજપના નેતાઓમાં પણ મુત્સદ્દીગીરીનો અભાવ છે તેથી પેટ ચોળીને શૂળ ઊભાં કર્યા કરે છે.

આ ખટરાગની શરૂઆત કેન્દ્રના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કરી હતી. પ્રધાને કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિમાં ત્રણ ભાષાએ શીખવવા પર ભાર મુકાયો છે તેનો ઉલ્લેખ કરીને દાવો કર્યો કે, તમિલનાડુ રાજકીય કારણોસર ત્રિ-ભાષા ફોર્મ્યુલાને સ્વીકારી નથી રહ્યું તેથી કેન્દ્ર સરકાર દ્વારા અપાતી ૫૦૦૦ કરોડ રૂપિયાની સહાય ગુમાવી રહ્યું છે. ૧૫ ફેબ્રુઆરીના રોજ વારાણસીમાં એક કાર્યક્રમમાં ધર્મેન્દ્ર પ્રધાને તમિલનાડુ રાજ્ય સરકાર પર હિંદીનો વિરોધ કરીને રાજકીય હિતો સાચવવા માટે વિરોધ કરવાનો આક્ષેપ કર્યો હતો.

ધર્મેન્દ્ર પ્રધાનના નિવેદનના પગલે તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિન અને તેમનો દીકરો તથા નાયબ મુખ્યમંત્રીના ઉદયનિધિ સ્ટાલિન મેદાનમાં આવી ગયા. ૧૮ ફેબ્રુઆરીએ ઉદયનિધિ સ્ટાલિને મોદી સરકારને ભાષા યુદ્ધ શરૂ નહીં કરવા ચીમકી આપી. ચેન્નાઈમાં ડીએમકે રેલીમાં ઉદયનિધિ સ્ટાલિને હુંકાર કર્યો કે, ધર્મેન્દ્ર પ્રધાને અમને ખુલ્લેઆમ ધમકી આપી છે કે જો અમે ત્રિભાષા ફોર્મ્યુલા સ્વીકારીશું તો જ ભંડોળ આપવામાં આવશે પણ અમે તમારી પાસે ભીખ માગી રહ્યા નથી તેથી આ બધી ધમકીઓ ના આપો. ઉદયનિધિએ તો દાવો પણ કર્યો કે, હિન્દી સ્વીકારનારાં રાજ્યો તેમની માતૃભાષા ગુમાવે છે ને અમે તેના માટે તૈયાર નથી. ઉદયનિધિની આક્રમકતાના પગલે પ્રધાને વાયડા થઈને ત્રિભાષા વિવાદ પર સ્ટાલિનને પત્ર લખ્યો હતો. પ્રધાને તમિલનાડુમાં થઈ રહેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (દ્રઈ) વિદ્ધના વિરોધ પ્રદર્શનોની ટીકા કરીને ડહાપણ ડહોળ્યું કે, તમિલનાડુ પર કોઈ પણ ભાષા લાદવાનો કોઈ પ્રશ્ન જ નથી. પણ વિદેશી ભાષાઓ પર વધુ પડતી નિર્ભરતા વ્યક્તિની પોતાની ભાષાને મર્યાદિત કરે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (દ્રઈ) આ ખામીને સુધારવાનો પ્રયાસ કરી રહી છે. નવી શિક્ષણ નીતિ ભાષાકીય સ્વતંત્રતાને સમર્થન આપે છે અને વિદ્યાર્થીઓ તેમની પસંદગીની ભાષા શીખવાનું ચાલુ રાખે એ માટે બનાવાઈ છે. સ્ટાલિને વળતો પત્ર લખીને કેન્દ્ર સરકાર તમિલનાડુને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ૨૨૦૦ કરોડ રૂપિયા નથી આપી રહી તેનો મુદ્દો ઉઠાવી દીધો. સ્ટાલિન સહિતના તમિલ નેતાઓને હિંદીનો વિરોધ કરવામાં મજા આવે છે તેથી તેમણે આ ચર્ચાને આગળ ધપાવતાં કહ્યું છે કે હિન્દીને બળજબરીથી લાદવામાં આવતા ૧૦૦ વર્ષમાં ૨૫ ઉત્તર ભારતીય ભાષાઓ લુપ્ત થઈ ગઈ. સ્ટાલિને પોસ્ટ મૂકી છે કે, આખા દેશમાં હિન્દી ઓળખ સ્થાપિત કરવાની મથામણમાં પ્રાચીન ભાષાઓનો નાશ કરાઈ રહ્યો છે. સ્ટાલિનના દાવા પ્રમાણે, ઉત્તર પ્રદેશ અને બિહાર ક્યારેય હિન્દી પટ્ટા નહોતા અને હવે તેમની મૂળ ભાષાઓ ભૂતકાળના અવશેષ બની ગઈ છે. સ્ટાલિનના દાવા પ્રમાણે તો હિન્દી ભોજપુરી, મૈથિલી, અવધી, બ્રજ, બુંદેલી, ગઢવાલી, કુમાઓની, મગહી, મારવાડી, માલવી, છત્તીસગઢી, સંથાલી, અંગિકા અને બીજી ઘણી ભાષાઓને ગળી ગઈ છે અને આ બધી ભારતીય ભાષાઓ તેમના અસ્તિત્વ માટે ફાંફાં મારી રહી છે. ભાજપે સ્ટાલિનના નિવેદનને મૂર્ખામીભર્યું ગણાવ્યું છે પણ સ્ટાલિનની વાત કંઈક અંશે સાચી છે. બિહાર અને ઉત્તર પ્રદેશમાં બોલાતી પ્રાદેશિક બોલીઓનું અસ્તિત્વ ખતરામાં છે કેમ કે તેમના તરફ ધ્યાન જ નથી અપાતું. હિંદી તેમને ગળી ગઈ છે એવું કહેવું થોડું અતિશયોક્તિભર્યું છે પણ સાવ ખોટું નથી. ખડી બોલી એટલે કે શુદ્ધ હિંદીના કારણે આ પ્રાદેશિક બોલીઓનું મહત્ત્વ સાવ ઘટી ગયું છે એ સાચું છે. હિંદી સ્વીકારનારાં રાજ્યો તેમની માતૃભાષા ગુમાવે છે એ વાત પણ સાચી છે. ગુજરાત અને મહારાષ્ટ્ર તેનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાત ટ્રાવેલ ગાઈડગુજરાત હિંદીમય થઈ ગયું તેમાં ગુજરાતી ભાષાની ઓળખ લુપ્ત થઈ રહી છે. સીધા હિંદીના શબ્દોનો પ્રયોગ વ્યાપક બની રહ્યો છે અને મીડિયામાં સુધ્ધાં ગુજરાતી ભાષાના બદલે હિંદીના ગુગલના ટ્રાન્સલેશનનો ઉતારો ઠલવાય છે. ગુજરાતી તળપદા શબ્દો તો ક્યારનાય ગાયબ થઈ ગયા છે પણ લખાણમાં પણ હિંદીની જ અસર છે. 'મા'ના બદલે 'માં' લખાય કે ના, ની, નું, નો સહિતના પ્રત્યય શબ્દ સાથે જોડવાના બદલે હિંદીની જેમ અલગ લખાય એ બહુ સામાન્ય છે. ગુજરાતી લખનારાંને આ બધી વાતોની ખબર નથી કેમ કે શુદ્ધ ગુજરાતી જાળવવા કોઈ પ્રયત્ન કરાતા નથી. ગુજરાત સરકારની જાહેરખબરોમાં કે લખાણોમાં ગુજરાતી ભાષાના ધજાગરા ઉડી રહ્યા છે પછી બીજા કોઈને તો શું કહેવું? બીજી તરફ મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનું જતન થાય છે. નેતાઓ પણ હિંદીના બદલે મરાઠીમાં બોલવાનો આગ્રહ રાખે છે ને ભાષા તરફ લોકોમાં પણ સતર્કતા છે તેથી મરાઠી મજબૂત ભાષા તરીકે ઊભરી છે. બંગાળી, મલયાલી, કન્નડ, તેલુગુ, તમિલ વગેરે ભાષાઓ પણ મજબૂત બની રહી છે તેનું કારણ એ જ છે.પ્રધાન સહિતના ભાજપના નેતાઓ વિદેશી ભાષાઓમાં નિર્ભરતાની વાતો કરે છે એ પણ હાસ્યાસ્પદ છે. જ્ઞાન બધું અંગ્રેજી સહિતની ભાષાઓમાં છે, આખી દુનિયાનો બિઝનેસ સહિતના આર્થિક વ્યવહારો વિદેશી ભાષાઓમાં ચાલે છે ત્યારે વિદેશી ભાષાઓથી કઈ રીતે દૂર રહી શકાય એ સમજાતું નથી. ભાજપના મોટા ભાગના ટોચના નેતાઓને અંગ્રેજી આવડતું નથી એ કારણ હોય કે બીજું કારણ હોય પણ અંગ્રેજી સહિતની ભાષાઓ તરફ આ અભાવ યોગ્ય નથી. ને છેલ્લે સૌથી મહત્ત્વની વાત. ભાજપને ભારતીયતાની એટલી જ ચિંતા હોય તો સંસ્કૃત ભાષા ભણાવવી ફરજિયાત કરો ને ? ભારતના બધા મહાન ગ્રંથો, મહાન ચિંતન, આયુર્વેદ સહિતની વિદ્યાઓ બધું તો સંસ્કૃતમાં છે તો પછી હિંદીનું પૂંછડું શું કરવા ઝાલીને બેઠા છીએ ? ભારતીય વારસાનું જતન કરવું હોય તો છોકરાંને ફરજિયાત સંસ્કૃત ભણાવો, હિંદી નહી.

# લોકોને ન્યાય મળે તો નવા ક્રિમિનલ કાયદા સાર્થક

**જો કે વધારે મહત્ત્વની બાબત લોકોને ન્યાય મળે એ માટે લેવાયેલી કાળજી અને તેને લગતી જોગવાઈઓ છે. આ પૈકી સૌથી મહત્વની જોગવાઈ એ છે**

ભારતમાં અંગ્રેજોના સમયથી અમલી કાયદા અને કાયદાકીય પ્રક્રિયા બદલવાની દિશામાં એક મોટું પગલું ભરીને લોકસભાએ ત્રણ નવા ક્રિમિનલ બિલ પાસ કરી દીધા છે. આપણે ત્યાં આઝાદી પહેલેથી ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી), કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ (આઈઈએ) અમલમાં છે. આ પૈકી કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) ૧૯૭૩માં અમલી બનેલો જ્યારે ઈન્ડિયન એવિડન્સ એક્ટ (આઈઈએ) ૧૮૭૨માં અમલમાં આવેલો. ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી) તો તેનાથી પણ જૂનો એટલે કે ૧૮૬૦નો કાયદો છે.

બાવા આદમના નહીં પણ બાવા બ્રિટિશના કાળના આ કાયદા જરીપુરાણા થઈ ગયેલા ને ઘણા કાયદા તો હાસ્યાસ્પદ થઈ ગયેલા. મોદી સરકારે એક પ્રસંશનિય પહેલ કરીને આ ત્રણેય કાયદાને સ્થાને આજના જમાનાને અનુરૂપ નવા કાયદા બનાવ્યા છે. આ નવા કાયદામાં ધ ભારતીય ન્યાય (સેક્ધડ) સંહિતા ૨૦૨૩ ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)નું સ્થાન લેશે જ્યારે ભારતીય નાગરિક સુરક્ષા (સેકન્ડ) સંહિતા ૨૦૨૩ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર (સીઆરપીસી)ના સ્થાને આવશે.ઈન્ડિયન એવિડન્સ એક્ટના સ્થાને ભારતીય સાક્ષ્ય (સેક્ધડ) સંહિતા બિલ ૨૦૨૩ અમલમાં આવશે. લોકસભામાં આ કાયદા પસાર થઈ ગયા પછી હવે રાજ્યસભામાં મોકલવામાં આવશે.રાજ્યસભામાં ત્રણેય કાયદા પસાર થયા બાદ રાષ્ટ્રપતિ પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે. લોકસભામાં વિપક્ષના મોટા ભાગના સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા છે તેથી તેમની ગેરહાજરીમાં આ ત્રણેય કાયદા પસાર થઈ ગયા. રાજ્યસભામાં પણ મોટા ભાગના વિપક્ષી સાંસદો સસ્પેન્ડ છે એ જોતાં રાજ્યસભામાં પણ આ કાયદા પસાર કરવામાં વધારે વાર નહીં લાગે. એ પછી તરત જ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પાસે સહી માટે જશે. આ બધી પ્રક્રિયામાં માંડ બે મહિના લાગશે એ જોતાં સંસદનું બજેટ સત્ર શરૂ થતાં પહેલાં તો દેશમાં ત્રણ નવા કાયદા અમલી બની ગયા હશે.મોદી સરકારે જૂના કાયદાના સ્થાને નવા કાયદા લાવીને સારું કામ કર્યું છે તેમાં કોઈ શક નથી. એ સમયની માગ હતી ને મોદી સરકારે સમયની માગને સમજીને કાયદા બદલ્યા છે. અંગ્રેજોના જમાનાના કેટલાક કાયદા હાલના સમયમાં અપ્રસ્તુત બની ગયા છે તેથી તેમને દૂર કરાયા છે જ્યારે નવા જમાના પ્રમાણે કેટલાક કાયદા ઉમેરવામાં આવ્યા છે ને કેટલાક અપરાધોની સજામાં પણ ફેરફાર કરાયો છે.ઉદાહરણ તરીકે બ્રિટિશયુગનો રાજદ્રોહ કાયદો નાબૂદ કરવામાં આવ્યો છે ને તેના સ્થાને નવો દેશદ્રોહનો કાયદો લવાયો છે.

રાજદ્રોહના કાયદામાં સરકારની ટીકા કરનારને પણ જેલમાં ધકેલવાની જોગવાઈ હતી. અંગ્રેજોએ પોતાની સામે ઉઠનારા અવાજોને દબાવવા આ કાયદો બનાવેલો પણ હવે દેશ આઝાદ થઈ ગયો છે. લોકશાહી દેશમાં કોઈપણ વ્યક્તિ સરકારની ટીકા કરી શકે છે. આ લોકોનો અધિકાર છે તેથી ટીકા બદલ જેલમાં ધકલવાનો કાયદો ના ચાલે.દેશદ્રોહનો કાયદો રાજદ્રોહથી બિલકુલ અલગ છે. દેશદ્રોહના કાયદામાં કોઈ વ્યક્તિ દેશની સુરક્ષા અથવા સંપત્તિને નુકસાન પહોંચાડવા માટે કંઈ પણ કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. કોઈ વ્યક્તિ હથિયારો ઉઠાવીને સશસ્ત્ર વિરોધ કરે કે બોમ્બવિસ્ફોટ કરે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ યોગ્ય પણ છે કેમ કે દેશ સામે બળવો કરનારને મુક્ત રહેવાનો કોઈ અધિકાર નથી. આ કાયદામાં આતંકવાદની પણ વ્યાખ્યા કરવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાને જોખમમાં નાખીને ભય ફેલાવશે તેને આતંકવાદી ગણવામાં આવશે અને જેલભેગા કરાશે. આતંકવાદી કૃત્યો કરનારાઓ પ્રત્યે દયા ન રાખવી જોઈએ એ સાચી વાત છે ને આવા કાયદાની જરૂર હતી જ.સગીર પર બળાત્કાર અને મોબ લિંચિંગ જેવા ગુના માટેની સજામાં પણ વધારો કરાયો છે. સગીર પર બળાત્કાર અને મોબ લિંચિંગ જેવા ગુના માટે ફાંસી એટલે કે મૃત્યુદંડ આપવામાં આવશે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની બાળકી પર બળાત્કાર કરવા બદલ આજીવન કેદ અને મૃત્યુદંડની જોગવાઈ કરાઈ છે. ગેંગરેપના દોષિતોને ૨૦ વર્ષ સુધીની કેદ અથવા જીવે ત્યાં સુધી કેદની સજા થશે.નવા કાયદામાં મહત્વનો ફેરફાર કરીને બિન ઈરાદાપૂર્વકની હત્યાને બે કેટેગરીમાં વહેંચી દેવામાં આવી છે. સૂચિત કાયદામાં વાહન ચલાવતી વખતે અકસ્માત થાય અને આરોપી ઘાયલને પોલીસ સ્ટેશન કે હૉસ્પિટલમાં લઈ જાય તો તેને ઓછી સજા આપવામાં આવશે. હિટ એન્ડ રન કેસમાં ૧૦ વર્ષની સજા થશે. આ પહેલાં સ્નેચિંગ માટે કોઈ કાયદો ન હતો પણ હવે સ્નેચિંગના કેસમાં સજા માટે કાયદો બની ગયો છે. એ જ રીતે કોઈ વ્યક્તિને માર મારવામાં આવે અને વ્યક્તિ બ્રેઈન ડેડ થઈ જાય તો પણ આરોપીને ૧૦ વર્ષની કેદની સજા થશે.આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં છે પણ આવા ઘણા ફેરફારો કરાયા છે. જો કે વધારે મહત્ત્વની બાબત લોકોને ન્યાય મળે એ માટે લેવાયેલી કાળજી અને તેને લગતી જોગવાઈઓ છે. આ પૈકી સૌથી મહત્વની જોગવાઈ એ છે કે, કોઈ પણ કેસમાં પોલીસે ત્રણ દિવસમાં રિપોર્ટ આપવો પડશે. ભારતમાં ગરીબોને ન્યાય મળવો મુશ્કેલ છે. બંધારણમાં બધાંને સરખાં ગણાયાં છે પણ ગરીબ વ્યક્તિ ન્યાય મેળવવા જાય તો જૂતાં ઘસાઈ જાય તો પણ ન્યાય નહોતો મળતો. બલકે ફરિયાદ જ નહોતી નોંધાતી.ફરિયાદ નોંધાય તો તપાસ થતી નહોતી કેમ કે સીઆરપીસીમાં પોલીસે કેટલા સમયમાં શિક્ષાત્મક કાર્યવાહી તેની કોઈ સમય મર્યાદા નહોતી. પોલીસ ૧૦ કલાકમાં પણ તપાસ કરી નાંખે ને ૧૦ વર્ષ પછી પણ તપાસ ના કરી હોય એવું બનતું પણ હવે ત્રણ દિવસમાં રિપોર્ટ દાખલ કરવાનો રહેશે. એ જ રીતે રેપ પીડિતાનો રિપોર્ટ પણ સાત દિવસમાં પોલીસ સ્ટેશન અને કોર્ટમાં મોકલવાનો રહેશે.અગાઉ સાતથી ૯૦ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવાની જોગવાઈ હતી પણ તપાસ ચાલી રહી છે એ બહાને વર્ષો સુધી કેસ લટકાવી રાખવામાં આવ્યા હતા. હવે ૯૦ દિવસનો સમય પૂરો થયા પછી માત્ર ૯૦ દિવસનો સમય મળશે. મતલબ કે, ૧૮૦ દિવસ પછી ચાર્જશીટ લટકાવી નહીં શકાય.આ ફેરફારો સારા છે ને આશા રાખીએ કે તેના કારણે લોકોને ખરેખર ન્યાય મળશે.

# મોગાન – કેનેરી આઇલેન્ડ્સનું લિટલ વેનિસ

ટેમ્પરરી ઘરોની મજા એ છે કે ત્યાં બે-ત્રણ દિવસમાં એવી રીતે ચીજો ફેલાઈ જાય અને આદતો બંધાઈ જાય કે ત્યાં લાંબા સમયથી રહેતાં હોઈએ એવું લાગવા માંડે. દસેક દિવસના એપાર્ટમેન્ટ સાથે હવે એવો ઘરોબો થઈ ગયેલો કે એક તરફ જઈશું તો એક ભવ્ય વૃક્ષ આવશે, બીજી તરફ રેસ્ટોરાં અને શોપ્સવાળો ઓપન એર મોલ આવશે, ઢાળ ઊતરીને જઈશું તો બીચ આવશે, એ જ ઢાળની ઊંધી બાજુ વધુ એક મોલ આવશે. જ્યાં પણ જઈશું ત્યાં ગાડીઓ પાર્ક હશે અને એક સરખી બોડી લેન્ગવેજ સાથે દુનિયાભરનાં ટૂરિસ્ટ આવતાં દેખાશે. આ વિસ્તાર એટલો ટૂરિસ્ટી હતો કે ત્યાં ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીમાં કામ કરનારાં અને ટૂરિસ્ટ સિવાય બીજા કોઈ પ્રકારનાં સ્થાનિક લોકો દેખાતાં જ ન હતાં. એવામાં અમે મોલમાં એક ગુજરાતીની જ્વેલરી શોપ, એક સિંધીનું રેસ્ટોરાં, એક જર્મનનું પબ પણ જોઈ આવેલાં. કેનેરી ટાપુ પર ઘર ખરીદીને રહેવા માંડેલાં લોકો પણ સ્થાનિક તો નહોતાં જ લાગતાં. ત્યાં એટલું રિલેક્સ થઈ જવાતું હતું કે ત્યાં કામ કરનારાં લોકો પણ જરાય સ્ટ્રેસમાં હોય તેવો અણસાર નહોતો આવતો.ટાપુ એવો ગોળ હતો કે કોઈ પણ દિશાની પરિક્રમા કરીને એપાર્ટમેન્ટ પર પાછાં આવી જવાતું હતું. છતાંય અમે દરરોજ જે દિશામાં જતાં હતાં તે જ દિશાથી પાછાં પણ આવતાં. એ માસપાલોમાસ અને લા પાલ્માની દિશાને બદલે એક દિવસ અમે ઊંધી દિશામાં જવાનું નક્કી કરીને નીકળ્યાં. એ બાજુ પણ એ જ બીચ અને રિસોર્ટ ટાઉન હતાં. વધુ આગળ જતાં એક આખો પેચ આવતો હતો જ્યાં માત્ર જંગલ અને લાવાના પહાડો હતા. તેની પાછળ સીધું લા પાલ્મા આવતું. અમે તો આખો ટાપુ ચીરીને વસતી વચ્ચે થઈને લા પાલ્મા ગયેલાં. હવે હાઈક કરવાનો તો કોઈ પ્લાન ન હતો, બાકી અહીંથી લોકો દિવસોની હાઈક કે સાઈકલ ટ્રિપ પ્લાન કરીને એક ગામથી બીજા ગામ પણ જતાં. વગડો અને નિર્જન વિસ્તાર શરૂ થાય તે પહેલાં એક ભરચક ગામ હોવાની વાત હતી. તે ગામનું નામ જોઈને પહેલાં તો ગુજરાતી નામ મગન જ મગજમાં આવતું હતું. મોગાન નામે આ ગામ અત્યાર સુધીમાં ગ્રાન કનેરિયા જ નહીં બાકીના બધા કનેરી ટાપુઓ કરતાં સૌથી અલગ હતું.મોગાનમાં પાર્કિંગથી પ્રોમોનાડ પહોંચવામાં તો તેના ઘણા ચહેરા જોવા મળી ગયા હતા. ત્યાં કોમન બેઝમેન્ટ પાર્કિંગથી બહાર નીકળતાં થોડાં રેસ્ટોરાં, ઘરો, દુકાનો વટાવતાં દરિયો આવ્યો તો ખરો પણ ત્યાંનું યોટ પાર્કિંગ દરિયાને પણ ઝાંખું પાડી દે તેવું નીકળ્યું. એક તરફ હિસ્ટોરિકલ ડિસ્ટ્રિક્ટના રંગો, બીજી તરફ પાર્ક થયેલી યોટ્સ, પછી ત્યાં કેનાલ્સ જોવા મળી ગઈ. ત્યારે સમજાયું કે આ ગામ ત્યાંનું લિટલ વેનિસ શા માટે કહેવાય છે. મજાની વાત એ છે કે કેનાલને કારણે પડતા પાર્ટ્સનો દરેક પાર્ટ અનોખો હતો. મોગાનનું મરિના જ્યાં પણ જુઓ ત્યાંનું દૃશ્ય કોઈ પોસ્ટકાર્ટ જેવું જ લાગતું હતું. હવે મરિનાને મગજ પર કંડારવા માટે ત્યાંના એક કાફે પર બેસીને બધી તરફ બસ જોયા કરવાનું હતું. ત્યાં મરિનાના દરિયા તરફના ખૂણે એક અત્યંત અટ્રેક્ટિવ ઈમારત હતી. ત્યાં આમ તો અમે આર્ક પાસે ફોટો પડાવવા ઊભાં રહી ગયાં, પણ નજીકથી જોવા મળ્યું કે તે પોલીસ સ્ટેશન હતું. એ કદાચ દુનિયાનું સૌથી સુંદર પોલીસ સ્ટેશન હોય તોય નવાઈ નહીં.હજી ૧૯૮૦ સુધી તો મોગાન માત્ર એક ફિશિંગ વિલેજ હતું. અહીંનાં ઘરોમાં માત્ર માછીમારોની કોમ્યુનિટી જ રહેતી. હજી પણ મોગાનના મરિનાથી બહાર નીકળતાં ત્યાં ખરાં સ્થાનિક લોકો અને તેમનાં ઘરો જોવા મળી જતાં હતાં. મરિના પરનાં ઘરો તો સફેદ હતાં પણ તેમને રંગીન આઉટલાઈન આપવામાં આવેલી, તેના કારણે અહીંનું આર્કિટેક્ચર પણ ખાસ લાગતું હતું. આમ જોવા જાઓ તો તેમાં કોઈ ખાસ કરામત ન હતી. ખાલી રંગીન આઉટલાઈનમાં જ એવું લાગવા માંડેલું કે આવું વિલેજ લેન્ડસ્કેપ ક્યાંય નથી દેખાયું. તેમાંય જે ઘરો લોકલ્સનાં હતાં તેમણે તો ઘરનાં એન્ટ્રન્સ પર ફૂલોનાં આર્ક પણ બનાવ્યાં છે.મોગાનનાં રંગો, કેનાલ્સ, ફૂલો, બોટ્સ વચ્ચે અહીં સ્પેનિશ અને આફ્રિકન ક્વિઝિન તો મળતું જ હતું, ત્યાં સુવિનિયર્સ પણ જરા અલગ લાગતાં હતાં. અહીં નાસ્તો કરવા બેઠા ત્યારે અહીંની મોહો ચટણી વધુ ગાર્લિકી અને વધુ તીખી લાગી. મસાલેદાર હોવા છતાંય ત્યાંની વાનગીઓ ભારતીય ફૂડ કરતાં સાવ અલગ લાગતી હતી. સ્વાભાવિક છે ત્યાંથી હજી વધુ મસાલા ખરીદ્યા. અહીંનાં તડકામાં સૂકવેલાં ઓરેગાનો અને બેઝિલ ઉપરાંત પાયેયાનો મિક્સ મસાલો જોઈને જ એટલો મજાનો લાગતો હતો કે માત્ર કૂકિગ માટે નહીં, ડેકોરેશન માટે પણ લેવા જેવો લાગતો હતો. એટલું પૂરતું ન હોય તેમ અહીં એક પીળી સબમરીન પારદર્શક તળિયા સાથે બોટિગ કરવા લઈ જાય છે. તેની લાઈન એટલી લાંબી હતી કે અમે એ પ્લાન માંડી વાળ્યો.વળતાં પાર્કિંગ તરફ એક બેકરી અને ચોકોલાટરી પર એક ઉંમરલાયક બહેન એક મોટા તાવડા પર ડ્રાયફ્રૂટ અને નટ્સ રોસ્ટ કરતાં કરતાં બૂમો પાડીને બધાંને બોલાવતાં હતાં. હવે ત્યાં તો જવું જ પડે. અંદર ગયાં અને જોયું તો મોટું ટેસ્ટિગ બૂફે લાગેલું હતું. સ્વિટ બ્રેડ, અલગ અલગ પ્રકારની ટાપુની જાણીતી ટોફી, નટ્સની ચોકલેટ્સ, પેસ્ટ્રીઝની પ્લેટ્સ પરથી લોકો ચાખવા માટે ખોબો ભરીને ગપચાવી જતાં હતાં અને દુકાનમાં લટાર મારીને ફરી નવી ચીજો ચાખવા આવી જતાં હતાં. અમે પણ ઘણું ચાખ્યું અને જે પણ ભાવ્યું તે પેક કરાવ્યું. એમાં ને એમાં જર્મની પાછાં આવીને મિત્રોને આપવાની ગૂડીબેગ્સ પણ લેવાઈ ગઈ. ખાસ કરીને તેના કારણે ગ્રાન કનેરિયાની સ્થાનિક ચોકલેટો વિષે જાણવા મળી ગયું.મોગાનમાં હજી ઘણો વધુ સમય વિતાવી શકાયો હોત. લા પાલ્માની જેમ અહીં પણ એ જ વિચાર આવ્યો કે નેક્સ્ટ ટાઈમ અહીં આવીએ તો મોગાનમાં રહી શકાય. મોગાનમાં હજી શું કરી શક્યાં હોત તેનું લિસ્ટ એટલું લાંબું હતું કે હજી આ જ ટ્રિપમાં અહીં પાછાં આવવાનો પ્લાન બની ગયેલો.

**અહીં નાસ્તો કરવા બેઠા ત્યારે અહીંની મોહો ચટણી વધુ ગાર્લિકી અને વધુ તીખી લાગી.**

## આપણા વારસાને નષ્ટ કરતું પાકિસ્તાન

તાજેતરમાં જ પાકિસ્તાનના ગેરકાયદે કબ્જાવાળા ગુલામ કાશ્મીરમાં શારદા પીઠ મંદિરની દીવાલ તોડી નાખવામાં આવી. તેનાથી ભારતીયોમાં ગુસ્સાની લહેર વ્યાપી. શારદા પીઠ ઉપાસ્ય અને ઈતિહાસ સિદ્ધ છે. પાકિસ્તાને એના પર સેના માટે કોફી હાઉસ બનાવ્યું છે. ભારતના દારા શિકોહ ફાઉન્ડેશને યુનેસ્કોને ફરિયાદી પત્ર લખ્યો છે. મંદિર યુનેસ્કોની સંરક્ષણ યાદીમાં છે. પાકિસ્તાને આ હિંદુ સાંસ્કૃતિક વારસાને જાણીજોઈને નિશાન બનાવ્યું છે. શંકરાચાર્યએ પણ અહીં ઉપાસના કરી હતી. સ્થાનિક વિદ્વાનોએ શંકરાચાર્ય પાસેથી ન્યાયદર્શન, સાંખ્ય, બૌદ્ધ અને જૈન દર્શન પર ચર્ચા કરી હતી. દાર્શનિક રામાનુજાચાર્ય પણ શારદા પીઠ ગયા હતા. પાકિસ્તાનમાં મંદિર તોડવાની આ પહેલી ઘટના નથી. વિભાજન બાદ હિંદુ સંસ્કૃતિ અને દર્શનના અનેક કેન્દ્ર પાકિસ્તાની થઈ ગયા. ઋગ્વેદની પ્રસિદ્ધ નદી સિંધુ પણ પાકિસ્તાની થઈ ગઈ. પાકિસ્તાની હિસ્સામાં સેંકડો હિંદુ મંદિર પણ ચાલ્યા ગયા. હિંદુઓ અલ્પસંખ્યક થઈ ગયા. લરકાના મંદિર પર ૨૦૧૪માં હુમલો થયો. પછી ૨૦૧૯માં અનેક મંદિરો પર હુમલા થયા. મૂર્તિઓ ગાયબ થઈ ગઈ. ત્યારે પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. ૨૦૨૧માં ખૈબર પખ્તૂનખ્વાના મંદિરોમાં તોડફોડ થઈ. એક મૌલાના મો.શરીફે ઉપાસના સ્થળોને તોડવાને પવિત્ર ફરજ ગણાવી હતી. હિંદુ આસ્થા કેન્દ્રો-મંદિરોના ધ્વસ્તીકરણને ફરજ ગણાવવી અપમાનજનક છે.સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય ચાર્ટરમાં અલ્પસંખ્યકોને પોતાની સંસ્કૃતિના પાલનનો અધિકાર છે, પરંતુ પાકિસ્તાનમાં અલ્પસંખ્યક હિંદુ ઉત્પીડનના શિકાર છે. જોર-જબરદસ્તીથી ધર્માંતરણ થાય છે. હિંદુ છોકરીઓ અને મહિલાઓને પકડીને જબરદસ્તી નિવેદન અપાવવામાં આવે છે કે તેઓ પોતાની મરજીથી હિંદુ ધર્મ છોડી રહી છે. ઈશનિંદા કાયદો પણ અલ્પસંખ્યક ઉત્પીડક છે. ખોટા કેસો કરવામાં આવે છે. વિભાજનના સમયે પાકિસ્તાનમાં ૪૨૮ મંદિરો હતા. હવે ૨૨ જ બચ્યા છે! આ જ પ્રકારે હિંદુ આબાદી પણ ઘટી રહી છે. આખરે હિંદુ પરિવારો ક્યાં ચાલ્યા ગયા? શું તેઓ કોઈ બીજા દેશમાં પલાયન કરી ગયા? શું તેમનું જબરદસ્તી ધર્માંતરણ કરાવાયું? મંદિરોને કોણે ધ્વસ્ત કર્યા અને કેમ? હિંદુ ઉત્પીડનના પ્રશ્ન પર દુનિયાના કોઈપણ દેશે સહાનુભૂતિપૂર્વક પ્રતિક્રિયા કેમ ન આપી? શારદાને કાશ્મીરની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવે છે. શારદા પીઠની પોતાની લિપિ હતી, જેનો ઉપયોગ ભારતીય ઉપમહાદ્વીપના ઉત્તર-પશ્ચિમી ભાગમાં થતો હતો. કહેવાય છે કે આ પશ્ચિમી બ્રાહ્મી લિપિથી નવમી શતાબ્દીમાં વિકસિત થઈ. હિમાચલ પ્રદેશના કેટલા હિસ્સામાં તેરમી સદી સુધી તેનો પ્રયોગ થયાનું કહેવાય છે. ઈતિહાસકાર અલ બરુનીએ ભારત યાત્રાના વર્ણનમાં 'સિદ્ધિમાત્રિક' નામે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સુરતધ્વનિ



# મીડિયા લિટરસિ નાગરિકોને સાચા-ખોટાનો ભેદ પારખતા શીખવતો આ જાગૃતિ કાર્યક્રમ કેટલો સફળ?


મીડિયા લિટરસિ. આ શબ્દપ્રયોગ નવો લાગી શકે, પરંતુ આ કોઈ નવો ખ્યાલ નથી. હા, ૨૦૧૬થી આ કોન્સેપ્ટ-વિચાર વધુ ફેલાયો છે, જ્યારથી એક બિઝનેસમેન- હોટેલિયર અને વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતો એક આદમી નામે ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાનો રાષ્ટ્રપતિ બન્યો. એના પર વુમનાઈઝર- વ્યાભિચારી હોવાના આક્ષેપ થયા છે. સત્ય આપણને ખબર નથી, પણ સાશિયલ મીડિયા અને મીડિયા હેન્ડલ કરીને જીતી ગયેલા ડોનલ્ડ ટ્રમ્પની જીત પછી દુનિયાને સમજાયું કે મીડિયામાં તથ્ય સાથે ચેડાં કરવા કેટલા સરળ છે. ફેક ન્યૂઝ તો આધુનિક સંસ્કૃતિનો ભાગ બની ગયો. ફેક ન્યૂઝ એક વૈશ્વિક ચિંતા બની ગઈ છે. લોકો જે વાંચી રહ્યા હતા ને જોઈ રહ્યા હતા તેની વિશ્વસનીયતા પર અચાનક જ પ્રશ્ન ઉઠાવવા લાગ્યા છે. તાજેતરમાં માર્ક ઝુકરબર્ગે 'ફેસબુક' અને 'ઈન્સ્ટાગ્રામ' પર ફેક્ટ-ચેકિંગ પ્રોગ્રામ બંધ કરવાનો નિર્ણય લીધો. એમણે દાવો કર્યો કે લોકોએ ફેક્ટ-ચેકિંગની પ્રોસિજરમાંથી વિશ્વાસ ગુમાવી દીધો છે. ઘણા મીડિયા એક્સપર્ટ, અઈના એક્સપર્ટ અને પત્રકારો ઝુકરના આ નિર્ણયને એક ખતરનાક પગલું માને છે. ખોટી માહિતી અનિયંત્રિત રીતે બધે ફેલાઈ રહી છે, જ્યારે વાસ્તવિક મુદ્દે વધુ ગહન છે. શું આપણે ખરેખર બધું જ ફેક્ટ-ચેકિંગ કરી શકવાના છીએ? મીડિયા લિટરસિનો હેતુ લોકોને જે માહિતી ગ્રહણ કરે છે તેનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં મદદરૂપ થવાનો છે. મીડિયા લિટરસિ સૈદ્ધાંતિક રીતેઆપણને નકલી સમાચાર અને ખોટી માહિતી ઓળખવામાં મદદ કરશે. જોકે, મીડિયા પોતે પણ અમુક અંશે ખામીયુક્ત છે. મીડિયા પોતાના ઘણા પૂર્વગ્રહ અને છુપાયેલા એજન્ડા ઉપરાંત ચોક્કસ પ્રકારનું રિપોર્ટિંગ કરે છે. જૂજ અપવાદ સિવાય ઘણે ઠેકાણે સગવડિયો ધર્મ અપનાવવામાં આવ્યો હોય તે જોઈ શકાય છે. અથવા તો અનુભવી શકાય છે. બ્રિટિશ વિદ્વાન બ્રાયન સ્ટ્રીટે દલીલ કરી હતી કે લિટરસિ હંમેશાં વૈચારિક હોય છે — તે ચોક્કસ ગ્લોબલ દષ્ટિકોણ દ્વારા આકાર પામે છે અને ઘણીવાર તેનો ઉપયોગ કોઈ ચોક્કસ દષ્ટિકોણને થોપવા કે અન્યને અવગણવા માટે થાય છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં વિશ્વ વિશેની આપણી સમજ મીડિયા આધારિત બની ગઈ છે. આપણે ફક્ત વાસ્તવિકતામાં જીવતા નથી- આપણે એક 'મીડિયા રિયાલિટી'માં જીવીએ છીએ, જ્યાં બધું જ વાર્તા કે કહાની, અભિપ્રાય કે એજેન્ડા અને ક્યારેક તો વિકૃતિના દષ્ટિકોણથી પણ રજૂ કરવામાં આવે છે. ૨૦૨૨માં અમેરિકન હાઈસ્કૂલોમાં મીડિયા લિટરસિ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા. જોકે, આની પહેલ ડેમોક્રેટિક રાજકારણીઓ દ્વારા કરવામાં આવી હતી અને સૌપ્રથમ ડેમોક્રેટિક રાજ્ય (ઇલિનોઇસ)માં અમલમાં મૂકવામાં આવી હતી તેથી ઘણા રિપબ્લિકન્સે તેનો વિરોધ કર્યો. મીડિયા લિટરસિ પોતે જ રાજકીય યુદ્ધનું મેદાન બની શકે છે. ભારતમાં આવો કાર્યક્રમ શરૂ થાય તો કેવું ગંદું રાજકારણ ખેલાય? રતની વાત કરીએ તો સખેદ કહેવું પડે કે સરકાર દ્વારા મીડિયા લિટરસિને મોટાભાગે અવગણવામાં આવી છે. કોવિડ-૧૯ની મહામારી દરમિયાન, અધિકારીઓએ દાવો કર્યો હતો કે વાયરસ વિશે નિયમિત અપડેટ્સ આપીને એ લોકોને 'મીડિયા-લીટરેટ' બનાવી રહ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો સરકારી દાવો હતો કે એ લોકો લોકોમાં મીડિયા વિશેની સાક્ષરતા વધારી રહ્યા છે જોકે, માળખાગત મીડિયા લિટરસિના કાર્યક્રમ ભારતમાં હજુ પણ દુર્લભ છે. કેટલીક સ્વતંત્ર સંસ્થાઓ લોકોને ખોટી માહિતી, ખાસ કરીને ઠવફતિંઆ દ્વારા ફેલાતા ફેક ન્યૂઝ વિશે શિક્ષિત કરવાનું કામ કરે છે ખરી, પરંતુ આ પ્રયાસો છૂટાછવાયા છે, જેથી એની અસર મર્યાદિત રહે છે. બીજી તરફ, વિડંબના એ છે કે લોકો મીડિયા કેવી રીતે કામ કરે છે તે જેટલું વધુ સમજતા જાય છે તેટલો જ એના પર અવિશ્વાસ વધતો જાય છે. વિવિધ અભ્યાસ દર્શાવે છે કે વિશ્વભરના લોકોનો પત્રકારત્વમાં વિશ્વાસ ઘટી રહ્યો છે. મીડિયા લિટરસિ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે એવું લાગે છે, પરંતુ તેના બદલે તે ઘણીવાર લોકોને વધુ શંકાસ્પદ બનાવે છે.

# બોરડી નીચે સૂતેલો આળસુ બોર માગે

આળસુ માણસની કદાચ આ એક ઉત્તમ વ્યાખ્યા છે. આળસુ એટલે મંદ, સુસ્ત. જેને કામ કરવાનું મન ન થાય તે આળસુ અને વધારેપડતી આળસ હોય તે એદી ગણાય. એદી કામ કરે જ નહિ. આળસુ કામ કરવામાં ઢીલ કરે, મોડું કરે અને કાં તો કામ અધૂરું મૂકે. આળસુ અને એદી વચ્ચેનો ફરક સમજાવતી કથા જાણવા જેવી છે. એક આળસુ બોરના ઝાડ — બોરડી નીચે આડો પડ્યો હતો. હાથ લાંબો કરે તો લઈ શકાય એટલા અંતરે પાકા બોર પડ્યા હતા. ખાવાની બહુ ઈચ્છા હતી, પણ હાથ લાંબો કરી બોર ઉપાડવાની આળસ થઈ ભાઈ સાહેબને. એ રસ્તેથી પસાર થતું કોઈ નીકળે તો એની પાસે બોર માગી લેવાનો વિચાર તેણે કર્યો અને મનોમન મલકાઈ ગયો. જાણે કોઈ અઘરી સમસ્યાનો ઉકેલ ન મળી ગયો હોય! થોડી જ વારમાં એક ઊંટ પર બેસી પસાર થતો માણસ નજરે ચડ્યો. તરત આળસુ ભાઈ બોલ્યા કે 'અરે ઊંટવાળા ભાઈ. જરા હેઠા ઊતરી આ પાસે બોર પડ્યા છે એ મારા મોમાં નાખતા જાઓ તો મોટી મહેરબાની થશે.' ઊંટવાળા ભાઈને અચરજ થયું. એ બોલ્યો કે 'ગરજવાનને અક્કલ ન હોય. મારા દોડતા ઊંટને હું ઊભો રાખું, એને નીચે બેસાડું, પછી એના પરથી હું નીચે ઊતરું, તારી પાસે આવું, તારા મોંમાં બોર નાખું અને પછી ઊંટ ઉપર બેસી આગળ વધુ તો મારો કેટલો બધો સમય જાય. એના કરતાં હાથ જરા લાંબો કરી બોર લઈને ખાઈ લે. કોઈના ઓશિયાળા થવાની શું જરૂર છે?' હવે આળસુનો જવાબ સાંભળો. ઊંટવાળા ભાઈને આળસુએ કહ્યું કે 'તમે ગજબના આળસુ લાગો છો. એક નંબરના એદી છો. તમને ઊંટ પરથી ઊતરવાની આળસ થાય છે એટલે મીઠી મીઠી વાતો કરી મને ફોસલાવો છો. નીકળો ભાઈ નીકળો અહીંથી. તમારા જેવા આળસુનું અહીં કોઈ કામ નથી.' આ વાત સાંભળી ઊંટવાળા ભાઈ માર્મિક હસ્યા અને ત્યાંથી નીકળી ગયા. આળસુ આળસુની જગ્યાએ અને બોર બોરની જગ્યાએ રહ્યા.

ભાષાના સંદર્ભમાં પ્રસંગોપાત કોઈ ઘટના કે બનાવ કે અન્ય કોઈ કારણસર બદલાવ આવતા હોય છે. કેટલાક ફેરફાર કાયમ માટે અડિંગો લગાવીને રૂઢ થઈ જાય છે તો કેટલાક કાળક્રમે લુપ્ત થઈ વિસરાઈ પણ જાય છે. ૧૯૨૦ના દાયકામાં યુએસએમાં પ્રાણી અને શરીરના અંગ સાથે જોડાણ સાધવાની કોશિશ કરવામાં આવી હતી. આ પ્રયાસને પગલે Bees knees, Have ants in one's pants વગેરે પ્રયોગ અસ્તિત્વમાં આવ્યા. આ રૂઢિપ્રયોગના જન્મ પાછળ નાનકડી પણ મજેદાર કથા રહેલી છે. Bee's knees means Particularly good ro impressive, Excellence ro perfection. બીઝ નીઝ (મધમાખીના ઘૂંટણ)નો ભાવાર્થ અત્યંત ઉમદા કે પ્રભાવી અથવા શ્રેષ્ઠતમ કે અણીશુદ્ધ એવો થાય છે. Your competition entry was by far the best – the bee's knees. સ્પર્ધામાં તમારી કૃતિ શ્રેષ્ઠતમ હતી. એક ભાષા સંશોધકે એવું અનુમાન તારવ્યું છે કે મધમાખી પોતાના પગમાં ફૂલની પરાગરજ લઈ જતી હોય છે અને આ પરાગકણ ગુણવત્તામાં સમૃદ્ધ હોવાથી આ રૂઢિપ્રયોગ અસ્તિત્વમાં આવ્યો હોવો જોઈએ.

Another example of animal – body part idiom is Have ants in one's pants. આ રૂઢિપ્રયોગનો જન્મ વીસમી સદીના મધ્ય ભાગમાં થયો હોવાની માન્યતા છે. he imagery of ants crawling inside one's pants was used figuratively to depict a state of restlessness, ro impatience. પાટલૂનની અંદર કીડીઓ ચડવી કલ્પના અસ્વસ્થતા કે અધીરાઈનું પ્રતિબિંબ છે. કોઈ કાર્યક્રમ શરૂ થવા પહેલા કે પછી કોઈ પરિણામની રાહ જોતી વખતે મનમાં બેચેની કે અધીરાઈ મેહસૂસ થાય એ દર્શાવવા આ રૂઢિપ્રયોગનો ઉપયોગ થતો આવ્યો છે. કોઈ સ્ટેજ શો પૂર્વે અથવા નોકરીના ઈન્ટરવ્યૂ પહેલા કે પછી લાંબા પ્રવાસે નીકળતી વખતે જે લાગણી અનુભવાય એ અહી વ્યક્ત થાય છે. કોઈ વ્યક્તિ હાયપર એક્ટિવ (ચંચળ અવસ્થા) હોય અને કોઈ એક જગ્યાએ ઝાઝો સમય બેસી ન શકે કે ઊભા ન રહેવાય એ દર્શાવવા પણ આ રૂઢિપ્રયોગ વપરાય છે. Children have ants in their pants befroe birthday parties. વર્ષગાંઠની પાર્ટી પહેલા બાળકો અધીરા બની જતા હોય છે. ગુજરાતીમાં પણ આવો એક પ્રયોગ છે કીડીઓ ચડવી. જોકે, એનો અર્થ સાવ વિપરીત અશક્તિ લાગવી, કામ કરવાનો કંટાળો આવવો એવો થાય છે.





## આનેવાલા પલ, જાનેવાલા હૈપ એમ? આ તો ખબર જ નહોતી, લ્યા!

# નિફ્ટીનું નૂર કેમ હણાયું?




ટ્રમ્પની ટેરિફ વૉર સાથે 'સેલ ઇન્ડિયા, બાય ચાઇના'નો ટ્રેન્ડ અને અમેરિકાનું સ્ટેગફ્લેશન ઇક્વિટી માર્કેટની કમર તોડી નાખશે? શેરબજાર પર એકસાથે અમેરિકન આફતો ત્રાટકી પડી છે. એક તરફ ટ્રમ્પે ટેરિફની અવળચંડી મિસાઇલોનો મારો સતત ચાલુ રાખ્યો છે, તો બીજી તરફ અમેરિકામાં સ્ટેગફ્લેશન જામવાની આશંકાએ વિશ્રવભરના શેરબજારીયાઓની ઊંઘ હરામ કરી નાંખી છે. આ તરફ નિફ્ટીનું નૂર હણાઇ ગયું છે અને તેમાં ચીન તરફ ડોલરનો પ્રવાહ ફંટાઇ જવાની આ નવી મુસીબતથી રોકાણકારોની ચિંતા વધી છે. સોમવારે લગભગ ૯૦૦ પોઇન્ટનો ધબડકો નોંધાવ્યા બાદ મંગળવારે વિશ્રવબજારમાં ચારેતરફ નરમાઇના હવામાનમાં સેન્સેકસે આશ્ચર્યજનક રીતે સાધારણ સુધારો નોંધાવ્યો હતો. જોકે, એને વેલ્યૂબાઇંગનું નામ આપો કે ગમે તે નામ આપો, પરંતુ સવાલ એ જ છે કે નિફ્ટી ક્યાં સુધી ગબડતો રહેશે? મંગળવારે પણ નિફ્ટી તો સત્રને અંતે નેગેટીવ ઝોનમાં જ સ્થિર થયો હતો! આ સવાલનો આમ તો હાલ કોઇ એનાલિસ્ટ સ્પષ્ટ જવાબ નથી આપતાં પરંતુ કદાચ નિફ્ટીનું નૂર હણાવા પાછળના કારણમાં આ સવાલનો કંઇક જવાબ મળી શકે! સરળ અને દેખીતા, કે રોજ છપાતા કારણોની વાત કરીએ તો કોર્પોરેટ ક્ષેત્રની નબળી કમાણી, વિદેશી ફંડોની એકધારી વેચવાલી અને આર્થિક સ્તરની અનિશ્ર્ચિતતાઓએ રોકાણકારોનો વિશ્રવાસ ભાંગી નાંખ્યો હોવાથી મુખ્ય બેન્ચમાર્ક ચાર મહિના પહેલાના વિક્રમી ઊંચા સ્તરેથી નીચે પટકાઇ ગયા છે. નિફ્ટી અને સેન્સેક્સમાં ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં લગભગ ચાર ટકાથી મોટો ઘટાડો થયો છે, બીજા શબ્દોમાં ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જોવા મળેલા તેમના શિખર સામે ઉક્ત બંને બેન્ચમાર્કમાં અનુક્રમે ૧૩.૮૦ ટકા અને ૧૨.૯૮ ટકા સુધીનું ધોવાણ થયું છે. વિશ્ર્લેષકો કહે છે કે નિફ્ટી ડેન્ઝર ઝોનમાં પ્રવેશી રહ્યો છે. નિફ્ટીમાં છેલ્લી વખત સતત પાંચ મહિનાનો ઘટાડો જુલાઈ અને નવેમ્બર ૧૯૯૬ વચ્ચે જોવા મળ્યો હતો. નિફ્ટીમાં ફક્ત બે વાર પાંચ મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે ૧૯૯૮ અને ૨૦૦૧માં ચાર મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે. રેકોર્ડ પરનો સૌથી લાંબો ઘટાડો સપ્ટેમ્બર ૧૯૯૪થી એપ્રિલ ૧૯૯૫ વચ્ચે સતત આઠ મહિનાનો રહ્યો છે. હવે આપણે શેરબજારને ડહોળનારા મુખ્ય કેન્દ્ર બની ગયેલા અમેરિકા તરફ જોઇએ તો ક્ધઝ્યુમર ડિમાન્ડમાં નરમાઈ અને ટેરિફ ધમકીઓની ચિંતાને કારણે વધેલી અને વધતી રહેતી આર્થિક અનિશ્ર્ચતતા વચ્ચે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં ઝટકો લાગતાં ભારતીય શેરબજાર પણ સપાટામાં આવી ગયાં છે. એકતરફ ફેબ્રુઆરીમાં યુએસ ક્ધઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ ૧૫ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જ્યારે પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પની પ્રસ્તાવિત ટેરિફ સાથે વધુ નવા દેશોમાં ટેરિફ લાદવાની ધમકીઓને કારણે ઇન્ફ્લેશન વધુ વકરવાની ધારણાએ ઇક્વિટી રોકાણકારોની ચિંતામાં વધારો કર્યોછે. ભારતના બંને મુખ્ય બેન્ચમાર્ક સપ્ટેમ્બર ૨૦૨૪ના તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી અંદાજે ૧૩ ટકા જેટલા ઘટ્યા છે,

કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ ઉપરાંત આગળ પણ કામગીરી નબળી રહેવાની આશંકા, ટ્રમ્પ ટેરિફ ટેરરને કારણે વિદેશી સંસ્થાકીય ફંડોની એકધારી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં વધી રહેલી અનિશ્ર્ચિતાને કારણે ઇક્વિટી માર્કેટનું મોરલ સાવ ખખડી ગયું છે. બજારના નિરીક્ષકોના મતે ચીન ફરી જોખમ બન્યું છે. ચીની શેરોમાં તીવ્ર ઉછાળો નજીકના ભવિષ્યમાં પણ અવરોધરૂપ છે. ચીની શેરબજાર આકર્ષક રહેવાને કારણે 'સેલ ઇન્ડિયા, બાય ચાઇના' વેપાર સૂત્ર થોડા સમય માટે ચાલુ રહી શકે છેતાજેતરમાં સાથેની વાતચીતમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારામન અને નાણાં સચિવે જણાવ્યું હતું કે વિદેશી ફંડો પ્રોફિટ બુકિંગ કરીને નફો કોઇ બીજા ઇર્મજિંગ માર્કેટમાં નહી પરંતુ તેમના પોતાના દેશમાં પરત લઇ જઇ રહ્યાં છે. જોકે, એફઆઇઆઇ ચીનમાં રોકાણ વધારી રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં એકધારી વેચવાલી સામે ચીનમાં તેઓ લેવાલી કરી રહ્યાં છે અને એ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો તે ભારતીય રોકાણકારો માટે નુકસાનકારક બની શકે છે. અમેરિકામાં ટેરિફના ટોરપિડોને કારણે લાંબા ગાળાના ફુગાવાની અપેક્ષાઓ વધી રહી હોવાથી, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં અપેક્ષિત ઘટાડો થવાની શક્યતા સાવ ઘટી ગઇ છે. ખુદ અમેરિકાના બિઝનેસ લીડર્સ પણ આ સંદર્ભે ચિંતા વ્યકત કરી રહ્યા છે. એક આશાવાદી સ્ટોક એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ફેડરલ રિઝર્વ પણ આક્રમક વલણ અપનાવી શકે છે, જે યુએસ શેરબજારોને અસર કરે છે. જો આવું થાય અને યુએસ બોન્ડ યીલ્ડ ઘટવા લાગે, તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતમાં વેચવાલી કરવાનું બંધ કરી શકે છે અને ખરીદી ફરી શરૂ કરી શકે છે. જોકે, નજીકના ગાળાનું દશ્ય અત્યંત અનિશ્ર્ચિત છે. વિશ્ર્વના સૌથી મોટા અર્થતંત્રમાં ધીમી વૃદ્ધિ અને વધતી કિંમતો દ્વારા ઉદ્ભવેલા સ્ટેગફ્લેશન એટલે કે વિકાસવિહિન ફૂગાવાની પરિસ્થિતિ ભારતના, ખાસ કરીને ઇન્ફર્મેશન ટેકનોલોજી જેવા નિકાસ સંચાલિત ક્ષેત્રો માટે ચિંતાજનક સંકેત છે.

સ્ટેગફ્લેશન વિદેશી રોકાણકારો માટે ભારત અને અન્ય ઊભરતાં બજારોને ઓછા આકર્ષક બનાવે છે, આથી તેઓ ડોલર અને યુએસ ટ્રેઝરી જેવી સુરક્ષિત સંપત્તિ તરફ વળવાની શક્યતા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં રૂ. ૪૨,૦૦૦ કરોડથી વધુના ભારતીય ઇક્વિટી શેરનું ચોખ્ખું વેચાણ કર્યુંછે, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪૪,૦૦૦ કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં એફઆઇઆઇએ અંદાજે રૂ. ૧,૨૦,૦૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી કરી છે. આ ઉપરાંત ચીન તરફ વધુ લેવાલી માટે આગળ જતાં ભારતમાં વધુ વેચવાલીનો ભય છે. વ્યાપક બજારોમાં તદ્દન અનિશ્ર્ચિત હવામાન છે. અમુક સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સારી લેવાલી પણ જોવા મળી હતી અને ઉક્ત બંને ઇન્ડેક્સે લાર્જકેપ બેન્ચમાર્કને પાછળ પણ મૂકી દીધાં હતા.

# ઘટેલા ભાવથી થનારી અધધધ બચતનું શું કરવું?

અમારા રાજુ રદીને મૂંઝવે છે આ પ્રશ્ન 'ઘટાડો.' એટલું જ વંચાયું. ન્યુફાઉન્ડલેન્ડના દરિયામાં ઠંડા અને ગરમ પાણીના પ્રવાહ એકમેકમા ભળે છે એટલે ત્યાં ધુમ્મસ રચાય છે. કારમાં એસી ચાલુ હોય અને કાર બંધ કરી તમે બહાર નીકળો એટલે ચશ્માં પર ઔસ જામી જાય. તમે ચશ્માંની આરપાર જોઇ ન શકો. બધું જ ધૂંધળું દેખાય. 'ઘટાડો.' શબ્દ વાંચીને આવું જ કાંઇક લાગ્યું . મેં આંખ ચોળી. ઠંડું પાણી આંખ પર છાંટ્યું. વાઇપર જેમ ગાડીનો કાચ લૂંછે તેમ મેં રૂમાલથી ચશ્માના કાચ લૂંછયા. મને મારી આંખ પર વિશ્વાસ ન થયો.

અરે, યાર કેવી રીતે વિશ્વાસ બેસે? આજદિન સુધી આવું થયું નથી. ઘણીવાર ખુલ્લી આંખે ધોખો થાય છે, જેમ કે લગ્ન. હું રાજુના ઘરે ગયો. રાજુને આજનું છાપું ધર્યું. 'ભાવમાં ઘટાડો.' રાજુએ વાંચ્યું. રાજુના ચહેરા પર અસમંજસ્યના ભાવ પથરાયા.. રાજુ સંમોહન થયું હોય તેમ ચકળવિકળ નજરે છાપાને નિહાળતો હતો. રાજુ માથું નકારમાં હલાવતો હતો. જગત મિથ્યા હોય તો આ સમાચાર પણ મિથ્યા જ હોય એમ. અમને બંનેને દ્રષ્ટિભ્રમ થયો હશે કે શું? અમે બંને મુઝાઇએ ત્યારે રાધારાણીના ચરણશરણે જઇએ. રાધારાણીને છાપું ધર્યું. સમાચાર વાંચવા કહ્યું.

'હેં આ સાચું છે ગિધુડા ?'

(રાધારાણી મને પ્રેમમાં અને ગુસ્સામાં પણ 'ગિધુડા' તરીકે સંબોધન કરે છે.) આવું તો કદી બન્યાનું મારી સાંભરણમાં નથી.' રાધારાણીએ પણ સંશય કર્યો. જેને છાપું વંચાવું તે અચંબો પામી જાય છે. સમાચાર જ સાલ્લા એવા છે કે કિન્નરે પુત્રને જન્મ આપ્યો. કોઇ માની જ ન શકે!

'રાધાભાભી, તમે સાચું કહો છો. 'વા ફરે વાદળ ફરે, ફરે નદીના નીર, વધેલા ભાવ ઘટે નહીં, ભલે ઉત્તર દક્ષિણ ઊગે સૂર' તેમ અમસ્તું કહેવાયું છે? 'રાજુએ મમરો મુકયો.' 'જેમ ૨૦૨૪ના વરસમાં જીવેલી જિંદગી ૨૦૨૫ની સાલમાં પરત લાવી શકાય નહીં તેમ વધેલા ભાવને જીનની જેમ પાછો ચિરાગમાં લાવી શકાય નહીં. શરીર છોડી ગયેલો આત્માને ખોળિયામાં મારી મચડીને પાછો લાવી શકાય નહીં તેમ વધેલા ભાવ કદાપિ ઘટે નહીં.' રાધારાણીએ કહ્યું.

'આપણને આઝાદી મળી ત્યારે એક ડૉલર બરાબર ચાર રૂપિયા હતો. આજે એક ડૉલરનો ભાવ ૮૬.૭૦ થયેલ છે. હવે ચાર રૂપિયા બરાબર એક ડોલર કેવી રીતે થઇ શકે?' મેં ભાવ વધારાના વિષચક્રને વર્ણવ્યું. 'ગિરધરલાલ, આઝાદી સમયે એક તોલા સોનાનો ભાવ અઠયાંશી રૂપિયા હતો. આજે એક તોલા સોનાનો ભાવ ૮૩૦૦૦ રૂપિયા છે. સોનાનો ભાવ ૯૪૩૧૮% વધ્યો છે.. સોનાનો ભાવ ઘટીને અઠયાંશી રૂપિયા કદી ન થાય.'

રાધારાણીએ કુશળ અર્થશાસ્ત્રીની જેમ વિગત શેર કરી.

'રાજુ, હિમાલય પર્વત પરથી ઊતરેલી ગંગા નદી પાછી કદાપિ હિમાલય પર પરત ફરતી નથી.. ધનુષ્યમાંથી છૂટેલ બાણ પરત આવતું નથી. બોલેલા શબ્દો પાછા મોમાં પરત ફરી શકતા નથી તેવી જ રીતે તૂટેલ મન-મોતી કે કાચ સાંધી શકાતા નથી . મસાણે ગયેલા મડદા મસાણેથી પાછા આવતા નથી. બસ, એમ જ વધેલા ભાવો પણ ક્યારેય ઘટતા નથી.' મેં રાજુને વધેલા અફર ભાવોની સ્થિતિ દાખલા સહ સમજાવી.



'ગિરધરલાલ, ખાતર, ગેસ સિલિન્ડર, ચાંદી, ટમેટા , ડુંગળી, લસણ, કોથમીર, મરી મસાલા, સૌંદર્ય પ્રસાધન, સોનું , ચાંદી, મકાન, ફલેટ.. ગમે તે આઇટમનું નામ લો. એના વધેલા ભાવો ઘટ્યા હો તો મને કહો.' રાજુએ મને ચેલેન્જ આપી.' 'રાજુ, આ દૂધનો ભાવ ઘટાડો એ એક મિરેકલ એટલે કે ચમત્કાર છે' મે રાજુને અજાયબી જેવા અજનબી સમાચાર જણાવ્યા.

'ગિરધરલાલ, કેટલાક દૂધની ડેરીવાળા જબરા ચાલાક હોય છે. દૂધની કોથળીમાં એકાદ-બે રૂપિયાનો કમરતોડ વધારો કરી ગૃહિણીઓના બજેટને ખોરવી નાંખે. છતાં પણ, ભાવ વધારાની યાદીમાં ભાવ વધારો શબ્દ લખવાની જગ્યાએ ભાવ સુધારો કરી જનતાને છેતરે . કોઇ ઠોઠ નિશાળિયાને વાર્ષિક પરીક્ષાના પરિણામપત્રકમાં નાપાસને બદલે 'ઇમ્પ્રુવમન્ટ ઇઝ રિકવાયર્ડ' જેવા ફૂલ ગુલાબી શબ્દો લખે . 'રાજુએ મને દૂગ્ધાયણની મુગ્ધાયણ સંભળાવી.

'ગિધુડા, ડેરી સંચાલકો શિયાળા કે ઉનાળામાં લીલા પશુચારા, ખાણદાણના ભાવ વધે તો દૂધના ભાવ વધારે તે સમજી શકાય. પશુ ઉત્પાદકોને દૂધના પ્રોત્સાહક ભાવ આપવાની લ્હાયમાં ગ્રાહકેને અસ્ત્રા વિના મૂંડી નાખે . ચોમાસામાં લીલો પશુચારો વિપુલ માત્રામાં મળી રહે ત્યારે ભાવ ઘટાડવાનું વિચારે તો એમના પરમ પૂજય પિતાશ્રી વૈકુંઠલોકે જતા રહે? જાહેરાત ન આપે તો દૂધની કોથળી પાંચ રૂપિયાના ઓછા ભાવે વેચે તો ખોટ ન જાય' રાધારાણીએ ગૃહિણી તરીકેની ભડાશ નિકાળી.

'ગિરધરલાલ, પેલી દૂધ કંપનીએ તો કમાલ કરી નાખી. છેલ્લા આઠ વરસમાં સોળ રૂપિયાનો વધારે જંગી વધારો કરીને કરોડો રૂપિયા ગ્રાહકના ખિસ્સા પર બ્લેડ મારીને સેરવી લીધા. હવે ગાડાના પૈડાં જેવા એક રૂપિયાનો માતબર ઘટાડો કર્યો છે.' રાજુએ મને છાપામાં પ્રગટ થયેલ સમાચાર મોટેથી ફરી સંભળાવ્યા. એરણની ચોરી કરી સોયનું દાન કરનાર સદેહે સ્વર્ગે જવા વિમાનની રાહ જુવે તેવું ગિમિકસ કર્યું છે. કહે છે કે આ ભાવ ઘટાડાનો લાભ પાંચસો મિલિલિટરની કોથળીનો વપરાશ કરનારને નહીં મળે. આનો લાભ લિટર દૂધ લેનારને જ મળશે. ટૂંકમાં 'ચકલી મોટીને ફૈડકો નાનો' જેવું કર્યું.

અમારા રાજુ રદીએ રોજના એક રૂપિયાની બચતની મહિના, વરસ પ્રમાણે ગણતરી કરી મર્સિડીઝ બેન્ઝ કાર ખરીદવા, આલીશાન વિલા લેવા તેમજ તૃપ્તિ ડમરી સાથે લગ્ન કરી ચાર્ટર વિમાનમાં હનીમૂન કરવાનો માઇક્રો પ્લાન પણ ઘડી કાઢ્યો છે. વાંચક બિરાદરો, તમે દૂધના ઘટેલા ભાવથી થનારી લાઇફટાઇમ બચતમાંથી કશોક ખર્ચ કરવાનો કંઇ પ્લાન બ્લાન કર્યો છે કે નહીં? જો પ્લાન કર્યો હોય તો પણ કોઈને જણાવશો નહીં, કેમ કે ડેરી વાળા પાછા દૂધના ભાવમાં કયારે વધારો કરી નાંખશે એ કહેવાય નહીં.



## રજનીકાંતની ‘કૂલી’માં પૂજા હેગડેનો ડાન્સ નંબર

સુપર સ્ટાર થલાઈવા રજનીકાંતની ફિલ્મ ‘કૂલી’ની તેના ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં ઘણા જાણીતા કેમિયોથી પણ ફિલ્મ ઘણી ચર્ચામાં છે. ત્યારે હવે નવા અહેવાલો મુજબ પૂજા હેગડે હવે આ ફિલ્મમાં એક ખાસ ડાન્સ નંબર કરવાની છે.જો આ અહેવાલો સાચા હોય તો આ પૂજાનું ત્રીજું ડાન્સ નંબર સોંગ હશે. આ પહેલાં રામ ચરણની ‘રંગાસ્થલમ’માં તેમજ વેંકટેશ ડગ્ગુબાટીની ફિલ્મ ‘એફ ૩’માં તેણે ડાન્સ નંબર કર્યાં હતાં, જેને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. રજનીકાંતની જેલરમાં તમન્નાએ પણ એક ડાન્સ નંબર કર્યું હતું, જે બહુ મોટું હિટ રહ્યું હતું. તો આ વખતે પણ ફિલ્મના મેકર્સ આ જ ફોર્મ્યુલા અપનાવવા માગે છે. જોકે, અંગે કોઈ ઓફિશીયલ જાહેરાત થઈ નથી, પરંતુ આ સમાચારથી ફેન્સ ખુશ થઈ ગયાં છે. લોકેશ કનગરાજની એક્શન પેક્ડ એન્ટરટેઇનર કૂલીમાં ગોલ્ડ સ્મગલિંગ માફિયાની વાત છે, જેમાં રજનીકાંત અલગ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત નાગાર્જુન, ઉપેન્દ્ર, શ્રુતિ હસન, સથ્યરાજ, સૌબિન શાહિર, સંદીપ કિશન અને રેબા મોનિકા જોન્ હ જેવા કલાકારો પણ જોવા મળશે. આ ઉપરાંત આમિર ખાન પણ કેમિયો કરતો જોવા મળશે. શરૂઆતમાં આ ફિલ્મ ૨૦૨૫માં ઉનાળામાં રિલીઝ થવાની હતી, પરંતુ રજનીકાંતની તબિયતના કારણે આ ફિલ્મનું કામ વિલંબમાં પડ્યું હતું. હવે આ ફિલ્મ ઓગસ્ટ ૨૦૨૫માં રિલીઝ થવાની શક્યતા છે. જેના વિશે ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. પૂજાએ છેલ્લે શાહિદ સાથે ‘દેવા’માં કામ કર્યું હતું. હવે તે તમિલ ફિલ્મ ‘રેટ્રો’માં કામ કરી રહી છે.



## હવે અહીં સિનીયોરિટીની તો વાત જ નથી થતી : ભૂમિ પેડનેકર

બોલિવૂડમાં વળતરમાં અસમાનતાનો મુદ્દો થોડાં થોડાં સમયે સપાટી પર આવતો રહે છે. હવે તાજેતરમાં ભૂમિ પેડનેકરે પોતાના અંગત અનુભવો જાહેર કર્યા છે. હાલ તેની ફિલ્મ ‘મેરે હસબન્ડ કી બિવિ’ ફિલ્મ આવી છે, જેમાં તેણે અર્જુન કપૂર અને રકુલ પ્રીત સિંઘ સાથે કામ કર્યું છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં ભૂમિએ કહ્યું કે વળતરમાં ભેદભાવ માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ છે એવું નથી તે દરેક ક્ષેત્રમાં બને છે. ભૂમિએ કહ્યું,“તમે કોઈ મોટી મલ્ટીનેશનલ કંપનીના સીઈઓને પણ જોઈ લો તો, જો તે એક મહિલા હશે તો એનો પગાર ઓછો હશે. જો હું માત્ર સિનેમાની વાત કરું તો તેમાં પણ બિલકુલ મોટો ભેદભાવ જોવા મળે છે.”

સામાન્ય રીતે એક કલાકારની કમર્શિયલ સફળતાને જ તેની સફળતાનો પુરાવો માનવામાં આવે છે, જોકે તે દર વખતે ન્યાયી હોતું નથી. “ઘણી વખત આપણે એવું કહીએ છીએ કે, જે કલાકાર વધારે ધંધો લાવે છે…એ બિલકુલ સાચું છે. અહી સિનિયોરિટીની તો વાત જ નથી થતી. હું એવી જગ્યાએ પણ રહી છું, જ્યાં મેં મારા મેલ કૉ-સ્ટાર જેટલી જ સિદ્ધિઓ હાંસલ કરી હોય તેમ છતાં મને ઓછું વળતર મળ્યું છે.”

આ સાથે ભૂમિએ એવું પણ કહ્યું કે ગયા વર્ષે તે એક જાણીતી ફિલ્મના સેટ પર હતી, જ્યાં તેને બધાં જ કલાકારોમાં સૌથી વધુ પેમેન્ટ મળ્યું હતું. આ બાબતને તે પોતાની અંગત સિદ્ધી અને એક યોગ્ય પરિવર્તન પણ ગણે છે. ભૂમિ માને છે કે જે નવા પ્રોડ્યુસર્સ છે તેઓ સમાનતાનું મૂલ્ય સમજીને ઈન્ડસ્ટ્રીમાં પરિવર્તન લાવી શકે છે.

**સામાન્ય રીતે એક કલાકારની કમર્શિયલ સફળતાને જ તેની સફળતાનો પુરાવો માનવામાં આવે છે, જોકે તે દર વખતે ન્યાયી હોતું નથી.**

## અજય દેવગનની ‘દ્રશ્યમ ૩’ આવશે, ઓગસ્ટમાં શૂટ શરૂ થશે

અજય દેવગને ફરી એક વખત ‘દ્રશ્યમ ૩’ સાથે વિજય સલગાંવકર તરીકે મોટા પડદે પાછા આવવાની તૈયારી કરી લીધી છે. આ ફિલ્મને અભિષેક પાઠક ડિરેક્ટ કરશે.

૨૦૧૫માં પહેલી વખત અજય દેવગન વિજય સલગાંવકર તરીકે મોટા પડદે જોવા મળ્યો હતો. તેના સાત વર્ષ પછી ‘દ્રશ્યમ ૨’ આવી હતી, તેની સફળતા પછી ફિલ્મના ત્રીજા ભાગની જાહેરાત કરવામાં આવી હતી. હવે ૨૦૨૫માં આ ફિલ્મના ત્રીજા ભાગનું શૂટ શરૂ થવાનું છે. આ વખતે ફરી એક વખત અજય દેવગન અને અભિષેક પાઠકની જોડી કમાલ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અજયને ફિલ્મની સ્ક્રિપ્ટ પણ ગમી છે, “અજયે જુલાઈ-ઓગસ્ટમાં બીજી ફિલ્મો પુરી કરવાના વચન આપ્યાં હતાં, પરંતુ હવે તેણે‘દ્રશ્યમ ૩’ને પ્રાથમિકતા આપવા માગે છે. થોડાં અઠવાડિયાઓ પહેલાં ફિલ્મના ડિરેક્ટર અને રાઈટર્સ અજય દેવગનને મળવા માટે ગયા હતા અને ફિલ્મની વાર્તા સંભળાવી હતી. તેને ફિલ્મના ટિવસ્ટ્સ અને ટર્ન્સ બહુ ગમ્યા છે. તેથી હવે તે વિજય સલગાંવકર તરીકે પાછો ફરવા ઉત્સુક છે.”

સૂત્રએ આગળ જણાવ્યું કે આ ફિલ્મનું કામ શરૂ કરતાં પહેલાં અજય દેવગન ‘દે દે પ્યાર દે ૨’, ‘ધમાલ ૪’ અને ‘રેન્જર’નું શૂટિંગ પૂરું કરશે. ‘દે દે પ્યાર દે’નું શૂટિંગ હાલ ચાલુ છે. માર્ચના પહેલા અઠવાડિયે ‘ધમાલ’નું શૂટ શરૂ થશે અને તેના પછી મેમાં ‘રેન્જર’નું શૂટિંગ કરશે. સૂત્રએ જણાવ્યું, “અજય ૨૦૨૫ના અંત સુધી ‘દે દે પ્યાર દે ૨’, ‘ધમાલ ૪’, ‘રેન્જર’ અને ‘દ્રશ્યમ ૩’માં વ્યસ્ત છે. તેને આ ફિલ્મો સારી ચાલશે એવો વિશ્વાસ છે કારણ કે તે આ ફિલ્મો દ્વારા દર્શકોને અલગ અલગ જોનરની ફિલ્મો કરી રહ્યો છે.”

મહત્વની વાત એ છે કે ‘દ્રશ્યમ ૩’ પછી તેની ‘ગોલમાલ ૫’ આવશે, હાલ તેની સ્ક્રિપ્ટ પર કામ ચાલુ છે. તેથી આ ફિલ્મની રિલીઝ અંગે હજુ કશુ નિશ્ચિત નથી. પરંતુ આ ફિલ્મો સિવાય એજયની ‘રેડ ૨’ ૧ મેએ રિલીઝ થશે અને ‘સન ઓફ સરદાર ૨’ જુલાઇના અંતમાં રિલીઝ


## સાહિત્ય વિરુદ્ધ સિનેમાઃ જુડવે જુડવે નૈના

કચરાના એક ડબ્બા પાસે બે બકરી ચરી રહી હતી. કચરામાં ‘દેવદાસ’ ફિલ્મની રીલ હતી અને એક કિતાબ હતી. મજાની વાત એ છે કે જે કિતાબ હતી એની જ વાર્તા પરથી બનેલી પેલી ફિલ્મની રીલ ત્યાં પડી હતી. એક બકરીએ થોડીક ફિલ્મની રીલ ખાધી અને થોડાંક પુસ્તકનાં પાનાં ચાવ્યા. બંને ચાખ્યા પછી એણે બીજી બકરીને કહ્યું : ‘ચોપડી બહેતર હતીપ ફિલ્મમાં એવી મજા નહોતી !’

સિનેમા અને સાહિત્ય બેઉ એક જ પ્રેમીની બે સૌતન. કોણ ચઢે? કોણ વધુ લોકપ્રિય? કોણ શ્રેષ્ઠ? એ ચર્ચા થતી રહી છે, વર્ષોથી. એક સિક્કાની બે બાજુ નથી, પણ બે બાજુવાળા એક સિક્કા જેવી વાત છે. વિદ્વાનો કહે છે પુસ્તકો શ્રેષ્ઠ છે- સિનેમાપ્રેમી કહે છે ફિલ્મોમાં જ મજા છે પણ હમણાં ‘છાવા’ ફિલ્મ જે બહુ ચર્ચામાં છે, તે પણ શિવાજી સાવંતની મરાઠી નોવેલ પર આધારિત છે.

તો શું ચડે? સાહિત્ય કે સિનેમા? અમે કહીએ છીએ કે એ ઓઈલ અને પાણીની સરખામણી જેવી બાલિશ વાત છે. સિનેમા ‘બીસ્ટ’ છે, સાહિત્ય ‘બ્યુટી’ છે. આ ‘બ્યુટી અને ‘બીસ્ટ’ વાળી નેવર એન્ડિંગ લવસ્ટોરી છે. બંને એકબીજાને પૂરક છે, પણ ખતરનાક શરતો સાથે ‘કન્ડિશન્સ એપ્લાય’ના લટકણિયા સાથે! હોલિવૂડના નિર્માતાઓ પણ આ જ વાત કહેતા હોય છે ફરક માત્ર દેશ-દુનિયા ને ભાષાનો છે.

માણસનો સો ગણો મોટો ચહેરો એના હાવભાવ ‘ક્લોઝ અપ’થી પડદા પર દેખાય છે. પુસ્તકમાં નહી. પુસ્તકમાં તમારાં મન, વિચારને હલાવી કે સ્પર્શી જતી વાત હોય છે, પણ સંગીત, થ્રીલ, રોમાંચ નથી. છે તોપ દ્દશ્ય હોય છે, પણ સાઉન્ડ નહીપ જે વાત એક ‘શોટ’થી દેખાઈ શકે છે એ માટે લેખકે બે પાનાંનું વર્ણન કરવું પડે છે. સિનેમાને ૧૦૦૦-૨૦૦૦ લોકો એક સાથે માણે છે. બીજી તરફ, પુસ્તક માણસ એકલો વાંચે છે, પુસ્તકની વાર્તામાં લોકો પોતાની કલ્પનાઓથી વિચારે છે, જ્યારે સિનેમામાં બધું સામે તરત જ દેખાય છે. ફિલ્મ એ ભાગતી વાર્તાશૈલી છે. ત્યાં વિચારવાનો મોકો નથી મળતો. એક સેકન્ડમાં ચોવીસ ફ્રેમ દોડતી હોય તો જ ‘મૂવિંગ’ એટલે કે હાલતું ચાલતું ચિત્ર દેખાય. સિનેમા એક એવું પોપકલ્ચર છે, જેની લોલીપોપ દરેક સાહિત્યકાર ચૂસવા લલચાય છે અને પછી આખી જિંદગી મોંમાં કડવો સ્વાદ રહી જાય છે.



સાહિત્યકારોની હંમેશાં ફરિયાદ હોય છે કે સિનેમાવાળા બહુ ચાલુ હોય છે, લુચ્ચા હોય છેપ અમારી મહાન રચનાને સમજતા નથી-, બગાડી મૂકે છે! વગેરે વગેરે..પણ શરદબાબુ, પ્રેમચંદ, મન્ટો, મેઘાણી, ઈસ્મત ચુગતાઈ, કમલેશ્વર, મધુ રાય, રાહી માસૂમ રઝા જેવા અનેક મહારથી લેખકો હિંદી ફિલ્મોમાં આવી ‘અમે નથી રમતાં જાવ’ કહીને હાથપગ ઘૂંટણ પર ઘા લઈને રિસાઈને જતા રહ્યા છે.

હિંદી સિનેમા એક જાયન્ટ કેસીનો કે જુગારખાનું છે, જ્યાં સાહિત્યના લેખકો હંમેશાં હારવા માટે જ જાય છે. હોલિવૂડમાંય વિખ્યાત હેમિંગ્વે હોય કે સ્ટીફન કિંગ જેવા બેસ્ટસેલર હોરર નવલકથાકાર હોય, પોતાની કિતાબ પરથી બનેલી ફિલ્મો જોવાની હિંમત નથી કરતા. બેસ્ટસેલર રાઈટર જેફ્રી આર્ચરે એક મુલાકાતમાં કહેલું : ‘લેખકો બે પ્રકારના હોય છે એક જે સારું સુંદર લખે છે એ ‘લેખક’ અને બીજો એટલે કે ‘સ્ટોરી ટેલર’ ‘કથાકાર’ રસ પડે એવી કથા કહો તે!’ છતાં પણ મોટા ભાગના સ્ટાર્સની સફેદ કફની પહેરેલા લેખકો આ બેઝિક ફરક સમજતા નથી.

સિનેમા પ્રચંડ ઓરકેસ્ટ્રા છે, જ્યાં સંગીત છે, શોર છે, ગુલ છેપ સાહિત્ય એકાકી એકલું ગીત છે. સાહિત્ય એ શાશ્વત નદી છે, જે સદીઓથી વહે છે અને એમાં સિનેમા, રેડિયો, ટી.વી., ઈન્ટરનેટવાળા આવી ખોબે ખોબે પીવે છે ને ‘નદી’ને ગંદી કરીને જતા રહે છે. એ જ બજાર પાસે બંધુભાવની અપેક્ષા રાખવી એ રાખનારની મૂર્ખતા છે. સાહિત્ય હંમેશાં શુદ્ધ સર્જનની દ્રષ્ટિએ એક મુઠ્ઠી ઊંચું રહ્યું છે અને ફિલ્મો એની લોકપ્રિયતા કે પહોંચને કારણે ઉપર છે.

વળી લેખકોય કાંઈ દૂધના ધોયેલાં નથી હોતા. આખી જિંદગી ‘નિર્મોહ’ અને ‘લાગણી’ અને ‘સામ્યવાદ’ની વાતો લખી- બોલીને પછી ફિલ્મ નિર્માતાઓ પાસે બે પેગ વ્હીસ્કી અને બે-પાંચ લાખ રૂપિયા માટે સાવ ઝૂકી જાય છે. એ લોકો પૈસા કમાવા માટે લૂંટારાઓની અદાએ આવે છે અને પછી જખ્મી થઈને પાછા પોતાની કિતાબોની દુનિયામાં જતા રહે છે. લેખકની ટેલેન્ટ, એના સમ્માન કે એની ગરિમા પર કોઈ જ સવાલ નથી, પણ મોટે ભાગે લેખકો સિનેમાને અને એના ધંધાને સમજી નથી શકતા. સાહિત્યકાર કાફકા કહેતાં કે દરેક લેખકે બે હાથે કામ કરવાનું હોય છે. એક હાથે લખવાનું અને બીજા હાથે દુનિયાના પ્રહાર ઝિલવાના! પણ ફિલ્મી લેખકે દસ હાથેથી કામ કરવું પડે છે. એક હાથે લખવાનું બીજે હાથે નિર્માતા નિર્દેશક જોડે લખવાનું, ત્રીજે હાથે અભિનેતા જોડે, ચોથે હાથે સેન્સર બોર્ડ અને સરકાર જોડે, પાંચમે હાથે પ્રેક્ષકોના જૂતાં સાથે, છટ્ઠે હાથે વાંઝણા વિવેચકો સામે પ અને રેડિયો, ટી.વી., સિનેમા એ મીડિયા તો છે જ કતારમાં ઊભેલાં !

મીડિયા એક મોન્સ્ટર છે- રાક્ષસ, એને રોજ નવો નવો ચારો-ખોરાક જોઈએ છે. પુરાણો, લોકકથા, છાપાંની હેડલાઈન્સ, નવલકથાઓ, વાર્તાઓ એ બધું જ ચાવી જાય છે. સિનેમાને સાહિત્ય વિના નહીં ચાલે. સાહિત્યને કદાચ ચાલી જશે. સાહિત્ય એ નોળવેલ છે જેને ઘવાયેલો સાપ સૂંઘીને-ચાવીને પાછો તાજોમાજો થઈ જાય છે! કોઈએ સાચું જ કહ્યું છે : ‘સાહિત્ય એ લક્ઝરી છે, સિનેમા એ જરૂરિયાત!’

## રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સમાં હવે જોન અબ્રાહમની એન્ટ્રી

### સુપર કોપ રાકેશ મારીયાની બાયોપિકમાં જોન લીડ રોલ કરશે

રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સની ફિલ્મોમાં અત્યાર સુધી કાલ્પનિક અને સુપર હિરો પ્રકારના પોલીસ ઓફિસરની વાતો જ કહેવાઈ છે. પછી તે ‘સિંઘમ’ હોય, ‘સિંબા’ કે પછી ‘સૂર્યવંશી’, આ બધાં જ પોલિસ ઓફિસર વાસ્તવિકતાથી થોડાં દૂર લાગતાં હતા. પરંતુ રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સમાં હવે એક રીયલ લાઈફ હિરોની એન્ટ્રી થશે. કેટલાંક અહેવાલો અનુસાર રોહિત શેટ્ટી દેશના ઘણા મહત્વના કેસમાં સંકળાયેલાં સુપરકોપ રાકેશ મારીયાના જીવન પર ફિલ્મ બનાવશે, જેમાં જોન અબ્રાહમ લીડ રોલમાં જોવા મળશે. રાકેશ મારીયાનું જીવન પણ કોઈ ફિલ્મી વાર્તાઓની ચડાવ-ઉતાર જેવું જ રહ્યું છે. તેમના જીવનમા વિવાદો પણ એટલાં જ જોડાયેલા રહ્યા છે. ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, “રાકેશ મારીયાનું જીવન જે પ્રકારના ચડાવ-ઈતારથી રસપ્રદ રહ્યું છે, તેમા લીડ રોલમાં જોન અબ્રાહમ અને ડિરેક્ટર તરીકે રોહિત શેટ્ટી હોય તો એ એક જોવા જેવો



સિનેમાનો યાદગાર અનુભવ જ બની રહેશે. આ ફિલ્મમાં રોહિત શેટ્ટીની સ્ટાઈલમાં જોરદાર પકડવાળી વાર્તા અને લાર્જર ધેન લાઈફ વાર્તા જોવા મળશે તેની ખાતરી છે. જોન અને રોહિત ઘણા લાંબા સમયથી એકસાથે કામ કરવા માગતા હતા, તેથી આ સ્ટોરી માટે બંને ઘણા ઉત્સાહીત છે.”રાકેશ મારીયાએ ૨૦૨૦માં એક સંસ્મરણકથા લખી હતી, ‘લેટ મી સે ઈટ નાઉ’. હજુ સુધી આ ફિલ્મનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. હાલ ફિલ્મ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે. આવતા મહિનામાં આ ફિલ્મનું કામ શરૂ થાય તેવી શક્યતા છે. રોહિત શેટ્ટી સતત ૪૫ દિવસના શૂટમાં આ જ ફિલ્મ પુરી કરવા માગે છે. તેને જૂન સુધીમાં ફિલ્મનું શૂટિંગ પુરું કરવું છે. ત્યાર બાદ રોહિત શેટ્ટી ખતરોં કે ખિલાડીની નવી સીઝનમાં વ્યસ્ત થઈ જશે. ત્યાર બાદ વર્ષના અંતે ગોલમાલ ૫નું કામ શરૂ કરશે. આ બાયોપિક સાથે રોહિત શેટ્ટી પહેલી વખત વાસ્તવિક વાર્તા આધારીત ફિલ્મ બનાવે છે, તેથી તે રાકેશ મારિયા સાથે સતત સંપર્ક અને પરામર્શમાં રહીને આગળ વધે છે. જેથી તે વધુ આધારભૂત રીતે તેમની બહાદુર સફર વતાવી શકે. જ્યારે જોન વધુ એક વખત વાસ્તવિક સ્ટોરી પર કામ કરી રહ્યો છે. આ પહેલા તે ૨૦૧૯માં આવેલી નિખિલ અડવાણીની ‘બાટલા હાઉસ’માં સંજીવ કુમાર યાદવનો રોલ કરી ચૂક્યો છે. જે ૨૦૦૮ના બાટલાહાઉસ એન્કાઉન્ટર પર આધારીત ફિલ્મ હતી. આ પછી તેની ‘ધ ડિપ્લોમેટ’ આવશે, તેમાં પણ તે ઈસ્લામાબાદમાં ભારતના પૂર્વ ડેપ્યુટી હાઈ કમિશ્નર જે પી સિંઘથી પ્રેરિત રોલ કરી રહ્યો છે. જોન હવે જે રાકેશ મારિયાનો રોલ કરી રહ્યોછે, તેમને ૧૯૯૪માં પોલિસ મેડલ અને ૨૦૦૭માં રાષ્ટ્રપતિ ચંદ્રક મળ્યો હતો. ભારતીય પોલિસ ખાતામાં ૩૬ વર્ષની લાંબી કારકિર્દીમાં તેમણે અનેક ચંદ્રકો જીતવા સાથે ૨૦૦૮માં ઈન્ડિયન મુઝાહિદ્દીનની પ્રવૃત્તિઓ ખુલ્લી પાડવી, ૨૬-૧૧ના મુંબઈ આતંકવાદી હુમલા, શીના બોરા મર્ડર કેસ જેવા મહત્વના કેસ માટે કામ કર્યુંછે.





## તમન્ના ભાટિયા શિવ ભક્ત સાધુના રોલમાં દુષ્ટોનો સંહાર કરશે

પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળાનું શિવરાત્રિએ સમપાન થઈ રહ્યું છે. છેલ્લા દિવસો દરમિયાન સંગમ તીર્થ ખાતે સ્નાન કરવા સામાન્ય શ્રદ્ધાળુઓની જેમ સેલિબ્રિટીઝ પણ ઊમટી રહ્યા છે. તમન્ના ભાટિયા, સોનાલી બેન્દ્રે અને બોની કપૂરે સંગમ સ્નાનને જીવનનો દુર્લભ અનુભવ ગણાવ્યો હતો. તમન્નાએ સંગમ તિર્થની પવિત્ર ધરા પરથી આગામી ફિલ્મના પ્રમોશનની પણ શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તમન્ના ભાટિયાએ શિવ ભક્ત નાગા સાધુનો રોલ કર્યો છે, જે દુષ્ટોના સંહાર માટે હથિયાર ઉપાડે છે. તમન્ના ભાટિયાએ મહાકુંભ મેળાનો વીડિયો શેર કરતી પોસ્ટમાં કહ્યું હતું કે, આ પવિત્ર સ્થળ પર હજારો લોકો ભેગા થઈ રહ્યા છે અને કષ્ટ દૂર કરવા પ્રાર્થના કરી રહ્યા છે. આવો આધ્યાત્મિક અનનુભવ જીવનમાં અત્યંત દુર્લભ છે. સ્નાનની સાથે તમન્નાએ પોતાની આગામી તેલુગુ ફિલ્મ ‘ઓડેલા ૨’નું ટીઝર લોન્ચ કર્યું હતું. આ ફિલ્મમાં તમન્નાએ નાગા સાધુ શિવ શક્તિનો રોલ કર્યો છે.

ભગવાનના ચરણોમાં સમગ્ર જીવન અર્પણ કરવા છતાં શિવ શક્તિને હથિયાર ઊઠાવવાની ફરજ પડે છે. પૃથ્વી પર દુષ્ટોના અત્યાચાર વધતાં સામાન્ય માનવીઓ માટે સાધુઓ સંરક્ષક બને છે. કુંભ મેળા દરમિયાન નાગા સાધુઓના દર્શન માટે શ્રદ્ધાળુઓમાં ઉત્સુકતા રહેતી હોય છે અને તેમના માટે સમાજમાં ભારે આદર છે. ભગવાન શિવની ભક્તિ સાથે નાગા સાધુની ઉપસ્થિતિ સંગમ તિર્થમાં જોવા મળે છે ત્યારે તમન્નાએ પોતાની ફિલ્મના પ્રમોશનની શરૂઆત પણ આ પ્રસંગે કરી છે. તમન્નાએ ટીઝર શેર કરતા પોસ્ટમાં કહ્યું હતું કે, દુષ્ટોના અત્યાચાર વધે છે ત્યારે દૈવી શક્તિ આવે છે અને આ ભૂમિ તથા વારસાનું રક્ષણ કરે છે. તમન્નાની કુંભ યાત્રામાં ધર્મની સાથે પ્રોફેશનલ એંગલ પણ હતો. જ્યારે સોનાલી બેન્દ્રે અને બોની કપૂર માત્ર આધ્યાત્મિક લાભ લેવા મહાકુંભ મેળામાં પહોંચ્યા હતા. સોનાલીની સાથે તેનો પતિ બોની કપૂર હતો, જ્યારે બોની કપૂરની સાથે ખુશી કે જાન્હવી જોવા મળ્યા ન હતા. સોનાલી અને બોનીએ પણ તમન્નાની જેમ કુંભ સ્નાનના અનુભવને અવર્ણનીય કહ્યો હતો.

સુરત ધ્વનિ
આહવા-ડાંગ-દક્ષિણ ગુજરાત

# શ્રી રવિશંકર મહારાજ પ્રાથમિક શાળાની સ્માર્ટ પાર્કિંગ કૃતિને પ્રથમ રનર-અપનું સ્થાન મળ્યું







**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**
ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ, અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન અને એલએન્ડટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ટેક ટાઈટન-૨૦૨૪/૨૫માં શ્રી રવિશંકર મહારાજ પ્રાથમિક શાળાએ મોટી સફળતા મેળવી છે. શાળાના બાળ વૈજ્ઞાનિકો રાવળ સંધ્યા અને વાઘેલા પૂજાએ સ્માર્ટ પાર્કિંગ કૃતિનું નિદર્શન કર્યું હતું. આ કૃતિએ પ્રથમ રાઉન્ડમાં ટોપ-૬માં સ્થાન મેળવ્યું હતું. બીજા રાઉન્ડમાં પણ શાનદાર પ્રદર્શન કરી પ્રથમ રનર-અપનું સ્થાન હાંસલ કર્યું હતું.કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ બાળ વૈજ્ઞાનિકો અને તેમના માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા ટીમને પ્રમાણપત્ર, ટ્રોફી અને ઈનામથી સન્માનિત કરવામાં આવી હતી. શાળાના આચાર્ય રોશનીબેન ટેલરે બાળ વૈજ્ઞાનિકો, માર્ગદર્શક શિક્ષક વર્ષાબેન પટેલ, આરતીબેન સારંગ અને કૉઓર્ડીનેટર દર્શનભાઈ પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્લ્ડ હીયરિંગ ડે ૨૦૨૫ ની ઉજવણી

## સલામત સાંભળવા અને નવજાત શિશુઓની હિયરીંગ સ્ક્રીનિંગ માટે જાગૃતિ




**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**
તા, ૩ માર્ચ ૨૦૨૫ વર્લ્ડ હીયરિંગ ડે ૨૦૨૫ ના અવસરે, સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરકારી અને ખાનગી સંસ્થાઓના સહયોગથી મોટા પાયે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું, જે નવજાત શિશુ હિયરીંગ સ્ક્રીનિંગ, શોર-પ્રેરિત હિયરીંગ લોસની રોકથામ અને સલામત સાંભળવાની મહત્વતા પર કેન્દ્રિત હતું.

વિચારધારા બદલો- પ્રારંભિક હિયરીંગ સ્ક્રીનિંગનું મહત્વ

હિયરીંગ હેલ્થ પ્રત્યે અણગમતું વર્તન જોખમી સાબિત થઈ શકે છે. નવજાત શિશુ હિયરીંગ સ્ક્રીનિંગ દ્વારા સમયસર બોલચાલ, ભાષા અને માનસિક વિકાસ સુનિશ્ચિત કરી શકાય છે. અનડિટેકટેડ હિયરીંગ લોસ શૈક્ષણિક અને સામાજિક જીવનમાં અવરોધ ઉભા કરે છે. અને લાંબા ગાળે જોબ અપોર્ચ્યુનિટીઝ માટે પણ જોખમ ઉભું કરે છે. સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ વર્ષોથી હિયરીંગ હેલ્થ માટે કાર્યરત છે, અને દરેક બાળક માટે સમાન તક સુનિશ્ચિત કરવા માટે કાર્યરત છે.

સલામત સાંભળવું – જીવનભર માટે તમારા કાન સુરક્ષિત રાખો

આજના યુગમાં હેડફોન, પર્સનલ ઓડિયો ડિવાઈસ અને શોરવાળા વાતાવરણના વધતા ઉપયોગને કારણે શોર-પ્રેરિત હિયરીંગ લોસ એક ગંભીર સમસ્યા બની છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) લોકોમાં સલામત સાંભળવાની ટેવ વિકાસિત કરવાની સલાહ આપે છે.

આ અભિયાનમાં ધ્યાન આપવામાં આવ્યું:

m હેડફોનનો સલામત ઉપયોગ – વોલ્યુમ ૬૦% કરતા ઓછું રાખવું અને નિયમિત બ્રેક લેવી. " લાંબા સમય સુધી હેડફોનનો ઉપયોગ - સતત ઉંચા અવાજથી કાનમાં કાયમી નુકસાન થાય છે, જે રોજિંદા જીવન અને મનોવિજ્ઞાનને અસર કરે છે.

હિયરીંગ લોસ અને રોજગાર તકો – અજાણતા હિયરીંગ લોસવાળા લોકોને શિક્ષણ અને કારકિર્દીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

કાન માટે સુરક્ષાત્મક ઉપકરણો- ઈયરપ્લગ્સ અથવા નોઈઝ-કેન્સલિંગ હેડફોનનો ઉપયોગ ઉદ્યોગો, ટ્રાફિક અથવા મ્યુઝિક ઈવેન્ટ્સમાં કાનનું રક્ષણ કરવા માટે અનિવાર્ય છે.એક નાનકડી જાગૃતિ, હજારો જીવ બચાવી શકે! આજે એક નાનકડું પગલું ભવિષ્યમાં મોટો ફેરફાર કરી શકે છે. સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ વિશ્વાસ રાખે છે કે જાણકારી અને સમયસર સારવાર દ્વારા સાંભળવામાં તકલીફભોગવતા બાળકો અને લોકોનું ભવિષ્ય સુધારી શકાય."સમાંતરે અને સલામત વોલ્યુમ પર સાંભળવાથી હિયરીંગ લોસ ટાળી શકાય છે!"ચાલો હામણી સુરક્ષિત રાખીએ, જાગૃતિ લાવીએ અને એક ફેરફાર લાવીએ!

# અખિલ ભારતીય પદ્મશાલી સંઘનું ૮ મૂં અધિવેશન

**(સુરત ધ્વનિ) તા.૩**
અખિલ ભારતીય પદ્મશાલી સંગમનું ૮ મું અધિવેશન તારીખ ૯ માર્ચ ૨૦૨૫ ના રોજ તેલંગાણા રાજ્યમાં આવેલ હૈદરાબાદના એક્ઝિબિશન મેદાન નામપલ્લી મેદાન ખાતે યોજાનાર છે, આ અધિવેશનમાં ભાગ લેવા માટે ગુજરાત રાજ્યમાંથી સુરત,અમદાવાદ, નવસારિ,ગણદેવી અને બીલીમોરા તેમજ બીજા પ્રાંત માંથી અખિલ ભારતીય પદમશાલી સમાજના કારોબારી સભ્યો હાજર થનાર છે, હૈદરાબાદમાં યોજાનાર આ અધિવેશનમાં તેલંગાના રાજ્યના મુખ્યમંત્રી શ્રી રેવંત રેડ્ડી, નલ્લી કુપ્પુસ્વામી શેટ્ટી, શ્રીધર સુકનવાર,અખિલ ભારતીય સંગઠનના અધ્યક્ષ શ્રી કંદગટલા સ્વામી,મહામંત્રી ગડ્ડમ જગન્નાથમ તેમજ સમાજના ધારાસભ્યો અને બીજા અગ્રણી નેતાઓ હાજર રહેનાર છે, આ અધિવેશનમાં સમાજના લગતા વિવિધ પ્રશ્નો અને ખાસ કરીને હાથકરઘા ના કારીગરોના સમસ્યા અંગે ચર્ચા કરશે, સમાજ સ્વર્ગીય શ્રી આચાર્ય કોન્ડલક્ષ્મણ બાપુજીના માર્ગદર્શન અને આશીર્વાદ તેમજ શક્તિના મૂળ કારણ છે,આ સમાજમાં આપને હાલની પરિસ્થિતિ તેમજ રાજકીય શક્તિ ઓછી થઈ રહી છે તેમજ સમાજ અનેક કઠિનાઈઓથી જીવી રહ્યા છે,જેથી આ સમસ્યાઓથી વાકેફ કરવા તેમજ સમાજની સ્થિતિ ઉજ્વળ બનાવવા માટે સમાજના આગેવાનોની સમક્ષ ચર્ચા કરવામાં આવશે અને નિરાકરણ કઈ રીતથી લાવવું તેના વિશે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સમક્ષ ચર્ચા વિચારણા કરવામાં આવશે,જેથી ગુજરાતના સભ્યો મોટી સંખ્યામાં હૈદરાબાદના અધિવેશનમાં ભાગ લેવા માટે ગુજરાત રાજ્યના પદ્મશાલી સમાજના અધ્યક્ષ શ્રી ગોને સોમૈયા વિનંતી કરે છે.

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ગરીબ પરિવારો માટે સાબિત થઈ રહી છે વરદાનરૂપ

**પલસાણા તાલુકાના પિસાદ ગામના કાલિદાસભાઈ બાબરને મળી અન્ન સુરક્ષા**

**વૃદ્ધ સહાય યોજના હેઠળ કાલિદાસભાઈ માસિક રૂ.૧૦૦૦ નું પેન્શન પણ મેળવી રહ્યા છે**



**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**
પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના એવા પરિવારો માટે વરદાન સાબિત થઈ રહી છે જેઓ પરિવારનું ભરણપોષણ કરવા માટે દિનરાત સખત મહેનત કરે છે. આ યોજના હેઠળ આપવામાં આવતા રાશનથી નબળી આર્થિક સ્થિતિ ધરાવતા ગરીબ લોકોને સરકાર જ વિનામૂલ્યે અનાજ પૂરૂ પાડી રહી છે. આ ઉપરાંત, રાજ્ય સરકારે દિવ્યાંગ પેન્શન, વૃદ્ધ સહાય, વિધવા સહાય તેમજ અતિ નબળી સ્થિતિ ધરાવતા પરિવારોને ''અગ્રતા ધરાવતા કુટુંબો'' તરીકે ચિહ્નિત

કરીને આવા પરિવારના સભ્યોને દર માસે વ્યક્તિ દીઠ ૨.૫ કિલો ઘઉં અને ૨.૫ કિલો ચોખા મળીને કુલ ૫ કિ.ગ્રામ અનાજ સરકારી વ્યાજબી ભાવની દુકાન મારફતે આપવામાં આવે છે.

આવા જ એક લાભાર્થી છે પલસાણા તાલુકાના પિસાદ ગામના વતની ૬૮ વર્ષીય કાલિદાસભાઈ બાબર. જેમના પરિવાર માટે આ યોજના આશીર્વાદરૂપ બની છે. પિસાદ ગામના તળાવ ફળિયામાં રહેતા કાલિદાસભાઈ ખેતશ્રમિક છે. બે પુત્રો અને અને પુત્રવધુઓ સાથે રહે છે. તેઓને દર માસે વ્યક્તિ દીઠ ૨.૫ કિલો ઘઉં અને ૨.૫ કિલો ચોખા મળીને કુલ ૫ કિ.ગ્રામ અનાજ મળી રહ્યું છે. તેઓ ખુશી વ્યકત કરતા જણાવે છે કે, સરકારી યોજનાઓ ગરીબ વર્ગ માટે વરદાનથી ઓછી નથી. મને વૃદ્ધ સહાય યોજના હેઠળ માસિક રૂ.૧૦૦૦ નું પેન્શન પણ મળી રહ્યું છે. ઉપરાંત પી.એમ. આવાસ અને ઉજ્જવલા યોજનાનો લાભ પણ મળી રહ્યો છે.

તેઓ જણાવે છે કે, કોરોના કાળમાં લોકડાઉનની આ કપરી પરિસ્થિતિમાં અનાજ વિતરણ થકી કેન્દ્ર અને રાજ્ય સરકાર અન્નપૂર્ણા બનીને અમારી વ્હારે આવી હતી. સરકાર હજુ પણ આ યોજનાનો લાભ આપીને મારા પરિવારના ભરણ પોષણની કાળજી લઈ લઈ રહી છે. જે બદલ તેમણે સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.





## સુરતના લિંબાયત ખાતે યોજનાર વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સંદર્ભે સમારોહ સ્થળે

# કલેક્ટર ડો.સૌરભ પારધીએ સંબંધિત તમામ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ

**ડીડીઓ શિવાની ગોયલ સહિતના ઉચ્ચ અધિકારીઓ સમીક્ષામાં સામેલ થયા**

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**
આગામી તા.૭મી માર્ચના રોજ સુરતના લિંબાયતના નિલગીરી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનાર રાજ્ય પૂરવઠા વિભાગના 'સુરત અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ કાર્યક્રમ' સંદર્ભે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ કાર્યક્રમ સ્થળે આયોજન અને પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, નિવાસી અધિક કલેક્ટર શ્રી વિજય રબારી, કાર્યક્રમના નોડલ અધિકારી અને જિલ્લા પૂરવઠા અધિકારી શ્રી ડી.ડી. શાહ, ઉચ્ચ અધિકારીઓ સમીક્ષા બેઠકમાં સામેલ થયા હતા.

જિલ્લા કલેક્ટરશ્રીએ કાર્યક્રમની જરૂરી વ્યવસ્થાઓ જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ, હેલિપેડથી લઈને કાર્યક્રમના સ્થળ સુધીના રૂટ પર બ્રાન્ડિંગની વિગતો મેળવી હતી. સાથે લાભાર્થીઓ, સાઉન્ડ સિસ્ટમ, ડોમની ડિઝાઈન, બેઠક વ્યવસ્થા, મીડિયા વ્યવસ્થા, પાર્કિંગ, ફુડ પેકેટસ, પીવાના પાણી, શૌચાલય, ગ્રીનરૂમ, હેલિપેડ, સ્ટેજ ઉપરની આનુશાંગિક વ્યવસ્થાઓ, ટ્રાફિક નિયમન વગેરેની તૈયારીઓની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત કાર્યક્રમને અનુસંધાને ગઠિત વિવિધ સમિતિઓના અધ્યક્ષોએ પોતાની કામગીરી અંગે વિગતવાર જાણકારી આપી હતી.

# સોલા બ્રિજની સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અકસ્માત થયો

**૨૭ ફેબ્રુઆરીના રોજ સોલા બ્રિજ પર સવારે પાર્ક કરેલા ટ્રક પાછળ કાર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો**

અમદાવાદ, તા. ૩
અમદાવાદમાં ૨૭ ફેબ્રુઆરીના રોજ સોલા બ્રિજ પર વહેલી સવારે પાર્ક કરેલા ટ્રક પાછળ કાર ઘૂસી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલકનું મૃત્યુ થયું હતું. આ અકસ્માત થયો ત્યારે બ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો બંધ હતી. લાઈટો બંધ હોવાના કારણે ડ્રાઈવર પાર્ક કરેલો ટ્રક જોઈ શક્યો નહીં અને ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકનું મૃત્યુ થયું હતું. ત્યાર હવે બંધ લાઈટોના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનાથી NHAI સામે કાર્યવાહી કરવામાં આવી છે. બંધ લાઈટોના કારણે ટ્રક દેખાયો નહીં અને કાર ટ્રકની પાછળ ઘૂસી ગઈ, જેમાં કાર ચાલકનું મોત થયું હતું અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. શ્રીચંદ શર્મા નામના વ્યક્તિનું અકસ્માતમાં મોત થયું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે હાઈવે પર એક તો સ્ટ્રીટ લાઈટો નહોતી, બીજી તરફ ધુમ્મસ પણ હતી. જેના કારણે કાર ચાલક ટ્રક જોઈ શક્યો નહીં અને અકસ્માત થઈ ગયો. ત્યારે હવે પોલીસે પ્રથમ વખત નેશનલ હાઈવે ઓથોરિટી અને સ્ટ્રીટ લાઈટનો કોન્ટ્રાક્ટ ધરાવતી કંપની સામે ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરુ કરી છે. હકીકતમાં જોઈએ તો અકસ્માત થયો ત્યારે લાઈવે પર સ્ટ્રીટ લાઈટો બંધ હોવાનું એસજી હાઈવે પર લાગેલા સીસીટીવી કેમેરામાં સામે આવ્યું હતું, જે બાદ પોલીસ એક્શનમાં આવી છે.

# તા.૧૧મીએ નર્મદ યુનિવર્સિટી ખાતે મેગા જોબ ફેર યોજાશે

**સુરતઃ** સુરત મદદનીશ નિયામક રોજગાર કચેરી, તાપી જિલ્લા રોજગાર કચેરી અને વીર નર્મદ દ.ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તેમજ એન.સી.એસ. સેન્ટર ફોર એસ.સી./એસ.ટી, સુરતના સહયોગથી તા.૧૧/૦૩/૨૦૨૫ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર ભવન, વીર નર્મદ દ. ગુજરાત યુનિવર્સિટી, ઉધના મગદલ્લા રોડ, વેસુ ખાતે મેગા જોબ ફેર યોજાશે.

રોજગારવાંચ્છુ યુવાનોએ ભરતી મેળામાં ભાગ લેવા માટે https://rb.gy/y34qzz અને કંપનીઓએ ભાગ લેવા માટે https://rb.gy/ce3iue પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ભાગ લેનાર તમામ ઉમેદવારોએ બાયોડેટાની નકલ સાથે ભરતી મેળામાં હાજર રહેવું, ભરતી મેળામાં હાજર રહેનાર કંપની અને તેની ખાલી પડેલી જગ્યાઓની વધુ વિગત માટે તા.૧૦મી માર્ચના રોજ રોજગાર કચેરી, સુરતના ફેસબુક પેઝ- MCCSURA અને ટેલિગ્રામ ચેનલ- Employment Office,Sura પરથી જોઈ શકાશે એમ ઈ.ચા.મદદનીશ નિયામક (રોજગાર), સુરતની યાદીમાં જણાવાયુ છે.

# સુરતના લિંબાયત ખાતે યોજનાર વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સ્થળની મુલાકાત લેતા રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય

## પોલીસ બંદોબસ્ત, આયોજન અને પૂર્વ તૈયારીઓનો તાગ મેળવ્યા

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**
આગામી તા.૭મી માર્ચના રોજ સુરતના લિંબાયતના નિલગીરી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાના અધ્યક્ષસ્થાને યોજાનાર સુરત અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ કાર્યક્રમ સંદર્ભે રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયે લિંબાયત ખાતે સમારોહ સ્થળની મુલાકાત કરી કાયદો અને વ્યવસ્થા સંબંધિત આયોજન, પોલીસ બંદોબસ્ત તેમજ પૂર્વતૈયારીઓનો તાગ મેળવ્યો હતો. જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, ડીડીઓ શિવાની ગોયલ, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, કાર્યક્રમના નોડલ અધિકારી અને જિલ્લા પૂરવઠા અધિકારી શ્રી ડી.ડી. શાહ નિવાસી અધિક કલેક્ટર શ્રી વિજય રબારી, વરિષ્ઠ અધિકારીઓ મુલાકાતમાં સાથે જોડાયા હતા.

તેમણે સમારોહ સ્થળ નિરીક્ષણ પણ કર્યું હતું, કાર્યક્રમ સ્થળે જરૂરી સુરક્ષા વ્યવસ્થા વિષે વાકેફ થયા હતા. પોલીસ કમિશનરશ્રીએ કાર્યક્રમ સંદર્ભે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને એક્શન પ્લાનથી તેમને અવગત કર્યા હતા.રાજ્ય પોલીસ વડાશ્રીએ તમામ વ્યવસ્થાઓ સમય મર્યાદામા પૂર્ણ થાય તથા સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા વહીવટી તંત્રને જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા.

# કતારગામથી ગુમ થયેલ ગૌરવ શાહની ભાળ મળે તો જાણ કરશો

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**
કતારગામ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ કતારગામ વિસ્તારનાં રહે- બંગ્લોઝ નં.૦૮ સહયોગ સોસાયટી સુમુલ ડેરી રોડ કતારગામ સુરત (મુળવતન-નાકરાગામ તા-વિસાવદર જી-જુનાગઢ) ખાતે રહેતા ૨૮ વર્ષીય ગૌરવ યોગેશભાઈ શાહ ગુમ-અપહરણ થયેલા છે. જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉંવર્ણ છે. જેમની ઉંચાઈ ૦૫.૦૭ફૂટ છે, જેમણે શરીરે કાળા કલરની ટી શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. જેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે.

# રાજકોટ બાદ હવે પેટલાદનો કિસ્સો, જમવાનું અને કરિયાવર ન આપ્યો

પેટલાદ, તા. ૩
રાજકોટમાંથી તાજેતરમાં એક ઘટના સામે આવી હતી, જ્યાં સમૂહલગ્નના આયોજનના નામ પર આયોજકોએ વર અને કન્યાના સપના પર પાણી ફેરવી દીધા હતા. ત્યારે હવે આવો જ વધુ એક કિસ્સો આણંદના પેટલાદમાંથી સામે આવ્યો છે. જ્યાં સમૂહલગ્નના આયોજનમાં જમવાનું અને કરિયાવર ન મલતા હોબાળો થયો હતો. આખરે આ મામલે પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. એટલું જ નહીં આ કપલ્સ પાસેથી ૨૧ હજાર રુપિયા પણ લીધા હતા, જ્યારે વ્યવસ્થાના નામે કંઈ હતું નહીં.

વાત જાણે એમ છે કે, આણંદમાં જનમંગલ ચેટીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત જેએમ ગ્રુપ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં નગરપાલિકાના કોમ્યુનિટી હોલમાં ૭ કપલનો લગ્નોત્સવ યોજાયો હતો. પણ લગ્ન પ્રક્રિયા પુરી થતાં જમવાની વ્યવસ્થા ન મળતા હોબાળો થયો હતો. બાદમાં આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. હાલ પોલીસ આ કેસમાં તપાસ કરી રહી છે.

અહીં ઉલ્લેખનિય છે કે, થોડા દિવસ પહેલા આવો જ એક કિસ્સો રાજકોટમાંથી પણ સામે આવ્યો હતો. જ્યાં સમૂહ લગ્નનું આયોજન કરી આયોજકો ફરાર થઈ ગયા હતા. જેના કારણે ૨૮ કપલ રઝડી પડ્યા હતા. બાદમાં રાજકોટ પોલીસ અને અગ્રણીઓએ આગળ આવી આ કામ પાર પાડ્યું હતું. બાદમાં સરકારે આ મામલે તપાસ કરવાના આદેશ આપ્યા અને ગણતરીની કલાકોમાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

# સુરત ધ્વનિ

સિટી સમાચાર

8

મંગળવાર, ૦૪ માર્ચ-૨૦૨૫


# પૂર્વ પ્રેમીની હાજરીમાં જ યુવતીનું શંકાસ્પદ મોત

## યુવકે કહ્યું- 'હું ઘરે આવ્યો તો રૂમમાં અન્ય યુવક હાજર હતો, મને જોઈ રૂમ બંધ કરી આપઘાત કરી લીધો

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતી અને ડોમિનોઝ પીત્ઝામાં કામ કરતી યુવતીનું તેના ઘર પર જ શંકાસ્પદ મોત થતાં ચકચાર મચી છે. યુવતીનો પૂર્વ પ્રેમી તેના વાહનના કાગળ લેવા યુવતીના ઘરે પહોંચ્યો હતો ત્યારે જ કોઈ કારણસર યુવતીએ રૂમ બંધ કરી ગળાફાંસો ખાઈ લીધાનો પૂર્વ પ્રેમીએ દાવો કર્યો છે. જોકે યુવતી આત્મહત્યા કરે એ વાત તેમનાં પરિવારજનો માનવા તૈયાર નથી. મૃતકનાં પરિવારજનોએ પોલીસ પાસે ન્યાયની માગ કરી છે.

અડાજણ પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, પરિવારના આક્ષેપોના પગલે યુવતીનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક દૃષ્ટિએ આપઘાતનો જ બનાવ હોવાનું જાણવા મળ્યું છે. જોકે સેમ્પલો લઈને લેબમાં મોકલવામાં આવ્યાં છે. રિપોર્ટ આવ્યા બાદ વધુ માહિતી સામે આવશે. આ સાથે જ આ ઘટના સમયે જે યુવક હાજર હતો તેનું પણ નિવેદન નોંધવામાં આવ્યું છે. હાલ વધુ તપાસ ચાલી રહી છે.

મૂળ ભરૂચની યુવતી સુરતમાં રહેતી હતી

મળતી માહિતી અનુસાર, મૂળ ભરૂચની વતની અને હાલ અડાજણ વિસ્તારમાં રહેતી ૩૧ વર્ષીય સીમા( નામ બદલ્યું છે) અને તેની બહેનપણી સાથે રહેતી હતી. સીમા ડોમિનોઝ પીત્ઝામાં પીત્ઝા બનાવવાનું કામ કરી વતનમાં રહેતાં માતા-પિતા સહિતના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી.

રવિવારે( ૨ માર્ચે) બપોરે સીમાનો પૂર્વ પ્રેમી વસીમ શેખ સીમાને બેભાન હાલતમાં નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યો હતો, જયાં ફરજ પરના તબીબે તપાસી સીમાને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે સ્થાનિક અડાજણ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે સિવિલ ખાતે આવી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ હાથ ધરી છે.

### સીમાએ શા માટે આપઘાત કર્યો એની મને ખબર નથી: વસીમ

તેણે વધુમાં જણાવ્યું હતું કે ગતરોજ બપોરના સમયે આ ડોક્યુમેન્ટ લેવા માટે મેં તેને કોલ કર્યો હતો. જોકે તેણે કોલ રિસીવ કર્યો નહોતો, પણ વાતચીત થઈ ગઈ હોવાથી હું તેના ઘરે પહોંચ્યો હતો. સીમાના ઘરે પહોંચ્યો ત્યારે તેની બહેનપણી ઘરમાંથી બહાર નીકળી રહી હતી. જેથી હું તેના ઘરમાં પ્રવેશ્યો હતો અને તેના રૂમનો દરવાજો ખખડાવતાં દરવાજો ખોલ્યો હતો. દરમિયાન એક યુવક પણ ત્યાં હાજર હતો. જે મને ધક્કો મારીને ભાગી ગયો હતો. બાદમાં સીમા એકદમ ગભરાઈ ગઈ હતી અને મને રૂમની બહાર કાઢીને તેણે રૂમ લોક કરી દીધો હતો. ૨૫થી ૩૦ મિનિટ સુધી દરવાજો ખટખટાવા છતાં પણ તેણે ખોલ્યો નહોતો. હું એકલો જ હતો અને ગભરાઈ ગયો હતો, તેથી દરવાજો તોડી અંદર પહોંચતાં સીમા પંખા સાથે દોરી બાંધીને લટકતી હાલતમાં મળી આવી હતી. ત્યાર બાદ તાત્કાલિક તેને નીચે ઉતારીને સિવિલ હોસ્પિટલ રિક્ષામાં લઈને આવ્યો હતો. જોકે તેને તબીબે મૃત જાહેર કરી હતી. ત્યાર બાદ મેં તેના ભાઈ-ભાભી ને પણ કોલ કર્યો હતો એ દરમિયાન પોલીસ પણ આવી ગઈ હતી અને તેઓ પણ આવી ગયાં હતાં.



એકબીજાના ખભે હાથ રાખી ડાન્સ કરતા જોવા મળ્યા

# ધારાસભ્ય ચૈતર વસાવાએ બુટલેગર સાથે માર્યા ઠુમકા

## વીડિયો વાયરલ થવાનું કારણે એવું સામે આવ્યું છે કે, એએપી ધારાસભ્ય બુટલેગર સાથે ડાન્સ કરીને રહ્યાં છે

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

સોશિયલ મીડિયામાં અત્યારે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેને લઈને રાજકારણ ગરમાયું હોવાનું સામે આવ્યું છે. વીડિયોમાં એવું છે કે, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા એક વ્યક્તિ સાથે ટિમલી ડાન્સ કરી રહ્યાં છે. જો કે, પ્રશ્ન એ નથી તે તેઓ ટિમલી ડાન્સ કરી રહ્યાં છે, પરંતુ વીડિયો વાયરલ થવાનું કારણે એવું સામે આવ્યું છે કે, તેઓ બુટલેગર સાથે ડાન્સ કરીને રહ્યાં છે. વીડિયો સોશિયલ મીડિયામાં પર વાયરલ થતાં ચૈતર વસાવા એ સ્પષ્ટતા પણ કરવી પડી હતી.સુરતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સાથી મિત્રના બહેનના લગ્ન હતા, તેમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી. અને જમણવાર કર્યા બાદ દુલ્હને ધારાસભ્ય ચૈતર વસાવાને સાથે નાચવા માટે બોલાવ્યા અને ધારાસભ્ય ચૈતર વસાવા તમામ પોતાના મિત્રો સાથે લગ્નમાં નાચી રહ્યા હતા. આ દરમિયાન ચૈતર વસાવાની બાજુમાં ખભે હાથ મૂકી નાચી રહેલ બુટલેગર સુરતના કામરેજ પંથકનો બુટલેગર બુધો ઉર્ફે બુધિયો હોવાનું જાણવા મળ્યું હતું. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને બુટલેગર નાચી રહેલ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેના પગલે ચૈતર વસાવા એ સ્પષ્ટતા પણ કરવી પડી હતી.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સાથે ડાન્સ કરતો કોસંબાનો બુધો ઉર્ફે બુધિયો હોવાનું સામે આવ્યું છે. એક બુટલેગર સાથે ડાન્સને લઈ ધારાસભ્ય ચૈતર વસાવા સામે અનેક સવાલો થઈ રહ્યાં છે. ચૈતર વસાવાના બુટલેગર સાથેના વાયરલ વીડિયો અંગે સ્પષ્ટતા સામે આવી છે. જેમાં ચૈતર વસાવાએ જણાવ્યું છે કે દારુના વ્યવસાયમાં જોડાયેલા લોકોનું સમર્થન નથી કરતો. અનેક લોકો સાથે નાચવા આવતા હતા, દરેકથી પરિચય નથી. અને અગાઉ અમે ક્યારેય મળ્યા પણ નથી. લગ્નમાં મોટી સંખ્યામાં લોકો હોવાથી આવા કોઈ વ્યક્તિ અમારી સાથે નાચવા લાગ્યા પરંતુ એ વ્યક્તિ કોણ છે તેનાથી અમે તદ્દનના અજાણ હતા. અમે હંમેશા દારૂબંધીના મુદ્દા ઉઠાવ્યા છે અને દારૂનો ધંધો કરનાર તમામ લોકોનો વિરોધ કર્યો છે.



અંગદાન એ મહાદાન

# ૬૯ વર્ષીય વૃદ્ધ બ્રેઇનડેડ થતા લીવર, કીડની, હાથ અને ચક્ષુના દાન દ્વારા છ લોકોને જીવનદાન

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

ટેક્સ્ટાઈલ અને ડાયમંડ સિટી હવે ઓર્ગન ડોનર સીટી તરીકે ખ્યાતિ પામી રહ્યું છે. પટેલ સમાજના ચાંગાણી પરિવારના વૃદ્ધના લીવર, બંને કીડની, એક હાથ અને બંને ચક્ષુના દાન દ્વારા છ લોકોને જીવનદાન મળ્યું હતું. હાથનું ફરીદાબાદ ખાતે દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, સુરત દ્વારા આજ રોજ ૨૦મું અંગદાન કરાવવામાં આવ્યું હતું.

મૂળ જામનગરમાં હરસદપુર ગામના વતની અને હાલમાં પાસોદરા પાટીયા ખાતે સુરભી ધ રીયલ ખાતે રહેતા ૬૯ વર્ષીય રણછોડભાઈ મનજીભાઈ ચાંગણી ગત ૨૮મી ફેબ્રુઆરીના રોજ મોડી રાતે ઘરમાં ઉલ્ટીના ઉબકા શરૂ થયા હતા. બાદમાં તેની તબિયત વધુ બગડતા સારવાર માટે પરિવારજનો ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ૧ માર્ચના રોજ ડોકટરોની ટીમે તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. આ અંગે જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનની ટીમને જાણ થતા પી.એમ. ગોંડલીયા, વિપુલ, તળાવિયા, ડો. નિલેશ કાછડીયા હોસ્પિટલ ખાતે પહોચીને તેમના પરિવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતા સમંતિ આપી હતી.બંને કિડની અને લીવર, અમદાવાદની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે. આ સાથે ફરીદાબાદ ખાનગી હોસ્પિટલમાં એક હાથનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જયારે તેની ચક્ષુ લોકદ્રષ્ટી ચક્ષુ બેન્કે સ્વીકારી હતી. જયારે રણછોડની પત્ની વિજયાબેન, તેમને સંતાનમાં પુત્ર અલ્પેશભાઈ, પુત્રવધુ જ્યોત્સનાબેન, પૌત્ર ફેનીલ બીસીએમાં અભ્યાસ કરે છે. તેમનો નાનો પુત્ર હર્ષદ છે.

# ઉત્તર ભારતમાં હિમવર્ષા થતા સુરતના તાપમાનમાં ઘટાડો

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

વિતેલા બે દિવસથી ગરમીનું પ્રમાણ ઘટ્યું છે. શનિવારે બપોરના સમયે મહત્તમ તાપમાન ૩૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. જે ગઇકાલે ઘટીને ૩૩.૮ સેલ્સિયસ ડિગ્રી રહ્યું હતું. આજે બપોરના સમયે પણ મહત્તમ તાપમાનનો પારો ૩૩ સેલ્સિયસ ડિગ્રી સુધી નોંધાયું હતું. પરિણામે અકળાવતી ગરમીથી થોડી રાહત રહી હતી. ''ઉનાળાની શરૂઆત થઇ ચુકી છે ત્યારે શહેરમાં મહત્તમ તાપમાન ઉંચે જઇ રહ્યું છે જોકે વિતેલા બે દિવસમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. શનિવારે મહત્તમ તાપમાનનો પારો ૩૬ ડિગ્રીને આંબી ગયો હતો ત્યારે ગઇકાલે તાપમાન ઘટ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા નોંધાવા સાથે હવાનું દબાણ ૧૦૧૩.૭ મિલીબાર રહ્યું હતું. જ્યારે ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૩ કિ.મીની ઝડપે પવન ફુંકાયો હતો. આજે બપોરે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી રહ્યું હતું. જેથી ગરમી અને ઉકળાટથી થોડી રાહત રહી હતી. ''અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરીય પહાડી પ્રદેશોમાં વિતેલા દિવસોમાં હીમ વર્ષા થવાને કારણે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે જેની અસર ગુજરાત સહિતના રાજ્યો ઉપર જોવા મળી રહી છે.

## અડધું પેપર લખ્યું ને તબિયત ખરાબ થઈ

# સુરત શહેરમાં બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીનીની તબિયત લથડી

### ૧૦૮ એમ્બ્યુલન્સે હોસ્પિટલ પહોંચાડતા સમયસર સારવાર મળી



**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

સુરતમાં આજે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થીનીની તબિયત અચાનક ખરાબ થતા સ્કૂલમાં દોડધામ થઈ ગઈ હતી. આ મામલે સ્કૂલ દ્વારા તાત્કાલિક ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ગણતરીની મિનિટોમાં સ્કૂલ પહોંચેલી વિદ્યાર્થીનીને ઓક્સિજન સપોર્ટ સાથે હોસ્પિટલ ખસેડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીનીને છાતીમાં દુખાવો થતો હતો અને અડધું જ પેપર હજુ લખી શકી હતી.મળતી માહિતી પ્રમાણે, અલથાણ વિસ્તાર આવેલી શ્રી સત્ય સાંઈ સ્કૂલમાં આજે ધો.-૧૦ બોર્ડની પરીક્ષા ચાલી રહી હતી. ત્યારે ધોરણ ૧૦માં અભ્યાસ કરતી પૂજાબેન રાજપૂત નામની વિદ્યાર્થીનીની તબિયત અચાનક લથડી હતી. પૂજાબેનને છાતી અને કમરમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ શાળા સંચાલકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કર્યો હતો. સુરત નવજીવન લોકેશનના પાયલોટ કરણભાઈ ચોટાલા અને ઈસ્વાત્સલતા બેન ડામોર ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.સુરત ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસના ટેરેટરી ઈન્ચાર્જ રોશન દેસાઈએ જણાવ્યું હતું કે, એમ્બ્યુલન્સ સ્ટાફે પૂજાબેનને તપાસ્યા બાદ તેમને તાત્કાલિક ઓક્સિજન સપોર્ટ પર લીધા હતા. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે ભટાર રોડ ખાતે આવેલી અમૃતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પૂજાબેનની તબિયત હાલમાં સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. વિદ્યાર્થીની અડધું જ પેપર લખી શકી હતી. આ ઘટનાએ વિદ્યાર્થીઓમાં થોડીવાર માટે ગભરાટ ફેલાવી દીધો હતો, પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સની ત્વરિત કાર્યવાહીથી વિદ્યાર્થીનીને સમયસર સારવાર મળી શકી હતી.

## ધમકી આપી બેંગ્લોર લઈ ગયો

# સુરતના કાપોદ્રામાં લગનની લાલચ આપી પતિના મિત્રે પરિણીતા પર બળાત્કાર ગુજાર્યો

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

સુરતના કાપોદ્રા વિસ્તારમાં પતિના મિત્રએ પરિણીતાને અવારનવાર લગ્ન કરવાની લાલચ આપી શારીરિક સંબંધો બાંધ્યા હતા. તેણીની સાથે ફોટાઓ પાડી વાયરલ કરવાની ધમકી આપી બેંગ્લોર ખાતે લઈ ગયો હતો. જ્યાં પણ પરિણીતા સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી બાદમાં પરિણીતાને પિયરમાં મૂકીને ફરાર થઈ ગયો હતો. જેથી, ભોગ બનનાર પરિણીતાએ આ મામલે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ કાપોદ્રા વિસ્તારમાં રહેતા યુવાનને નરેન્દ્ર વલ્લભભાઈ ખુંટ (રહે, સારથી રો હાઉસ સરથાણા જકાતનાકા) સાથે કામ કરતા હોવાથી બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. જેથી, અવારનવાર નરેન્દ્રભાઈ યુવકના ઘરે બેસવા માટે આવતો હતો. આ દરમિયાન નરેન્દ્રએ મિત્રની પત્ની પર દાનત બગાડી હતી. શરૂઆતમાં તેની સાથે ઘરમાં વાતચીત કર્યા બાદ મિત્રની ગેરહાજરીમાં ઘરે આવી પરિણીતાને તેની સાથે લગ્ન કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ અવારનવાર તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા.

પરિણીતા સાથે ફોટાઓ પાડી તેને વાયરલ કરવાની ધમકી આપી, નરેન્દ્ર બેંગ્લોર ખાતે પણ રહી ગયો હતો. જ્યાં પણ તેની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી સમય પસાર કર્યો હતો. જોકે, બાદમાં નરેન્દ્ર એ લગ્ન નહીં કરી પરિણીતાને પિયરમાં મૂકીને ભાગી ગયો હતો. બાદમાં પરિણીતાને પોતાની સાથે ખોટું થયાનો અહેસાસ થતાં તેઓએ કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લગ્નનું પ્રલોભન આપી કાપોદ્રા અને બેંગ્લોરમાં યુવતી પર બળાત્કાર

## અંગત પળોનો વિડીયો ઉતારી યુવક યુવતીને બ્લેકમેઇલ પણ કરતો હતો

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

કાપોદ્રા વિસ્તારમાં એક યુવાને યુવતીને એક વર્ષ પહેલા પ્રેમ જાળમાં ફસાવી તેણીને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. એકાંતની પળોના ફોટા પણ યુવાને પાડી લીધા હતા તેમજ બેંગ્લોર લઈ જઈને પણ યુવતી સાથે શરીર સંબંધ રાખ્યા હતા. ત્યારબાદ લગ્ન નહીં કરી યુવતીને તેના ઘરે મુકી યુવાન જતો રહ્યો હોવાની ફરીયાદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. ''પ્રાપ્ત વિગત અનુસાર સરથાણા જકાતનાકા સારથી રો-હાઉસમાં રહેતા નરેન્દ્ર વલ્લભભાઇ ખુંટે એક યુવતી સાથે સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ યુવતીને લગ્નની લાલચ આપીને તેણી સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. અંગત પળોના ફોટા પાડી તેને વાયરલ કરવાની ધમકી આપીને નરેન્દ્ર ખુંટ યુવતીને બેંગ્લોર લઇ ગયો હતો જ્યાં પણ યુવતી ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. યુવતીને તેના પિયરમાં મુકી નરેન્દ્ર ખુંટ જતો રહ્યો હોય આ મામલે ગઈકાલે સાંજે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.''

# બાઇક ચાલક યુવકે અચાનક બ્રેક મારતા અકસ્માત સર્જાયો

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

ભગવતી નગર બીઆરટીએસ બસ સ્ટેન્ડની આગળ રોડ રોડ ક્રોસ કરતી મહિલાને બચાવવા ભરૂચના બાઈક ચાલક યુવકે અચાનક બ્રેક મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકનું ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યું હતું.ડીંડોલી નીલગીરી નજીક ગણેશ નગર બે માં રહેતા રતન ભગવાન સાત પૂરે સીટી બસના ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. સીટી બસના ડ્રાઈવર રતન સાતપૂરેએ ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા જણાવ્યું હતું કે તેઓ કોસાડ થી સચિન તરફ બીઆરટીએસ રૂટ ઉપર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ભેસ્તાન ભગવતીનગર બીઆરટીએસ બસ સ્ટોપ ઉપર બસ ઉભી રાખી હતી અને ત્યારબાદ ધીમે ધીમે આગળ જઈ રહ્યો હતો તે દરમિયાન એક મહિલા બસની આગળથી રસ્તો ક્રોસ કરતા બસ ડ્રાઈવર રતને બસ રોકી દીધી હતી ત્યારબાદ એક બાઈક ચાલક પાછળથી આવી રહ્યો હતો. આ બાઈક ચાલકે બસના ઓવરટેક કરી રોડ ક્રોસ કરતી મહિલાને જોઈ તેને બચાવવા અચાનક બ્રેક મારતા તે બાઈક પરથી પડ્યો હતો. બાઈક ચાલકને ગંભીર ઈજા પહોંચતા તે બેભાન થઈ ગયો હતો. તાત્કાલિક ૧૦૮ મારફતે બાઈક ચાલકને હોસ્પિટલ ખસેડતા તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતકનું નામ ઈમ્તિયાઝ વલી ખાન પઠાણ હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક ભરૂચ રતનતળાવ વાંસકુઈ ચાલમાં રહેતો હોવાનું પણ જાણવા મળ્યું હતું''


## સુરત ધ્વનિ

**આપના સામાજિક, ધાર્મિક પ્રસંગોની પ્રેસનોટ, જાહેરાત સુરત ધ્વનિ અખબારમાં પ્રકાશિત કરાવવા માટે સંપર્ક કરો**

WWW.FACEBOOK.COM/SURAT DHVANI

Email : suratdhvani@gmail.com

સંપર્ક નંબર

98792 92977


# ૧૭ વર્ષીય તરુણને સિવિલમાં યોગ્ય સારવાર નહી આપતા મોતના આક્ષેપ

**પરિવારના હોબાળા પગલે સ્ટાફ દ્વારા સિનિયર ડોક્ટરો અનેસિક્યુરિટી સુપરવાઇઝરને જાણ કરાઈ**

**(સુરત ધ્વનિ) સુરત,તા.૩**

સુરતના પાંડેસરામાં તબિયત લથડતા સુરત સિવિલમાં દાખલ કરાયેલા ૧૭ વર્ષીય તરુણનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જોકે, નવી સિવિલમાં ડોક્ટરે તેને યોગ્ય સારવાર નહી આપતા મોતને ભેંટયો હોવાના આક્ષેપ તેના પરિવારે કર્યા હતા. આ સાથે વોર્ડ પાસે હોબાળો મચી ગયો હતો.

મળતી માહિતી પ્રમાણે પાંડેસરા વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય જન્તુ કુમાર પાસવાનને ગત તા. ૨૮મી રાતે ટાઈફોડની અસર થતા સારવાર માટે તેના પરિવારજનો સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા. ત્યાં તેને કિડની બિલ્ડીગના પાંચમાં માળે વોર્ડમાં દાખલ કરી તેના જરૂરી રિપોર્ટ કરાવતા પ્લેટલેટના કણો ઓછા અને એસિડનું પ્રમાણ વધારે હતુ. આ સાથે કિડની પર અસર થઈ ગયું હોવાની ખબર પડી હોવાનું ડોક્ટરે કહ્યું હતું. જોકે, ગઈકાલે રાત્રે તેની તબિયત વધુ બગાડતા વોર્ડમાં જ વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યો હતો. ત્યાં આજે સવારે તેનું મોત થયું હતું. જેના લીધે વોર્ડ પાસે તેના સંબંધી અને પરિવારજનોમાં ભારે રોષ જોવા મળતા હોબાળો મચી જવા પામ્યો હતો.

પરિવારના હોબાળા પગલે સ્ટાફ દ્વારા સિનિયર ડોક્ટરો અનેસિક્યુરિટી સુપરવાઈઝરને જાણ કરતા સિક્યુરિટી અને ડોક્ટર ત્યાં દોડી આવ્યા હતા. ત્યારબાદ જન્તુકુમારના બનેવીએ કહ્યું હતું કે, ત્યાંના ડોક્ટર યોગ્ય અને જરૂરી સારવાર નહીં આપતા હાલત ગંભીર થઇ હતી. જેના લીધે તેનું મોત થયું હોવાના આક્ષેપ કર્યા હતા.


OWNER , PUBLISHER, PRINTER & EDITOR: MEHUL ASHOKBHAI SOLANKI, PRINTED AT TAPTILOK , 152, 153, SHRI RAM INDUSTRIAL ESTATE, MOJE: BHEDWAR, PANDESARA, SURAT (GUJARAT), PUBLICATION PLACE: PLOT NO. 6/A, HANUMAN MOHALLO, UDHANA YARD, SURAT- 394210 ( SUBJECT TO SURAT JURISDICTION)